દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 144 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ સુદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 June 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૧૯ જૂન ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


મેટિની પૂર્તિ ૫ ૬ ૭


LIKE & FOLLOW: /Mumbaisamachar4u








the ultimate OLD GOLD UPGRADE
TODAY'S GOLD RATE
₹ 13,599/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


# અમેરિકા-ઈરાન વચ્ચે આખરે એમઓયુ

## બંને દેશના પ્રમુખોએ ડિજિટલી સહીસિક્કા કર્યાની પાકિસ્તાનની જાહેરાત

ઇસ્લામાબાદઃ પાકિસ્તાને ગુરુવારે જાહેરાત કરી કે અમેરિકા અને ઇરાને એક શાંતિ સમજૂતી પર ડિજિટલી હસ્તાક્ષર કર્યા છે, જેનાથી હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાનો માર્ગ મોકળો થયો છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું કે બંને સરકારોના ટોચના નેતૃત્વ દ્વારા કરાર પર હસ્તાક્ષર કરવાથી સંઘર્ષના રાજદ્વારી ઉકેલ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા પ્રતિબિંબિત થાય છે.

શરીફે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર કહ્યું હતું કે ‘‘મને જાહેરાત કરતા ગર્વ થાય છે કે અમેરિકા અને ઈરાન વચ્ચેના ઐતિહાસિક ‘ઇસ્લામાબાદ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ’ (એમઓયુ) પર આજે ડિજિટલી હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, તેમણે કહ્યું હતું કે આ ડિજિટલ હસ્તાક્ષરો શુક્રવારે જિનેવામાં યોજાનાર ઔપચારિક હસ્તાક્ષર સમારોહ માટે માર્ગ મોકળો થયો છે જેનું આયોજન પાકિસ્તાન અને કતાર સંયુક્ત રીતે કરશે. રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે ઇરાન (જુઓ પાનું ૪) ▶▶

# ઈપીએફ પર મળશે ૮.૨૫ ટકા વ્યાજ

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઍમ્પલોઇસ પ્રોવિડન્ટ ફંડ (ઈપીએફ)ની રકમ પર ૮.૨૫ ટકા વ્યાજદરને સરકારે મંજૂરી આપી છે. ઇપીએફના સાત કરોડ જેટલા લાભાર્થીઓના પીએફ અકાઉન્ટમાં જૂન મહિનાના અંત સુધીમાં આ રકમ જમા કરી દેવામાં આવે એવી શક્યતા છે.

નાણાં ખાતા મારફતે સરકાર મંજૂરી આપે ત્યાર બાદ એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઇપીએફઓ) ઈપીએફની રકમ પરનો વ્યાજદર જાહેર કરે છે.

નિર્ણય લેતી ઇપીએફઓની સર્વોચ્ચ સંસ્થા સેન્ટ્રલ બૉર્ડ ઑફ ટ્રસ્ટીસ (સીબીટી)એ ઇપીએફની રકમ પર નક્કી કરેલા ૮.૨૫ ટકા વ્યાજદર માટે નાણાં ખાતાએ (જુઓ પાનું ૪) ▶▶

### એલપીજી, પેટ્રોલ-ડીઝલના ભાવ હવે ઘટશે?

# સારા સમાચારઃ એલપીજી, ક્રૂડના ૪0 જહાજ હોર્મુઝથી ભારત ભણી રવાના

નવી દિલ્હી : ભારત માટે એક સારા સમાચાર એ છે કે ગઈ કાલે એલપીજી અને ક્રૂડ ઑઇલ સાથેના ૪૦ જેટલાં જહાજ હોર્મુઝની ખાડી પસાર કરીને ભારત ભણી આવવા માટે રવાના થયા હતા. હવે આને કારણે એક તો એલપીજીની જે અછત છે એ ટૂંકમાં જ દૂર થશે અને રાંધણગેસ તથા પેટ્રોલ-ડીઝલનાં (જુઓ પાનું ૪) ▶▶






# એકનાથ શિંદેનું ઑપરેશન ટાઇગર સફળ, છ સાંસદના ઉદ્ધવને રામ-રામ

### છએ છ સાંસદને વાય-પ્લસ શ્રેણીની સુરક્ષા અપાઈઃ ઉશ્કેરાયેલા રાઉત બોલ્યા હવે ‘ઑપરેશન તોડો’

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ નવી દિલ્હીમાં બુધવારથી ચાલુ થયેલું શિવસેના (યુબીટી)ના સાંસદોનું નાટક ગુરુવારે પણ ચાલુ જ રહ્યું હતું અને શિવસેના (યુબીટી)ની સંસદીય પક્ષની વ્હીપ સાથેની મીટિંગમાં નવ લોકસભા સાંસદોમાંથી માત્ર ત્રણ સાંસદે હાજરી આપી હતી અને છ સાંસદો ગેરહાજર રહ્યા હતા. જેના પરથી એવા સંકેત મળે છે કે એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની સત્તાધારી શિવસેના દ્વારા હાથ ધરવામાં આવેલું ઓપરેશન ટાઈગર સફળ થયું છે અને હવે ઔપચારિક ક્રોસઓવર ફક્ત સમયની વાત હોઈ શકે છે. પાર્ટીના એકમાત્ર રાજ્યસભા (જુઓ પાનું ૪) ▶▶




મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નીટ પેપર લીકઃ હતાશ વિદ્યાર્થીઓની 'મન કી બાત' કોણ સમજશે?

**દેશભરની** મેડિકલ કોલેજોમાં એમબીબીએસ સહિતના અંડર ગ્રેજ્યુએટ કોર્સીસ માટે લેવાતી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (નીટ) નું પેપર ફરી લેવા આડે ગણીને ત્રણ દિવસ બચ્યા છે ત્યારે નીટ આપનારા વિદ્યાર્થીઓના આપઘાતની ઘટનાઓમાં તેજી આવી છે. આમ તો ૧૨ મેના રોજ નીટનું પેપર ફૂટી જતાં પરીક્ષા રદ કરી નંખાઈ ત્યારથી જ હતાશ વિદ્યાર્થીઓના આપઘાતના સિલસિલો શરૂ થઈ ગયેલો પણ છેલ્લા ત્રણ દિવસમાં ચાર વિદ્યાર્થીએ આપઘાત કર્યો તેના પરથી તેના પરથી સ્પષ્ટ છે કે, નીટના ખપ્પરમાં વિદ્યાર્થીઓના હોમાવાની ઘટનાઓ વધી છે. પેપર ફૂટ્યુ પછી અત્યાર સુધીમાં કુલ ૧૭ વિદ્યાર્થીએ આપઘાત કર્યો હોવાના રિપોર્ટ છે ને તેમાંથી ચાર આપઘાત ત્રણ દિવસમાં જ થયા છે એ મોટી વાત છે.

આ કમનસીબ સિલસિલામાં સોમવારે અને મંગળવારે નીટ આપનારા એક-એક આશાસ્પદ વિદ્યાર્થીએ આપઘાત કરી લીધેલો. ૧૬ જૂને લખનઊમાં ૧૭ વર્ષીય વિદ્યાર્થિની શિવાનીએ આપઘાત કરી લીધેલો જ્યારે દેહરાદૂનમાં રિયા થાપા નામની ૨૩ વર્ષની છોકરીએ આત્મહત્યા કરીને જીવન ટૂંકાવી લીધું હતું. આ બે આપઘાતનો આઘાત આઘાત શમે એ પહેલાં બુધવારે વધુ બે વિદ્યાર્થીએ આપઘાત કરતાં છેલ્લા ત્રણ દિવસમાં ચાર વિદ્યાર્થીઓના આપઘાતની ગોઝારી ઘટનાઓ બની છે.

બુધવારે તમિલનાડુના કોઈમ્બતુરમાં નીટની તૈયારી કરી રહેલા ૧૯ વર્ષીય વિદ્યાર્થી અનુકીર્તનાએ ઝેર પીને આત્મહત્યા કરી લીધી જ્યારે અમદાવાદમાં ૧૭ વર્ષીય વિદ્યાર્થી કહાન પટેલે ન્યૂ રાણીપ વિસ્તારમાં આનંદમ ફ્લેટ્સના બ્લોક 'ઇ' ના છઠ્ઠા માળેથી કૂદીને જીવનનો અંત લાવી દીધો. પોલીસે સત્તાવાર રીતે ચારેય ઘટનામાં મોતના કારણની તપાસ ચાલુ છે એવો સાવ સરકારી જવાબ આપી દીધો છે પણ ચારેય વિદ્યાર્થી નીટની પરીક્ષાની તૈયારી કરતાં હતાં એ યોગાનુયોગ નથી જ. તેમના પરિવારોએ પણ નીટના દબાણના કારણે જ આપઘાત કર્યો હોવાનું કહ્યું છે તેથી પોલીસના સરકારી જવાબ ઢાંકપિછોડો કરવાથી વધારે કંઈ નથી.

આપઘાત વખાણવા લાયક ઘટના નથી. કોઈ વ્યક્તિ જીવનમાં લડવાના બદલે જિંદગીનો જ ત્યાગ કરવાનું નક્કી કરે એ કાયરતા જ કહેવાય તેથી આ ચાર વિદ્યાર્થીએ કરેલા કૃત્યનો બચાવ થઈ શકે તેમ નથી પણ મુદ્દો તેમણે બતાવેલી કાયરતાનો નહીં પણ તેમને આપઘાત માટે મજબૂર કરનારા સંજોગોનો છે. આપઘાત કરનારા ચારેય વિદ્યાર્થી સામાન્ય પરિવારના હતા અને જીવનમાં ભારે સંઘર્ષ કરીને ડૉક્ટર બનવાનાં સપનાં સાકાર કરવા માટે મથતા હતા. અનુકીર્તનાએ ગયા વરસે નીટની પાસ કરીને ડેન્ટલમાં એડમિશન લીધેલું પણ તેની ઈચ્છા એમબીબીએસ કરીને ડોક્ટર બનવાની હતી તેથી ફરી પરીક્ષા આપવા માગતી હતી પણ પહેલી વારમાં પેપર ફૂટી ગયું તેથી હતાશ થઈ ગયેલી. દેહરાદૂનની રિયા તો ટ્યુશન કરીને કોચિંગ અને પુસ્તકોનો ખર્ચ જાતે જ ઉઠાવતી હતી. કહાન પટેલ સિંગલ મધરનો પુત્ર છે ને તેની માતા મહેનત કરીને માંડ માંડ ભણાવતી હતી.

આ બધા વિદ્યાર્થી પોતાના સંજોગોને સ્વીકારીને તેમને બદલવા માટે મહેનત કરી રહ્યાં હતાં. આ મહેનતના કારણે પોતે નીટમાં પાસ થઈને મેડિકલમાં એડમિશન લઈને પોતાનું ને પોતાના પરિવારનું ભાગ્ય બદલી શકશે એવું તેમને લાગતું હતું પણ નીટનું પેપર ફૂટ્યું તેમાં તેમનું ભ્રમનિરસન થઈ ગયું. નીટ જેવી પરીક્ષામાં પણ મહેનત કરનારા નહીં પણ પેપર ફોડવાનો શોર્ટ કટ અપનાવનારા ફાવી જાય છે એ કડવી વાસ્તવિકતા પચાવવાનો પ્રયત્ન કરી જોયો પણ તેમાં સફળતા ના મળતાં છેવટે જીવ આપીને જિંદગીનો જંગ જ છોડી દીધો.

આઘાતજનક વાત એ છે કે, જે લોકો નીટની પરીક્ષા આપવા માટે મહેનત કરીને ઝઝૂમી રહ્યા હતા એ જીવન છોડી રહ્યા છે જ્યારે જેમની પેપર ફૂટી ગયું તેની નૈતિક જવાબદારી છે એ નમૂના સત્તા પણ નથી છોડી રહ્યા. નીટનું પેપર ફૂટી ગયું તેની સૌથી પહેલી નૈતિક જવાબદારી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની છે પણ ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપી દે એવી અપેક્ષા ના રખાય. રાજકીય કારણોસર ભલે શિક્ષણ મંત્રીનું રાજીનામું માગવામાં આવતું હોય પણ આ કારણસર રાજીનામું ના જ મંગાય કેમ કે કેન્દ્રીય શિક્ષણ મંત્રી બધું ધ્યાન ના રાખી શકે પણ જે લોકોની જવાબદારી ધ્યાન રાખવાની છે તેમને તો સજા કરી શકે કે નહીં ? પેપર ફૂટ્યું એ પછી થોડા નાના નાના લોકોને પકડીને જેલભેગા કરી દેવાયા છે પણ ખરી જરૂર તેમને મદદ કરનારાં મગરમચ્છોને સજા કરાવવાની છે.

ધર્મેન્દ્ર પ્રધાન એ નૈતિક જવાબદારી નિભાવી નથી શક્યા ને છતાં બેશરમીથી હોદ્દા પર ચીટકી રહ્યા છે. નીટ કોઈ પણ પ્રકારની ગરબડ વિના લેવાય એ જોવાની જવાબદારી નેશનલ ટેસ્ટિંગ એજન્સીની છે પણ એજન્સીના કારભારી આ ફરજ ના નિભાવી શક્યા. આ સંજોગોમાં પ્રધાને બધાંને લાત મારીને તગેડી મૂકવાના હોય ને એજન્સીમાં સાફસૂફી કરી નાંખવાની હોય. આ સાફસૂફી અનિવાર્ય છે કેમ કે છેલ્લાં ત્રણ દિવસમાં બે વાર નીટનું પેપર ફૂટ્યું છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી એ રીતે સાવ નિષ્ફળ ગઈ છે છતાં તેમાં બેઠેલા લોકોને પ્રધાન છાવરી રહ્યા છે એ આઘાતજનક છે. પ્રધાનની આ હરકત સામે ભાજપની નેતાગીરી ચૂપ છે ને સરકારમાં બેઠેલા લોકો પણ ચૂપ છે. નીટનું પેપર ફૂટ્યુ તેના કારણે પેદા થયેલી હતાશા વખતે જ નેતાઓ વિદ્યાર્થીઓની વચ્ચે ગયા હોત, તેમને સાંત્વન આપ્યું હોત તો આ આપઘાતની ઘટનાઓ પણ કદાચ ના બની હોત. સરકાર પરીક્ષા પહેલાં શું કરવું એ માટે જ્ઞાનનો ધોધ વહાવી દે છે, પરીક્ષા પે ચર્ચાઓ થાય છે પણ પેપર ફૂટી ગયું પછી હોંશિયાર વિદ્યાર્થીઓની મન કી બાત સમજવા કોઈએ પ્રયત્ન ના કર્યો.

બીજી આઘાતજનક વાત એ છે કે, નીટનું પેપર ફૂટી ગયું પછી હતાશ વિદ્યાર્થીઓ આપઘાત કરી રહ્યા છે પણ તેમના માટે કોઈ આંસુ સારી નથી રહ્યું. કોઈ અકસ્માત થાય ને પાંચ-સાત લોકો મરી જાય તો પણ તેની પાછળ આંસુ સારવા માટે નેતાઓની લાઈન લાગી જાય છે. સોશ્યલ મીડિયા મારફતે તરત શ્રદ્ધાંજલિઓ આપી દેવાય છે, વળતરની જાહેરાતો થઈ જાય છે, સહાનુભૂતિઓ બતાવાય છે ને મૃતકોના પરિવારોને મળવા પણ નેતાઓ પહોંચી જાય છે. અહીં દેશના આશાસ્પદ લોકો આપઘાત કરી રહ્યા છે પણ તેમના માટે આંસુ સારવાનો કોઈને સમય નથી.

કમનસીબી એ છે કે, પ્રજા પણ આ બધાથી નિર્લિપ્ત બનીને કંઈ ના બન્યું હોય એ રીતે વર્તી રહી છે. ૧૭-૧૮ વર્ષના છોકરા-છોકરી આપઘાત કરી લે ને છતાં આપણું લોહી ના ઉકળે તો સમજવું કે, આપણી નસોમાં લોહી નહીં પણ પાણી વહી રહ્યું છે. ભારતમાં અત્યારે એ જ હાલત છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મ ઋતુ,
શુક્રવાર, તા. ૧૯-૬-૨૦૨૬

- ભારતીય દિનાંક ૨૯, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ સુદ -૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧લો હોરમઝદ માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૪થો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૧૦-૦૬ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં સવારે ક. ૧૦-૦૬ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતી : બપોરે ક. ૧૫-૧૯, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૯ (તા. ૨૦)
- ઓટઃ સવારે ક. ૦૮-૪૦, રાત્રે ક. ૨૧-૫૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુક્લ -પંચમી. મહાદેવ વિવાહ (ઓરિસ્સા). સૂર્ય મહાનક્ષત્ર, મૃગશીર્ષ વાહન, દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સવારે ક. ૧૦-૧૦ પછી શુભ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુ, ખાત, ઉપનયન. આશ્લેષા, મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સર્પપૂજા, બુધ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, ચંપો વાવવો, ખાખરો વાવવો, ઔષધ ઉપચાર, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, વડનું પૂજન, શ્રી ગણેશ, સૂર્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, સર્વશાંતિ પૂજા, બી વાવવું, ધાન્ય ઘરે લાવવું, સ્થાવર લેવડદેવડ.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ કોઈના કહ્યામાં ન રહે, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ ચસ્કેલું મન.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ (તા. ૨૦), ચંદ્ર-મઘા યુતિ, ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણે રહે છે.

ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-મેષ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન,
રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# 'નીટ'ના પરીક્ષાર્થીઓ માટે ટેલિગ્રામના ૧૫ કરોડ વપરાશકારોના હક પર કાપ કઈ રીતે મૂકી શકાય?

### દિલ્હી હાઇ કોર્ટનો ટેલિગ્રામને આતંકવાદી પ્રવૃત્તિઓનો અડ્ડો ગણાવનાર સરકારને સવાલ

નવી દિલ્હીઃ દિલ્હી હાઈ કોર્ટે ગુરુવારે સવાલ કર્યો હતો કે સમાજનો એક વર્ગ નીટ-યુજીની પરીક્ષા આપી રહ્યો છે તે કારણસર ટેલિગ્રામના ૧૫ કરોડ વપરાશકર્તાઓના અધિકારો પર કઇ રીતે કાપ મૂકી શકાય?

આ ટિપ્પણી કોર્ટે ૨૧ જૂને નિર્ધારિત નીટની ફેરપરીક્ષા પહેલા પ્લેટફોર્મને પ્રતિબંધિત કરવાના સરકારના નિર્ણય વિરુદ્ધ ટેલિગ્રામની અરજી પર સુનાવણી દરમિયાન કરી હતી.

જસ્ટિસ તેજસ કારિયાની અધ્યક્ષતાવાળી બેન્ચે ટેલિગ્રામ અને ભારત સરકારના વકીલોની દલીલો સાંભળતી વખતે પૂછ્યું હતું કે, માત્ર એક જૂથના નાગરિકો પરીક્ષા આપી રહ્યા છે તે કારણે આપણે ૧૫ કરોડ લોકોના અધિકારોને કેવી રીતે રોકી શકીએ?

કેન્દ્ર સરકારે ગુરુવારે દિલ્હી હાઈકોર્ટમાં જણાવ્યું કે ૨૧ જૂને નીટ-યુજીની ફરીથી યોજાનારી પરીક્ષા પહેલા ટેલિગ્રામ પર કામચલાઉ પ્રતિબંધ કેમ લગાવવામાં આવ્યો છે. ભારત સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે ટેલિગ્રામનું બોટ આર્કિટેક્ચર તેને માહિતીના મોટા પાયે પ્રસાર માટે ખાસ રીતે સંવેદનશીલ બનાવે છે. સરકારે ટેલિગ્રામને નવું ડાર્ક વેબ પણ ગણાવ્યું છે. સરકારનું કહેવું છે કે પ્લેટફોર્મની પ્રાઇવસી ફીચર્સ તપાસ એજન્સીઓ માટે ગુનેગારોને ઓળખવામાં મુશ્કેલી બનાવે છે. એસજીએ એક સરકારી અહેવાલનો પણ ઉલ્લેખ કર્યો હતો જેમાં ટેલિગ્રામને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે પસંદગીનું પ્લેટફોર્મ ગણાવવામાં આવ્યું હતું. ■

# રાજ્યસભા ચૂંટણીમાં ઝારખંડમાં ક્રોસ વૉટિંગઃ નથવાણી ચૂંટાયા

રાંચીઃ ઝારખંડમાં ગુરુવારે રાજ્ય સભાની બેઠક માટેની ચૂંટણીમાં ક્રોસ વૉટિંગ થતાં એનડીએનું સમર્થન ધરાવતા સ્વતંત્ર ઉમેદવાર પરિમલ નથવાણીનો વિજય થયો હતો.

કૉંગ્રેસના ઉમેદવાર પ્રણવ ઝાને હરાવી ઝારખંડની રાજ્યસભાની બે બેઠકમાંથી એક બેઠક પર પરિમલે વિજય મેળવ્યો હતો.

શાસક ઝારખંડ મુક્ત મોરચા (જેએમએમ)ના ઉમેદવાર બૈદ્યનાથ રામ અન્ય બેઠક પર વિજયી નીવડ્યા હતા.

અધિકારીઓના જણાવ્યા અનુસાર નથવાણીને ૨૮ મત મળ્યા બાદ વિજયી જાહેર કરવામાં આવ્યા હતા. નથવાણીના પ્રતિસ્પર્ધી ઝાને ૨૦ મત મળ્યા હતા.

જેએમએમના બૈદ્યનાથ રામને ૩૦ મત મળ્યા હતા. ભાજપના બે અને કૉંગ્રેસનો એક મત અમાન્ય ગણાયો હતો, એમ અધિકારીઓએ કહ્યું હતું.

ભાજપના વડપણ હેઠળના એનડીએ પાસે ૨૪ વિધાનસભ્ય છે જે સંસદના ઊપલા ગૃહ (રાજ્યસભા)માં બેઠક સુરક્ષિત કરવા ૮૧ સભ્યની વિધાનસભામાં જરૂરી ઓછામાં ઓછા ૨૮ ફર્સ્ટ પ્રેફરન્સ મત કરતાં ચાર ઓછા છે.

જેએમએમ સહિત શાસક ઇન્ડિયા બ્લૉક અને કૉંગ્રેસ ગૃહમાં ૫૬ સભ્ય ધરાવે છે.

નથવાણીના વિજય બાદ કૉંગ્રેસે ભાજપ પર હૉર્સ ટ્રેડિંગનો આક્ષેપ કર્યો હતો. (એજન્સી) ■

## પ્રજામત

### પ્રભુ... તારા શરણે

હે... મારા પ્રભુ... થાકીને જીવનસફરમાં હવે શરણે તારા આવ્યો છું...

ખબર છે મને કે મોડું ઘણું-ઘણું થઈ ગયું છે. કેમ જાણે કયા સુખ ખાતર જીવનસફર આટલી દોડી-દોડી વિતાવી, પેટની સંતુષ્ટી માટે તો બે કોળિયા જ બસ છે...

પ્રભુ તારા શરણ આવવાથી... અજબ-ગજબની શાંતિ મનને છુ લે છે.

અરસ-પરસ ઘણું ઘણું મેળવવા મથ્યો આ સંસારમાં, પણ તારા શરણ વગર...

ધક્કે..ધક્કે જ ચડ્યો.

પ્રભુ શરણે... ઓમ શાંતિ... ઓમ શાંતિ મેળવું

-હર્ષદ દડિયા
ઘાટકોપર (ઈસ્ટ)

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

– તંત્રી

# દેશભરનાં જંગલો બચાવવાની જરૂર છેઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ દેશભરમાં જંગલોને બચાવવાની જરૂર છે. ઝારખંડ જેવા કેટલાક રાજ્યોમાં કુદરતી ઇકોસિસ્ટમ છે જેને સાચવવાની જરૂર છે. આ વાત સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહી હતી.

ઝારખંડ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(જેએસપીસીબી)ની અરજીની સુનાવણી કરતી મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ વી. મોહન્નાનની ખંડપીઠે આ વાત કહી હતી. સીજેઆઇએ જેએસપીસીબી વત્તી હાજર રહેલા વકીલને કહ્યું કે થોડા જ રાજ્યો એવા છે જ્યાં આપણે ખરેખર આપણી કુદરતી ઇકોસિસ્ટમને બચાવી શકીએ છીએ અને તમે(ઝારખંડ) એ પૈકીના એક છો.

ખંડપીઠે કહ્યું કે કેટલાક રાજ્યોમાં જંગલો જેવા કુદરતી સ્થળો છે અને તેમને બચાવવાની જરૂર છે. વડી અદાલત ઝારખંડ હાઇકોર્ટના આદેશને પડકારતી અરજી પર સુનાવણી કરી રહી હતી.

હાઇ કોર્ટે જાન્યુઆરીમાં નિર્દેશ આપ્યો હતો કે રાજ્યમાં સુરક્ષિત જંગલોની નિયુક્ત સીમાઓથી એક કિલોમીટરના દાયરામાં પથ્થરનું ખનન અથવા સ્ટોન ક્રશર માટે કોઇ પરવાનગી આપવી જોઇએ નહીં. હાઇ કોર્ટે આ આદેશ જાન્યુઆરીમાં જેએસપીસીબીના એક જાહેરનામાને પડકારતી અરજીની સુનાવણી કરતી વખતે આપ્યો હતો. ■

# સીબીએસઈની ત્રણ ભાષાની નીતિઃ સુપ્રીમ કૉર્ટે વચગાળાનો આદેશ ન આપ્યો

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક વર્ષથી નવમા ધોરણના વિદ્યાર્થીઓ માટે બે ભારતીય ભાષા સહિત ત્રણ ભાષાનો અભ્યાસ ફરજિયાત બનાવતી સીબીએસઈની નીતિને પડકારતી અરજીને મામલે વચગાળાનો આદેશ આપવાનું સુપ્રીમ કોર્ટે ગુરુવારે નકારી કાઢ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ વી. મોહાનાની બનેલી ખંડપીઠે એનજીઓ ફ્રેન્ડસ ઑફ પીપલ્સ ફૉર એક્ટિવ ડેમોક્રેસીની અરજી આ મુદ્દે દાખલ કરવામાં આવેલી અન્ય અનિર્ણિત અરજી સાથે જોડી દીધી હતી.

આ અરજીને મામલે અમે અત્યારે એક લાઈનનો આદેશ આપી ન શકીએ. આ મુદ્દે ઘણી દલીલો થઈ છે. વચગાળાનું સંરક્ષણ આપવાનો કોઈ પ્રશ્ન જ ઊભો નથી થતો, એમ ખંડપીઠે કહ્યું હતું.

ટૂંકી સુનાવણી દરમિયાન એનજીઓ વતી હાજર રહેલા વકીલે રજૂઆત કરી હતી કે અમે ત્રણ ભાષાની નીતિને નથી પડકારી. અમે માત્ર અમલમાં મૂકવામાં આવેલી નીતિના અમુક હિસ્સાને જ પડકાર્યો છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### અમેરિકા-ઈરાન

સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

શાહબાઝે કહ્યું કે તેમણે પોતે મધ્યસ્થી તરીકે બંને દેશોના પ્રમુખો દ્વારા હસ્તાક્ષર કરાયેલા એમઓયુને મંજૂરી આપી છે. પોતાની પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે, ''ઇસ્લામાબાદ એમઓયુ તાત્કાલિક અમલમાં આવશે.

પ્રથમ પગલા તરીકે ઇરાન તાત્કાલિક હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલશે જ્યારે અમેરિકા તાત્કાલિક તેની નૌકાદળ નાકાબંધી હટાવશે.''

શાહબાઝે ટ્રમ્પને પણ અભિનંદન આપ્યા અને તેમની પ્રશંસા કરતા કહ્યું કે રાજદ્વારી પ્રત્યેની તેમની અટલ પ્રતિબદ્ધતા અને વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલને પ્રાથમિકતા આપવાથી ફરી એકવાર એવા સંઘર્ષનો અંત આવ્યો છે જેના પ્રદેશ અને તેનાથી આગળના દેશો માટે વિનાશક પરિણામો આવી શકે છે. તેમણે આ સિદ્ધિમાં યોગદાન આપવા બદલ અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ, સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર સહિત યુએસ વાટાઘાટોની ટીમના પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી.

શાહબાઝે ઇરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ સૈયદ મોજતબા હુસેની ખામનેઈ અને પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરતા કહ્યું કે તેમણે શાંતિ પ્રાપ્ત કરવામાં શાણપણ, દૂરંદેશી અને રાજદ્વારી પરિપક્વતા દર્શાવી હતી. તેમણે ઈરાની વાટાઘાટ ટીમના સભ્યો મોહમ્મદ બાઘર ગાલિબાફ, અબ્બાસ અરાઘચી અને એસ્કંદર મામેનીનો સમાવેશ થાય છે, તેમના પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી.

પાકિસ્તાનના વડાપ્રધાને ખાસ કરીને આ શાંતિ કરાર સુધી પહોંચવામાં કતારની ભૂમિકા અને રચનાત્મક સહયોગ પર પ્રકાશ પાડ્યો.

તેમણે સઉદી અરેબિયા, તૂર્કી અને ઇજિપ્તના નેતૃત્વની તેમની અનિવાર્ય ભૂમિકા અને અમૂલ્ય યોગદાન માટે પણ પ્રશંસા કરી હતી. શરીફે શાંતિ પ્રક્રિયામાં યોગદાન બદલ પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરની પણ પ્રશંસા કરી હતી. ■

### ઈપીએફ પર

સહમતી દર્શાવી હતી.

અગાઉ બે માર્ચ ૨૦૨૬ના કેન્દ્રના શ્રમ ખાતાના પ્રધાન મનસુખ માંડવિયાના અધ્યક્ષપદ હેઠળ મળેલી બેઠકમાં વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષ માટે ઇપીએફ પરનો વ્યાજદર ૮.૨૫ ટકા રાખવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. સતત ત્રીજા વરસે આ વ્યાજદર જાળવી રાખવામાં આવ્યો હતો. ત્યાર બાદ આ પ્રસ્તાવ મંજૂરી માટે નાણાં ખાતાને મોકલી આપવામાં આવ્યો હતો. (એજન્સી) ■

### એકનાથ શિંદેનું

સાંસદ અને ઉદ્ધવ ઠાકરેના વિશ્વાસુ સંજય રાઉત દેખીતી રીતે જ આ બધા ઘટનાક્રમથી નારાજ હતા અને તેમણે ગેરહાજર સાંસદો સામે આગ વરસાવી હતી, ગાળો આપી હતી અને 'ઓપરેશન તોડો'ની જાહેરાત કરતાં કહ્યું હતું કે ગદ્દારોને શિવસૈનિકોના રોષથી બચવા માટે લશ્કરનું રક્ષણ લેવું પડશે.

જોકે, આ જાહેરાતના ગણતરીના કલાકોમાં બેઠકમાં ગેરહાજર રહેલા છએ છ સાંસદોના ઘરની બહાર તગડો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને આ છ સાંસદોને વાય-પ્લસ શ્રેણીની સુરક્ષા આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

સેના (યુબીટી)ના સાંસદો અરવિંદ સાવંત, અનિલ દેસાઈ અને રાજાભાઉ વાજેએ બેઠકમાં હાજરી આપી હતી, સાથે પાર્ટીના એકમાત્ર રાજ્યસભા સાંસદ સંજય રાઉત પણ હાજર રહ્યા હતા.

બેઠકમાં ગેરહાજર રહેલા સાંસદોમાં નાગેશ આષ્ટિકર, સંજય દેશમુખ, સંજય જાધવ, સંજય દિના પાટીલ, ઓમપ્રકાશ રાજે નિમ્બાળકર અને ભાઉસાહેબ વાકચૌરેનો સમાવેશ થાય છે.

બેઠક બાદ સાવંતે પત્રકારોને જણાવ્યું હતું કે છ સાંસદોને કારણદર્શક નોટિસ જારી કરીને સાત દિવસમાં ખુલાસો કરવા જણાવાયું છે.

રાઉતે કહ્યું હતું કે સાંસદોની ગેરહાજરીને પાર્ટીના વ્હીપનું ઉલ્લંઘન માનવામાં આવશે અને તેમને સાંસદ તરીકે ગેરલાયક ઠેરવવા માટે કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી રહી છે.

આ બધા વચ્ચે સંજય રાઉતે એવો પણ દાવો કર્યો હતો કે બળવાખોર સાંસદો ફક્ત ચાર જ છે અને બે સાંસદો સંજય દિના પાટીલ અને ઓમપ્રકાશ રાજે નિમ્બાળકર જે દિલ્હીમાં નથી તે બળવાખોરો સાથે પણ નથી. તેમણે એવો ડર વ્યક્ત કર્યો હતો કે આ બંને સાંસદોના જીવ જોખમમાં હોઈ શકે છે.

સંજય રાઉતે એવો પણ દાવો કર્યો હતો કે બળવાખોર સાંસદોને ૧૦ કરોડ રૂપિયા આપીને રાજસ્થાન મોકલી દેવામાં આવ્યા છે.

આ બધા વચ્ચે શિવસેના (યુબીટી)ના બળવાખોર સાંસદોને પોતાની પાર્ટીમાં સ્વાગત કરવાની ઓફર નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (એનસીપીઆઈ)એ આપી હતી. અહીં ઉલ્લેખનીય છે કે ટીએમસીના બળવાખોર સાંસદોએ આ જ પક્ષમાં વિલીનીકરણ કર્યું હતું. ■

### સારા સમાચાર

ભાવ પણ ઘટી શકે છે. વૈશ્વિક પરિસ્થિતિ સ્થિર થયા પછી પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે શરૂ કરવામાં આવેલા ઈમર્જન્સી એનર્જી સિક્યોરિટીના ઉપાયોની સરકાર સમીક્ષા કરી શકે છે અને વૈશ્વિક સ્થિતિ સ્થિર થવા પર ધીમે ધીમે પરત લઈ શકે છે, એમ એક સરકારી અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું.

સાવચેતીનાં પગલાના ભાગરૂપે એલપીજી સપ્લાયની મોનિટરિંગ, ઘરેલું નેચરલ ગૅસની ફાળવણીને ફરીથી પ્રાથમિકતા આપવી અને ફ્યુઅલની જમાખોરીને રોકવા માટે અનેક નિયંત્રણો સામેલ છે. આ ઉપાયો વૈશ્વિક તેલ અને ગેસ સપ્લાયની ચેઈનમાં સંભવિત અડચણોની ચિંતાઓ વચ્ચે ઘરેલુ એનર્જીની ઉપલબ્ધતાને સુરક્ષિત કરવા માટે શરૂ કરવામાં આવ્યા હતા.

અમેરિકા અને ઇરાને એક વચગાળાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે જેના પર તેમના રાષ્ટ્રપતિઓએ તેમના ૧૧૧ દિવસના યુદ્ધને સમાપ્ત કરવા માટે હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર સંભવિત રીતે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા શિપિંગને ફરીથી ખોલશે અથવા સામાન્ય બનાવી શકે છે, જે વિશ્વના સૌથી મોટા ક્રૂડ આયાતકારોમાંના એક ભારત માટે નોંધપાત્ર રાહત પૂરી પાડે છે.

અધિકારીએ કહ્યું હતું કે અમે બદલતી પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છીએ. વૈશ્વિક સ્તરે પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ છે તેવો વિશ્વાસ મળ્યા પછી અમે જે પગલાં લીધાં છે તેની સમીક્ષા કરવામાં આવશે અને હળવા કરવામાં આવશે. ઇમર્જન્સી પગલાં નિવારક સ્વભાવના હતા અને તેનો હેતુ વધતી ભૂ-રાજકીય અનિશ્ચિતતાના સમયગાળા દરમિયાન આવશ્યક ઇંધણનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવાનો હતો. જેમ જેમ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ સામાન્ય થશે અને પુરવઠાનાં જોખમો ઓછા થશે તેમ તેમ સરકાર આ પ્રતિબંધોની સમીક્ષા કરશે અને તેમના તબક્કાવાર પરત લેવા પર વિચાર કરશે.''

ફેબ્રુઆરીના અંતમાં ઇરાન યુદ્ધ શરૂ થયા પછી સ્ટ્રેટ દ્વારા ક્રૂડ ઓઇલ અને કુદરતી ગેસ, ખાતર બનાવવા માટે વપરાતો કાચા માલ, સીએનજીનો પુરવઠો ખોરવાઈ ગયો હતો. આનાથી ક્રૂડ ઓઇલના ભાવ, શિપિંગ વીમા પ્રીમિયમ અને નૂર દરમાં તીવ્ર વધારો થયો. સૂત્રોએ જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખુલતા વૈશ્વિક ઊર્જા બજારોને સ્થિર કરવામાં અને ભારત જેવા ઉર્જા આયાત કરતા રાષ્ટ્રો માટે દૃષ્ટિકોણ સુધારવામાં મદદ મળશે. રિફીલ બુકિંગનો સમયગાળો વધારીને તેમજ હોટલ અને રેસ્ટૉરાં જેવા કમર્શિયલ યુઝર્સનો પુરવઠો ઘટાડીને તેના ઉપયોગને નિયંત્રિત કરવાની પણ માગ કરવામાં આવી હતી. ■



# શું તમારો ઇન્શ્યોરન્સ પર્યાપ્ત છે? જાણવા માટેની એક સરળ ચેકલિસ્ટ

ડૉ. તપન સિંઘલ, એમડી અને સીઈઓ, બજાજ જનરલ ઈન્શ્યોરન્સ લિમિટેડ
(અગાઉ બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ તરીકે ઓળખાતી)

આકસ્મિક જરૂરિયાતો માટે પ્લાન કરવા અને સુરક્ષા કવચ ઊભું કરવા માટે ઇન્શ્યોરન્સ એ શ્રેષ્ઠ રીતોમાંથી એક છે. જો કે, માત્ર પોલિસી ખરીદવાથી હંમેશાં સંપૂર્ણ સુરક્ષાની ગેરંટી મળતી નથી; મુખ્ય બાબત એ છે કે યોગ્ય માત્રામાં કવરેજ હોય. વર્ષોના અનુભવ દરમિયાન, મેં એક ચિંતાજનક પેટર્ન જોઈ છે: ઘણા પૉલિસીધારકો ઇન્શ્યોરન્સ ધરાવે છે, પરંતુ તે પૂરતા પ્રમાણમાં હોતો નથી. ચાલો જોઈએ કે તમારી જરૂરિયાતોને ખરેખર અનુરૂપ ઇન્શ્યોરન્સ કવર કેવી રીતે તૈયાર કરી શકાય છે.

★ **હેલ્થ ઇન્શ્યોરન્સ:** ભારતમાં તબીબી ફુગાવો, લગભગ 15% ના દરે, સતત સામાન્ય ફુગાવા કરતાં ઝડપથી વધી રહ્યો છે. મેટ્રો શહેરમાં હૉસ્પિટલમાં દાખલ થવાનો એક વખતનો ખર્ચ પણ લાખો રૂપિયા સુધી પહોંચી શકે છે. તેમ છતાં, ઘણા પરિવારો હજુ પણ ₹3 લાખ અથવા ₹5 લાખના કવર પર આધાર રાખે છે, જેની મર્યાદા હૉસ્પિટલમાં દાખલ થવાના વાસ્તવિક ખર્ચ કરતા ઘણી ઓછી છે. અહીં બે સરળ પ્રશ્નો છે જે તમને મદદરૂપ થઈ શકે છે: 'શું મારું વર્તમાન કવર કોઈ પ્રતિષ્ઠિત હૉસ્પિટલમાં મોટી સર્જરી કરાવવા માટે પૂરતું હશે? અથવા શું હું મારી બચતને સ્પર્શ કર્યા વિના તબીબી કટોકટીને મેનેજ કરી શકું તેમ છું?' જો આ પ્રશ્નોનો જવાબ સ્પષ્ટપણે 'ના' હોય, તો તમારી પૉલિસીની સમ ઇન્શ્યોર્ડની ફરીથી તપાસ કરવાનો સમય આવી ગયો છે. વ્યક્તિગત હેલ્થ ઇન્શ્યોરન્સ પ્લાન તમને તમારા રોજગારની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના કવર કરશે. જો તમે વ્યક્તિગત હેલ્થ ઇન્શ્યોરન્સ પસંદ કરવામાં અચકાતા હોવ, તો તમે તમારી સુરક્ષા વધારવા માટે નજીવા પ્રીમિયમ પર ટોપ-અપ કવર ખરીદીને શરૂઆત કરી શકો છો. કેન્સર, હૃદયરોગ અને સ્ટ્રોક જેવી બીમારીઓમાં લાંબા ગાળાની સારવાર અને રિકવરીની જરૂર પડે છે. ક્રિટિકલ ઇલનેસ પૉલિસી એકસામટી રકમની ચુકવણીની સુવિધા પ્રદાન કરે છે, જે રિકવરી દરમિયાન તબીબી અને અન્ય ખર્ચાઓમાં સહાયરૂપ બની શકે છે.

★ **હોમ ઇન્શ્યોરન્સ:** મોટાભાગના પરિવારો માટે, તેમનું ઘર તેમની સૌથી મહત્ત્વપૂર્ણ મિલકત હોય છે. તેમ છતાં ભારતમાં હોમ ઇન્શ્યોરન્સનો વ્યાપ નોંધપાત્ર રીતે ઓછો છે. ખાસ કરીને સમગ્ર દેશમાં કુદરતી આફતોના વધતા પ્રમાણને જોતા, શ્રેષ્ઠ હોમ ઇન્શ્યોરન્સ કવરેજ હોવું પહેલાં કરતા ક્યાંય વધુ મહત્ત્વનું બની ગયું છે. મિલકતના બાંધકામનો પર્યાપ્ત ઇન્શ્યોરન્સ હોવો જ જોઈએ.

★ **સાઇબર ઇન્શ્યોરન્સ:** જે અગાઉ માત્ર વ્યાવસાયિક સંસ્થાઓ માટેની એક વિશિષ્ટ પ્રોડક્ટ તરીકે ગણવામાં આવતો હતો, તે હવે વ્યક્તિગત સ્તરે પણ વધુને વધુ સુસંગત બને છે. એવી દુનિયામાં જ્યાં ડિજિટલ જોખમો સતત વિકસિત થઈ રહ્યા છે સાઇબર ઇન્શ્યોરન્સ ઝડપી જોખમ વ્યવસ્થાપન માટેનું એક આવરણ બની રહ્યો છે.

★ **મોટર ઇન્શ્યોરન્સ :** એક કોમ્પ્રિહેન્સિવપોલિસી માત્ર થર્ડ-પાર્ટીની જવાબદારીઓ સામે જ નહીં, પરંતુ તમારા વાહનના નુકસાનને પણ કવર કરે છે. સંપૂર્ણ માનસિક શાંતિ માટે, ઝીરો ડેપ્રિશિયેશન, એનસીબી પ્રોટેક્શન કવર અને એન્જિન પ્રોટેક્શન જેવા મહત્વપૂર્ણ ઍડ-ઑન કવર ઉમેરવાનું વિચારો.

# નીટની પરીક્ષાને ધ્યાનમાં રાખી મધ્ય અને પશ્ચિમ રેલવેમાં રવિવારે નૉ-બ્લોક

મુંબઈ: સરકાર દ્વારા નીટની ફેરપરીક્ષાઓ રવિવારે ૨૧ જૂનના રોજ લેવામાં આવી રહી છે. ત્યારે મુંબઈના પરીક્ષા આપનાર ઉમેદવારોને અસગવડ ઊભી ન થાય તેના માટે પશ્ચિમ-મધ્ય રેલવે દ્વારા કોઈ પણ પ્રકારનો મેગા કે જમ્બો બ્લોક લેવામાં આવશે નહીં. વિકેન્ડ પર લેવામાં આવતા બ્લોકના કારણે પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. બ્લોકના કારણે લોકલ ટ્રેન સેવાઓના ટાઈમ ટેબલમાં મોટા ફેરફાર થતા જોવા મળે છે. તેમજ ટ્રેનો રદ્દ થતી અને બીજા સ્ટેશનો પર ડાઇવર્ટ થતી પણ જોવા મળે છે. એવા સમયે આગામી નીટ પરીક્ષાઓ આપનારા વિદ્યાર્થીઓને સરળ મુસાફરી માટે આ શનિવાર અને રવિવાર એમ બે દિવસ બ્લોક હટાવી દેવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવે દ્વારા સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું કે ૨૧ જૂનના રોજ ઉપનગરીય વિભાગના મોટાભાગના વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓ લોકલ ટ્રેનો પર આધાર રાખે છે તેથી તેમને પરીક્ષા આપવા જતા સમયે કોઈ પણ અવરોધ ઊભો ન થાય તેના માટે મેગા બ્લોક કે જમ્બો બ્લોક લેવામાં આવશે નહીં.

આ સાથે જ પશ્ચિમ રેલવે વિભાગની જેમ જ મધ્ય રેલવે વિભાગ દ્વારા પણ નિર્દેશ કરવામાં આવ્યો છે કે રવિવારે કોઈ પણ પ્રકારના જમ્બો કે મેગા બ્લોક રહેશે નહીં. પરંતુ સેન્ટ્રલ રેલવે દ્વારા જાહેર કરાયું છે કે રવિવારે લોકલ ટ્રેન સેવાઓ રવિવારના ટાઈમ ટેબલ મુજબ ચાલશે. ■

## મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસની મોટી કાર્યવાહી

# યુપીમાં ડ્રગ્સ બનાવતી ફેક્ટરીનો કર્યો પર્દાફાશ

## ૩૦૦ લિટર કેમિકલ સહિત કરોડોની મતા જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસની ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ડ્રગ્સના નેટવર્કનો પર્દાફાશ કરવા હાથ ધરાયેલી તપાસનો રેલો તેલંગણાના ઝહિરાબાદ બાદ હવે ઉત્તર પ્રદેશના હરદોઇ જિલ્લા સુધી પહોંચ્યો હતો, જ્યાં એમડી (મેફેડ્રોન) ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી પોલીસે પકડી પાડી હતી. ત્યાંથી પોલીસે ૩૦૦ લીટર કેમિકલ અને ડ્રગ્સ બનાવવા માટે ઉપયોગમાં લેવાતી સામગ્રી સહિત કરોડોની મતા જપ્ત કરી હતી.

મીરા રોડ પૂર્વમાં નયાનગર ખાતે આવેલી છેડા આદર્શ બિલ્ડિંગમાં પોલીસે ૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ રેઇડ પાડી હતી અને બિલ્ડિંગમાં રહેતી ફિરદોસ અરબાઝ કુરેશી નામની મહિલાના ફ્લેટમાંથી ૨.૬૬ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ ડ્રગ્સ તેના પતિ અરબાઝ વકીલ કુરેશીનું હોવાનું જાણવા મળતાં બંને વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

ડ્રગ્સની જપ્તીના આ કેસની તપાસ દરમિયાન પોલીસે ૧૮ આરોપીઓની ધરપકડ કરી હતી અને આગ્રીપાડા, માલવણી, મનોરી વિસ્તારમાં કાર્યવાહી કર્યા બાદ તેલંગણાના ઝહિરાબાદમાં ડ્રગ્સની ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે આ કેસમાં ડ્રગ્સ, કેમિકલ, સાધનો સહિત ૨૦.૭૨ કરોડ રૂપિયાની મતા જપ્ત કરી હતી.

દરમિયાન ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૪ના અધિકારીઓએ ઉત્તર પ્રદેશના હરદોઇ જિલ્લામાં સન્ડીલા પોલીસ સ્ટેશનની હદમાં ૧૬ જૂને તસલીમ આરિફ ઉર્ફે છુટ્ટન રઝાક નામના આરોપીની ધરપકડ કર્યા બાદ પૂછપરછમાં ત્યાં ડ્રગ્સની ફેક્ટરી વિશે જાણવા મળ્યું હતું. ત્યાર બાદ પોલીસે ફેક્ટરીમાં રેઇડ પાડીને કરોડોની મતા જપ્ત કરી હતી. ■

# પત્નીની આત્મહત્યાઃ ડૉક્ટર પતિ સહિત ત્રણની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લાના અંબરનાથમાં લગ્નના માત્ર દોઢ મહિના બાદ મહિલા તેના ઘરમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. પોલીસે આ પ્રકરણે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ ગુનો દાખલ કરીને મૃતકના ડૉક્ટર પતિ સહિત ત્રણની ધરપકડ કરી હતી. અંબરનાથના શિવાજી નગર પોલીસ સ્ટેશનમાં ફિઝિશિયન અને તેના પરિવારના બે સભ્ય વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮ (આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવું) તથા અન્ય સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

મૃતકના પરિવારની ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કર્યો હતો અને બુધવારે ડૉ. નીતિન તિલેકર, તેની માતા છાયા અને ભાઇ નિનાદની ધરપકડ કરી હતી.

મૃતક વિશાખા તિલેકરના લગ્ન ૩૦ એપ્રિલે ડૉક્ટર સાથે થયા હતા અને મંગળપારે વિશાખા ઘરમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. (પીટીઆઇ)■

# રાજનાથ સિંહ શુક્રવારે નાગપુરમાં એલ્યુમિનિયમ એક્સટ્રુઝન પ્રેસનું 'ભૂમિપૂજન' કરશે

નાગપુર : સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ શુક્રવારે નાગપુરમાં સરકારી માલિકીની યંત્ર ઇન્ડિયા લિમિટેડ (વાયઆઈએલ) ખાતે ૧૦,૦૦૦ ટનના એલ્યુમિનિયમ એક્સટ્રુઝન પ્રેસનું 'ભૂમિપૂજન' કરશે, જે મહત્વપૂર્ણ એલ્યુમિનિયમ ઘટકોની આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ કરશે.

ગુરુવારે સંરક્ષણ પીઆરઓ નાગપુર દ્વારા જાહેર કરવામાં આવેલ એક નિવેદન અનુસાર, કેન્દ્રીય પ્રધાન શહેરના અંબાઝારી સ્થિત વાયઆઈએલ, ઓર્ડનન્સ ફેક્ટરીમાં ભૂમિપૂજન કરશે. પ્રસ્તાવિત એક્સટ્રુઝન પ્રેસ સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્ર માટે એક રાષ્ટ્રીય સંપત્તિ હશે. તે સંરક્ષણ અને એરોસ્પેસ ક્ષેત્રોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે મોટા, ઉચ્ચ-શક્તિ અને ચોકસાઇવાળા એલ્યુમિનિયમ એલોય એક્સટ્રુઝનનું ઉત્પાદન કરવાની રાષ્ટ્રની ક્ષમતાને મજબૂત બનાવશે, એમ નિવેદનમાં જણાવાયું છે. (પીટીઆઈ)■

## બળાત્કાર અને 'બળજબરી'થી ધર્માંતર

# મધ્ય પ્રદેશના મૌલાનાનું નાગપુર પોલીસ સમક્ષ આત્મસમર્પણ


નાગપુરઃ સંરક્ષણ દળના જવાનની ભૂતપૂર્વ પત્ની પર બળાત્કાર તેમ જ બળબજરીથી ધર્માંતરના કેસમાં ફરાર મધ્ય પ્રદેશના મૌલાનાએ નાગપુર પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. આરોપી હઝરત મધ્ય પ્રદેશના છીંદવાડા જિલ્લાના તામિયાનો રહેવાસી છે, જે મહારાષ્ટ્રની સીમા પર છે. આરોપીએ બુધવારે રાતે અહીંના સોનેગાંવ પોલીસ સ્ટેશનમાં શરણાગતી સ્વીકારી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. અમે વિવિધ ટીમો તૈયાર કરી હતી અને આરોપીની શોધ ચલાવી રહ્યા હતા. અમારા અધિકારીઓ અનેક દિવસથી તામિયામાં ધામા નાખીને તેને શોધી રહ્યા હતા. દબાણ વધતાં આખરે આરોપીએ શરણાગતી સ્વીકારી હતી. મૌલાના પર સંરક્ષણ દળના જવાનની ભૂતપૂર્વ પત્નીનું બળજબરીથી ધર્માંતર કરવાનો અને તેના નિકાહ કરાવવાનો આરોપ છે.

આ કેસના મુખ્ય આરોપી અયાઝ તાજ માદરે (૨૬) અને સહ-આરોપી આમિર મહેમૂદ શેખ (૩૦) અગાઉથી પોલીસ કસ્ટડીમાં છે. અમે હઝરતને કોર્ટમાં હાજર કરીશું. આ કેસમાં હઝરતની ભૂમિકા સમજવાનું બહું મહત્ત્વનું છે. કથિત ધર્માંતર કઇ રીતે કરાવવામાં આવે છે તે અંગે વધુ માહિતી ભેગી કરવા તેની પૂછપરછ જરૂરી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. દરમિયાન અયાઝ અને આમિર શેખની કસ્ટડી પૂરી થતી હોવાથી તેમને કોર્ટમાં હાજર કરાયા હતા અને તેમની પોલીસ કસ્ટડી ૨૧ જૂન સુધી લંબાવવામાં આવી હતી. (પીટીઆઇ)■

# પોલીસ પોતે દારૂના નશામાંઃ ત્રિપુટી નિર્દોષ

થાણેઃ થાણે કોર્ટે ૨૦૧૮માં કોન્સ્ટેબલ પર હુમલો કરવા અને તેને ધમકાવવાના કેસમાં ત્રણ જણને નિર્દોષ જાહેર કર્યા હતા. કોર્ટે નોંધ્યું હતું કે તપાસકર્તા પક્ષનો કેસ શંકાસ્પદ છે અને તપાસ અધિકારીએ એ હકીકત છુપાવી રાખી હતી કે પોલીસ કર્મચારી પોતે દારૂના નશામાં હતો. કોર્ટે આ કેસમાં મુજારામ ઉર્ફે રામભાઉ બાપુરાવ યેનકુરે (૪૦), સુનીલ ગણપત રોકડે (૪૦) અને બાળુ બાપુરાવ યેનકુરે (૩૬)ને નિર્દોષ છોડ્યા હતા. એડિશનલ સેશન્સ જજ જી.ટી. પવારે બુધવારે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે કોન્સ્ટેબલ અને અન્ય સાક્ષીઓ દ્વારા તેમના હુમલો કરવામાં આવ્યો હતો, એવા આરોપીઓએ કરેલા બચાવમાં તથ્ય લાગે છે. તપાસકર્તા પક્ષના જણાવ્યા અનુસાર આ કેસના બાતમીદાર એવા કોન્સ્ટેબલ નવનાથ સદાશિવ થોર્વેએ થાણેના ચેઉર ગેટ નજીક ૨ માર્ચ, ૨૦૧૮ના રોજ મોટરસાઇકલને રોકી હતી, જ્યારે હોળીની ઉજવણી ચાલી રહી હતી. મોટરસાઇકલસવારો દારૂના નશામાં હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે તેમની મોટરસાઇકલ જપ્ત કરવામાં આવી હતી ત્યારે તેમણે ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું અને બાતમીદારને લાફો માર્યો હતો. (પીટીઆઇ)■

શ્રી ઘોઘારી વિશાશ્રીમાળી જૈન



**શ્રી છોટાલાલ નારણદાસ શાહ (ઉ.વ. ૯૫)**

૨૮.૧૧.૧૯૩૦ - ૧૭.૦૬.૨૦૨૬

તળાજા નિવાસી હાલ મુંબઈ
બુધવાર તા. ૧૭.૦૬.૨૦૨૬ ના રોજ
અરિહંત શરણ પામેલ છે.

તે સ્વ મધુકાંતાબેનના **પતિ**,
વિજય - મુકેશ- દીપકના **પિતાશ્રી**,
મૃદુલા-વિલાસ- રીટાના **સસરાજી**,
સ્વ કાંતિલાલ નારણદાસ -
સ્વ કાન્તાબેન મનસુખલાલ -
સ્વ પોપટભાઈ -
સ્વ ફતેચંદભાઈના **ભાઈ**,
સ્વ શ્રી ધરમશી વેલચંદના **જમાઈ**,
ચીં જિમિલ, ચીં મોનીલ, ચીં સ્નેહા,
ચીં શ્રુતિના **દાદા**,
ચીં કાવ્યાના **મોટા નાના**,
નિરાલી - આશનાના **દાદાસાસરા**.

લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે

# દિંડોશીથી ફિલ્મ સિટી ફલાયઓવર 31 ઑગસ્ટ સુધીમાં ખુલશે

મુંબઈઃ દિંડોશી-ટુ-ફિલ્મ સિટી ફલાયઓવર તેના અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવશે. આ ફલાયઓવર ટ્રાફિક ભીડ ઘટાડશે તથા ગોરેગાંવ અને મુલુંડ વચ્ચેની મુસાફરીમાં હાલમાં લાગતો લગભગ ૭૫ મિનિટનો સમય ઘટીને ફક્ત ૨૫ મિનિટનો થશે. ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટના ભાગ રૂપે દિંડોશી કોર્ટ અને ફિલ્મ સિટી વચ્ચે એક નવો ફલાયઓવર બનાવવામાં આવી રહ્યો છે. પુલનું કામ હાલમાં તેના અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં તે ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવશે. બુધવારે મુંબઈ મ્યુનિસિપલ કમિશનર અશ્વિની ભીડેએ ચાલુ કામનું નિરીક્ષણ કરવા માટે પ્રોજેક્ટ સ્થળની મુલાકાત લીધી અને સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. ■



# બાન્દ્રાની ભીષણ આગમાં વૃદ્ધ વ્યક્તિનું મોત, બે ફાયરબ્રિગેડના જવાનો હૉસ્પિટલમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બાન્દ્રામાં આવેલી શેર્લી રાજન રોડ પરની અટલાંટિક બિલ્ડિંગમાં બુધવારે રાતના નવ વાગ્યાની આસપાસ લાગેલી ભીષણ આગમાં ૬૫ વર્ષના સિનિયર સિટિઝન અઝીઝ બરોડાવાલાનું મૃત્યુ થયું છે. તો આગ બુઝાવવાની કામગીરી દરમ્યાન ફાયરબ્રિગ્રેડના બે જવાનની તબિયત ખરાબ થતા તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

સાત માળની અટલાટિંગ બિલ્ડિંગના ઉપરના માળા પર આગ લાગી હતી. શરૂઆતમાં આગ લાગી હોવાની હેવાસીઓને જાણ જ નહોતી. જોકે થોડા સમયમાં જ આગ ઝડપભેર ફેલાઈ જતા રહેવાસીઓને બિલ્ડિંગની બહાર નીકળી આવવું પડ્યું હતું. આગની જાણ થતા જ ફાયરબ્રિગેડ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

ફાયરબ્રિગ્રેડના જણાવ્યા મુજબ ફ્લેટ નંબર ૭૦૧ અને ૭૦૨માં આગ ફેલાઈ હતી. બિલ્ડિંગના સાતમા માળા પર અમુક રહેવાસીઓ ફસાઈ ગયા હોવાની જાણ થતા જ ફાયરબ્રિગેડના જવાનો ઉપરના માળા પર રેસ્ક્યુ ઓપરેશન માટે પહોંચી ગયા હતા. આગને કારણે મોટા પ્રમાણમાં ધુમાડા નીકળતા ફાયરબ્રિગ્રેડને રેસ્ક્યુ ઓપરેશનમાં અડચણો આવી હતી. બુધવારે રાતાના ૧૦ વાગ્યાની આસપાસ આગને એક નંબરની એટલે કે ભીષણ આગ હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન રેસ્ક્યુ ઓપરેશનમાં રહેલો ૩૨ વર્ષનો ફાયર મેન જવાન શિવશંકર પુરીને ચક્કર આવી જતા તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ દરમ્યાન સાતમા માળે ફસાઈ ગયેલા અમુક રહેવાસીઓને બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાં ૬૫ વર્ષના અઝીમ બરોડાવાલા ગંભીર રીતે જખમી થયા હતા. ૩૪ વર્ષનો ફાયરમેન નવનાથ બિતેની પણ તબિયત લથડતા તેને ભાભા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તો સારવાર દરમ્યાન સિનિયર સિટિઝન અઝીમ બરોડાવાલાનું મૃત્યુ થયું હોવાનું ડૉકટરે જાહેર કર્યું હતું.

ગુરુવારે વહેલી સવારના આગ પર નિયંત્રણ મેળવામાં સફળતા મળી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. આગમાં ફ્લેટ નંબર ૭૦૧ અને ૭૦૨માં રહેલી ઈલેક્ટ્રિક સિસ્ટમ, વીજળીના તાર સહિત ઘરનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

# પહેલી ઑક્ટોબરથી પવઈ તળાવમાં ગટરનું પાણી છોડવાનું બંધ

## તળાવ પરિસરનો પુનઃવિકાસ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના મહત્ત્વના ગણાતા પવઈ તળાવમાં પહેલી ઓક્ટોબરથી ગટરનું પાણી છોડવાનું સંપૂર્ણપણે બંધ થઈ જશે એવું આશ્વાસન મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને ગુરુવારે સ્થાયી સમિતિને આપ્યું હતું. એ બાદ સમિતિએ તળાવના પુનઃવિકાસના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. જોકે વિરોધ પક્ષના નગરસેવકોએ પાલિકા દ્વારા પસંદ કરવામાં આવેલી કંપની સામે વાંધો ઉઠાવ્યો હતો.

સ્થાયી સમિતિમાં નગરસેવકોએ એઈકોમ એશિયા કંપની લિમિટેડની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સલાહકાર તરીકે નિમણૂક સામે વાંધો ઉઠાવ્યો હતો. આ દરમ્યાન પુનર્વિકાસ યોજનામાં પવઈ તળાવના પ્રોમેનેડ સુધી આવવા ઈચ્છુક પર્યટકો માટે ટિકિટ રાખવાની રજૂઆત કરવામાં આવી છે, કારણકે રાજ્ય સરકારે પાલિકાને લોકપ્રિય જાહેર જગ્યા માટે નાણાકીય રીતે સ્વ-નિર્ભર મોડેલ વિકસાવવા કહ્યું છે.

પાલિકાના અધિકારીઓએ ગુરુવારે યોજાયેલી સ્થાયી સમિતિને માહિતી આપી હતી કે પ્રશાસને પવઈ તળાવના પ્રોમેનેડના લાંબા સમયથી રાહ જોવાતા પુનઃવિકાસ માટે ૧.૮૫ કરોડ રૂપિયાના કન્સલ્ટન્સી ખર્ચે માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે એઈકોમ એશિયા કંપની લિમિટેડની નિમણૂક કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પ્રસ્તાવને જાહેર ટેન્ડર પ્રક્રિયામાંથી છૂટ આપવામાં આવ્યો છે અને આદિ શંકરાચાર્ય માર્ગ (જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ) પર ગણેશ ઘાટ અને પવાર વાડી પર વિસર્જન પોઈન્ટ વચ્ચેના ૧.૮ કિમી લાંબા પ્રોમેનેડને વિકસાવવામાં આવ્યાના લગભગ બે દાયકા પછી પ્રસ્તાવને સ્થાયી સમિતિમાં લાવવામાં આવ્યો છે.

### સીઆરઝેડની મંજૂરી આવશ્યક નથી

પાલિકાના એડિશનલ કમિશનર બાંગરે કહ્યું હતું કે આ પ્રોજેક્ટમાં પવઈ તળાવ અને તેના પ્રોમેનેડનો સર્વાંગી પુનર્વિકાસ પણ શામેલ છે, જેમાં ભવિષ્યમાં મનોરંજન સુવિધાઓનો અવકાશ છે. મગરોને સ્થળાંતરિત કરવાનો કોઈપણ નિર્ણય વૈજ્ઞાનિક મૂલ્યાંકન પર આધારિત હશે. તેમણે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે આ પ્રોજેક્ટ માટે કોસ્ટલ રેગ્યુલેટરી ઝોન (સીઆરઝેડ) મંજૂરીની આવશ્યકતા નથી.

### 30 જૂન બાદ ગંદું પાણી છોડવાનું બંધ થશે

સ્થાયી સમિતિને ખાતરી આપતા બાંગરે વધુમાં જણાવ્યું હતું કે પવઈ તળાવમાં લગભગ ૧૮ મિલ્યન લિટર દૈનિક (એમએલડી) ગંદુ પાણી છોડતા તમામ ૧૮ ગટરના આઉટફોલને અટકાવવામાં આવી રહ્યા છે. આ કામ ૩૦ જૂન સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, જેથી પહેલી ઓક્ટોબરથી તળાવમાં ગટરનું પાણી આવતું બંધ થશે. પાલિકાના અધિકારીઓ અને આઈઆઈટી બોમ્બે દ્વારા સંયુક્ત રીતે આઉટફોલની ચકાસણી કરવામાં આવી છે. ૨૨૩ હેક્ટરમાં ફેલાયેલું અને ૬.૬૧ ચોરસ કિમીનો કેચમેન્ટ વિસ્તાર ધરાવતું પવઈ તળાવ મુંબઈનું સૌથી મહત્ત્વનું શહેરી જળસંગ્રહોમાંનું એક છે. જોકે પવઈનું પાણી પીવા માટે વાપરવામાં આવતું નથી. પવઈનું પાણી ઔદ્યોગિક વપરાશ માટે કરવામાં આવે છે.

# દહિસર-ભાયંદર એલિવેટેડ રોડ પ્રોજેક્ટ: વિરોધ પક્ષ અને ભાજપ બાખડી પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર) પ્રોજેક્ટના અંતિમ તબક્કા સાથે જોડાયેલા એક પ્રસ્તાવ પર પાલિકાની સ્થાયી સમિતિમાં ગુરુવારે ભારે વિવાદ થયો હતો. વિરોધપક્ષ દહિસર (પશ્ચિમ) અને ભાયંદર (પશ્ચિમ)ને જોડતા એલિવેટેડ રોડ માટે ભંડોળ પૂરું પાડવાના પ્રસ્તાવ સામે મુંબઈના કરદાતાઓ પર અન્યાયી રીતે બોજ પડી રહ્યો હોવાની દલીલ કરતા પ્રશાસનને સવાલ કર્યો હતો કે મુંબઈ શહેરની સીમાથી આગળ વધીને પડોશી શહેરોને લાભ આપતા પ્રોજેક્ટમાં રોકાણ કરવા પાછળ પાલિકાનો ઈરાદો શું છે?

પાલિકાએ ૫.૬ કિમી લાંબા અને ૪૫ મીટર પહોળા એલિવેટેડ દહીસર-ભાયંદર લિંક રોડ માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ (પીએમસી)ની નિમણૂક કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. લગભગ ૩,૩૦૪ કરોડ રૂપિયાના આ કોરિડોરથી વર્સોવા-ભાયંદર મુસાફરીનો સમય ૩૦-૪૫ મિનિટ ઓછો થશે અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર ભીડ ઓછી થશે તેવી અપેક્ષા છે. નિપ્પોન કોઈ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ અને કાઇટ એલાઇડ સર્વિસિસ પ્રાઇવેટ લિમિટેડના જોઈન્ટ વેન્ચરને ૫૨.૫ કરોડ રૂપિયામાં પીએમસી તરીકે ભલામણ કરવામાં આવી છે. કન્સલ્ટન્ટ ૪૨ મહિનાના બાંધકામ સમયગાળા અને ત્યારબાદના ડિફેક્ટ લાઈબિલિટી તબક્કા દરમિયાન પ્રોજેક્ટ અમલીકરણ, ક્વોલિટી કંટ્રોલ વગેરેનું નિરીક્ષણ કરશે. આ પ્રસ્તાવની જોકે શિવસેના (ઠાકરે)ના નગરસેવકે ટીકા કરીને શહેરની સીમાઓથી આગળ વિસ્તરેલા પ્રોજેક્ટથી મુંબઈગરાને શું લાભ થવાનો છે? એવો સવાલ કર્યો હતો. પાલિકાએ રિજનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનો સંપૂર્ણ નાણાકીય બોજ ઉઠાવવાની આવશ્કતા નથી. મુંબઈના પટ્ટામાં આવતા વિસ્તારનો જ ખર્ચ પાલિકાએ કરવો જોઈએ. અથવા ખર્ચાની બંને તરફથી વિભાજન થવું જોઈએ. જ્યાં સુધી આવી સ્પષ્ટતા થાય નહીં ત્યાં સુધી આ પ્રસ્તાવ મુલતવી રાખવાની અને સંપૂર્ણ નાણાકીય અને ટેક્નિકલ વિગતો સાથે સમિતિ સમક્ષ પ્રસ્તાવ પાછો લાવવાની માગણી તેમણે કરી હતી. વિરોધપક્ષના અન્ય નગરસેવકોએ પણ આ પ્રસ્તાવનો વિરોધ કરતા ખર્ચની વહેંચણીની માગણી કરી હતી.

# વર્સોવામાં ઈમારતની અગાશી પરથી યુવકે લગાવી મોતની છલાંગ

મુંબઈ: પ્રેમિકા સાથે મુંબઈમાં ફરવા માટે આવેલા જળગાંવના ૨૮ વર્ષના યુવકે વર્સોવા વિસ્તારમાં ઇમારતની અગાશી પરથી ઝંપલાવીને જીવનનો અંત આણ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર અંધેરી પશ્ચિમમાં વર્સોવા ખાતેની આકાશદીપ સોસાયટીમાં ગુરુવારે સવારે ૭.૫૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. મૃતકની ઓળખ પવન સુનીલ પાટીલ તરીકે થઇ હોઇ તે જળગાંવ જિલ્લાના નસિરાબાદનો રહેવાસી હતો.


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૧૪૯-એ)

### ૧૭. જગ્યા આપવી છે

**મુલુંડ ઈસ્ટ**

**વેચવાનો છે મુલુંડ (ઈસ્ટ)માં લોઢા રિગલીયા ખાતે ૩.૫ બી.એચ.કે. (૧૧૪૬ ચો. ફૂટ કારપેટ) ૨૧મા માળે સાથે ૨ રીઝર્વ કાર પાર્કિંગ મોકાની જગ્યા, રેલવે સ્ટેશનથી ૫ મીનીટ સુવિધાઓ: કલબ હાઉસ, જીમ, સ્વીમીંગ પુલ અને ઘણી વધુ સુવિધાઓ ઓસી સાથે તૈયાર કબજો અપેક્ષિત કિંમત: ૩.૨૫ કરોડ. સંપર્ક: prity.satra@gmail.com અથવા 8108181540. (બી-૧૭૭૦૫)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**CHURCHGATE**

One Offices for Sale Carpet 230. Rate 1.23 Cr. Final Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines WhatsApp 70218 31500. (B-17740)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતિષ**

**જન્મતારીખ સમય વોટ્સએપ કરો. લગ્નયોગ ક્યારે ભાગ્યોદય ક્યારે ફી લેવામાં આવતી જ નથી, વાતો ન કરો. રિઝલ્ટ માગો. 7304586200. (૧૧૩૬-એ)**

**ગુરુજી**

(ફી પછી) લોકો દૂર દૂરથી દરેક કામ અર્જન્ટ કરાવે. તૂટેલા પ્રેમીનું મિલન, છુટાછેડા, શત્રુનાશ, સ્પેશિયાલિસ્ટ. 7069168345. (બી-૧૭૬૭૫)

**શ્રીજી જ્યોતિષ**

અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ, જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૭૬૭૮)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' : ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૧૪૨-સી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)



મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## જૈન મરણ

**જામનગર વિશા ઓશવાળ જૈન**

અરુણાબેન મધુકર પારેખ (ઉં. વ. ૭૯) તે સ્વ. બાબુલાલ મોહનલાલ પારેખના પુત્રવધૂ તથા સ્વ. મધુકર બાબુલાલ પારેખના ધર્મપત્ની તા. ૧૮-૬-૨૬ને રોજ ગુરુવારના દિવસે અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. પારસ તથા ભાવેનના માતુશ્રી અને દિના ભાવેન પારેખના સાસુ તથા ચિ. ધ્વનીના દાદી. પિયરપક્ષ-સ્વ. કાંતિલાલ કાલીદાસના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ ડોમ્બીવલી, સ્વ. હસુમતીબેન હસમુખરાય દોશીના પુત્ર. સ્વ. હરેન્દ્રભાઈના ધર્મપત્ની ભાવનાબેન (ભારતીબેન) (ઉં. વ. ૭૧) તા. ૧૭.૬.૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે દિનેશભાઈ, સ્વ. ભારતીબેન મહેન્દ્રકુમાર દોશી, માયાબેન નીતિનકુમાર શાહના ભાભી. રીનાબેન (રમાબેન)ના જેઠાણી. મનન, ધરતી(ધરા) રોનકકુમાર દોશી, જીનલ દેવાંગકુમાર દોશીના માતુશ્રી. પિયરપક્ષે સૌભાગ્યચંદ પાનાચંદ દોશી (ઉનાવાળા)ના દિકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. રહેઠાણ: જય નીલકંઠ, ૧લે માળે, રૂમ નં.૧૦૬/૧૦૭, ફડકે રોડ, ગુલશન જ્યુસ ગલી, ડોમ્બીવલી ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના ભાવિન કંચનબેન કિરીટ ગાલા (ઉં. વ. ૪૩) તા. ૧૭/૬/૨૦૨૬ને બુધવારના દેહપરિવર્તન કરેલ છે. કુંવરબાઇ ધારશી શીવજીના પૌત્ર. પાનબાઇ ડો. લાલજી રામજી સાવલાના દોહિત્ર. ગં.સ્વ. કંચનબેન કિરીટના સુપુત્ર. વિશાલના ભાઇ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં. કરસન લધુ નિસર હોલ (દાદર) ટા. ૨ થી ૩.૩૦. ચક્ષુદાન કરેલ છે. નિ. કંચન ગાલા, ૧૪૦૨, એ- વીંગ, સાન્વી હાઇટ્સ, રામમંદિર રોડ, ઓશીવરા, ગોરેગામ, મુંબઇ -૪૦૦૧૦૪.

ડોણના વસંતલાલ તેજશી વીરા (ઉં. વ. ૭૬) તા. ૧૭.૬.૨૬ના અવસાન પામેલ છે. કુંવરબેન તેજશીના પુત્ર. નીતા (ઝવેર)ના પતિ. હિમ્મત, મહેશ, બેરાજા વનિતા હિતેશના પિતા. મેઘજી, રતિલાલ, રાઘવજી, સુરજ, ગોધરા જેઠીબેન દેવરાજ, ડોણ દેવકાબેન દામજી, ભારાપર નાનબાઈ કુંવરજીના ભાઈ. ચાંગડાઈ સુંદરબેન મુરજી નાગડા ના જમાઈ. ચક્ષુદાન, ત્વચા દાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હિમ્મત વસંતલાલ વીરા, ૬૦૧, ૐ ક્રિષ્ણા કૃપા સોસાયટી, વિઠ્ઠલ મંદિર રોડ, દત્ત-નગર, ડોમ્બિવલી પૂર્વ.

ટુન્ડાના શાંતિલાલ વીરજી ગોગરી (ઉં. વ. ૭૯) તા. ૧૭/૬ના અવસાન પામેલ છે. કુંવરબાઈ વીરજી જેવતના પુત્ર. કસ્તુરબેનના પતિ. હિના, હર્ષા, ધર્મેશ, મિનલના પિતા. ભુજપુર કુંવરબાઈ પ્રેમજી વેલજી છેડા, ખીમઈબાઈ કુંવરજી ભેદાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી સરનામું : હીના ગાલા, ૧૦૮, સાઇ દ્વારકા, જય હિન્દ સિનેમાની સામે, ડો. બી.એ. રોડ, ચિંચપોકલી, મુંબઇ-૧૨.

**સ્થાનકવાસી જૈન**

અમરેલી નિવાસી હાલ મુંબઇ શશીકાંતભાઇ રામજીભાઇ મહેતાના ધર્મપત્ની અ. સૌ. ભારતીબેન (ઉં. વ. ૮૦) તે તા. ૧૬-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અલ્પેશભાઇ, હિરેનભાઇ, પિયુષભાઇ, કાશ્મીરાબેન જીતેન્દ્રકુમાર મિયાણીના માતુશ્રી. બીનાબેન, વૈશાલીબેન, મમતાબેન, સ્વ. જિતેન્દ્રકુમાર અમૃતલાલ મિયાનીના સાસુ. રમાબેન ભોગીલાલ મહેતા, જયશ્રીબેન મહેન્દ્રભાઇ મહેતાના ભાભી. જીનલ પ્રજ્ઞેશકુમાર પારેખ, યાજ્ઞિક, હર્ષ, તેજસના બા. પિયરપક્ષે સ્વ. અમૃતલાલ વેલજીભાઇ દોશીની દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૧-૬-૨૬ને રવિવારના સવારે ૧૦થી ૧૨. ઠે. શાંતિસાગર હોલ, આદિનાથ દિગંબર જૈન, અંધેરીની સામે, ચામુંડા સર્કલ, મંડપેશ્વર રોડ, બોરીવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પોરબંદર નિવાસી હાલ દહીંસર સ્વ. રંજનબેન ચંપકલાલ અડોદરાના સુપુત્ર ઉદયભાઇ (ઉં. વ. ૬૫) તે કિરણબેનના પતિ. યશના પિતા. દર્શાના સસરા. દ્વિજાના દાદા. ભાવિન લાજુના ભાઇ. રાજકોટ નિવાસી સ્વ. કુસુમબેન હરીલાલ બોઘાણીના જમાઇ તા. ૧૪-૬-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે. ચક્ષુદાન કરેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘેટી નિવાસી (હાલ ગોરેગામ) હસમુખરાય ખુશાલદાસ મહેતાના ધર્મપત્ની સરલાબેન (ઉં. વ. ૮૬) તા. ૧૮-૬-૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. તે શ્રેણિક, મનિષા, હિમલના માતુશ્રી. યોગીતા, અશોક શાહ, ભ્રદેશ જોગાણીના સાસુ. સ્વ. વ્રજલાલભાઇ તથા પ્રતાપભાઇના ભાભી. પિયર પક્ષે સાવરકુંડલા હાલ ગોરેગામ સ્વ. સુંદરજી ગીરધરલાલ શેઠના દીકરી. ત્વચાદાન કરેલ છે, સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. શ્રી હસમુખાય મહેતા, ૧૪૧૨, ઇ-વિંગ, રોયલ સમ્રાટ, એસ.વી. રોડ,ગોરેગામ (વે).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

નાગનેશ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કસ્તુરચંદ તલકશી શેઠના સુપુત્ર. સ્વ. રમણીકભાઇના ધર્મપત્ની જયોતીબેન (સરોજબેન) (ઉં.વ.૭૮) તે જીગ્નેશના મમ્મી. મીતલના સાસુ. સુયાંશના દાદી. તે પિયરપક્ષે ધ્રાંગધ્રા નિવાસી સ્વ. રંભાબેન નરોતમદાસ સંઘવીન દીકરી તા. ૧૫-૬-૨૬ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત વિશાશ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી, હાલ મુંબઈ. મેણાબેન તે સ્વ. ડો. જયંતીભાઈ મોહનલાલ દીપચંદ ચોકસીના ધર્મપત્ની, (ઉં. વ. ૯૦) તા: ૧૭.૬.૨૬ ના રોજ અરિહંતશરણ પામ્યા છે. તેઓ સ્વ. શાંતિભાઈ સ્વ. કાંતિભાઈ, સ્વ. કુસુમબેન, સ્વ. અરવિંદભાઈ, સ્વ સરોજબેનના ભાભી. પિયરપક્ષે લલીતાબેન કેશવલાલ બુલાખીદાસ કાપડિયાના દીકરી. નવીનભાઈ, ધીરુભાઈ, રમણીકભાઈ, અશ્વિનભાઈ, હસુમતીબેન, જયાબેન, ઇન્દિરાબેન, સુર્યાબેન, કુસુમબેનના બેન. સરનામું: ૩ડી ક્રીસ્ટલ, ૩૬ અલ્ટમાઉન્ટ રોડ, મુંબઈ-૨૬. લૌકિક વ્યવહાર બંધ છે.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડ નિવાસી હાલ ઘાટકોપરના જયંતીલાલ પટેલ (ઉં. વ. ૬૯) બુધવાર, તા. ૧૭.૬.૨૬ના અવસાન પામેલ છે. તે સ્વ. જીવણલાલ મણીલાલ તથા નંદકોરબેનના પુત્ર. તે ભારતીબેનના પતિ. તે સુરેશભાઈ-ભાવનાબેન, ગં. સ્વ. કમળાબેન ભગવાનદાસ, કોકીલાબેન જિતેન્દ્રભાઈ, જયોતીબેન નીતિનભાઈના ભાઈ. તે ફાલ્ગુનીબેન વિશાલ શ્રોફ, કિંજલબેન સચિન ચૌહાણના પિતા. એરુ નિવાસી સ્વ. છગનભાઈ અને સ્વ. મધુબેનના જમાઈ. હિરલબેન, પ્રતીકના કાકા. વિહિતા અને વેદાંતિકાના નાના. પ્રાર્થનાસભા: શુક્રવાર, તા. ૧૯.૬.૨૬ના ૨ થી ૪. પુચ્છપાણી રવિવાર, ૨૮.૬.૨૬ના ૪ થી ૬. સ્થળ: રામચંદ્ર ગવળી ચાલ, રૂમ નં. ૧, પારસી વાડી, ઘાટકોપર (વે). મુંબઈ-૮૬. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**સિહોર સં. ઔ. અ. બ્રાહ્મણ**

મુલુંડ નિવાસી સિહોરનાં વતની સ્વ. પ્રમોદાબહેન વતનકુમાર મહેતાના પુત્ર સ્વ. કેતનભાઇ (ઉં. વ. ૫૭) તે ઉર્મિલાબેનના પતિ. ચૈતાલી અનીષકુમાર ગંગર તથા કુ. ખ્યાતિના પિતા. સપનાબેન જયદીપ જાની, પરીતા, ચેતના સમીરકુમાર પંડયાના ભાઇ. સ્વ. કાંતાબેન, હિંમતલાલ મહેતાના ભાણેજ. તે સ્વ. રૂક્ષ્મણીબેન શંભુલાલ તન્નાના જમાઇ. તા. ૧૬-૬-૨૬ના મંગળવારે સ્વર્ગવાસ થયેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૯-૬-૨૬ને શુક્રવારે સાંજે ૫થી ૭. ઠે. કાલીદાસ બેન્કવેટ હોલ, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ).

**કપોળ**

ડુંગર તામસાવાળા હાલ ભાવનગર, સ્વ. જયંતીલાલ રામજી વોરા તથા સ્વ. ભાગુબેન જયંતિલાલ વોરાના પુત્રવધૂ કવિતા પ્રવિણચંદ્ર વોરા (ઉં. વ. ૬૯) તા. ૧૬/૦૬/૨૬ને મંગળવારના શ્રીજીચરણ પામેલ છે તે રમેશભાઈ- મનીષાબેન, ગં. સ્વ. શારદાબેન રમણલાલ મેહતા, સ્વ. નયનાબેન શૈલેષકુમાર મહેતા, સ્વ. નીરૂબેન સુમનલાલ મહેતા, જયશ્રીબેન શૈલેષકુમાર મહેતા, જ્યોતિબેન નયનકુમાર નાયર તથા કિરીટભાઈ-ફાલ્ગુનીબેનના ભાભી. હેમલ-પ્રાચી, અર્ચના નીરવ કોટેચા તથા ગૌરાંગના કાકી. પિયરપક્ષે સ્વ. મંજુલાબેન બાલગોવિંદજી ખત્રીના પુત્રી. રાજુભાઈ, દિનેશભાઈ અને રંજનબેન કનૈયાલાલ ખત્રીના બહેન. લૌકિક ક્રિયાઓ બંધ રાખેલ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

ભેરાઇવાળા, ભૂપેન્દ્રભાઈ ગોકળદાસ દોશી (ઉં. વ. ૮૪) તા. ૧૭.૦૬.૨૬ને બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. સ્વ. મગનભાઈ, સ્વ. જમનાદાસભાઈ, સ્વ. પરમાણંદભાઈ, સ્વ. ધીરજલાલભાઈના ભાઈ. કેતનના પિતાશ્રી. બીજલના સસરા. ધમતરીવાળા સ્વ. નટવરલાલ દુર્લભદાસ ગાંધીના જમાઈ. ધીરના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ છે.

**પાવરાઈ ભાટિયા**

ગામ મંજલ, હાલ ઘાટકોપર, વિજયસિંહ લીલાધર આશર (ઉં. વ. ૯૪) બુધવાર તા.૧૭-૬-૨૬ નાં શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. લીલાધર આનંદજી અને પ્રેમાબાઈના સુપુત્ર. સ્વ. પુષ્પાબેન આશરના પતિ. સ્વ. જમનાદાસ ઉમરશી લાલાઈનાં જમાઈ. કલ્યાણજીભાઈ, સ્વ. જયાબેન અને સ્વ. શાંતૂબેનનાં ભાઈ, અ.સૌ. હીરાબેનના જેઠ. પ્રતીક, નંદિતા, મહેકનાં દાદા-નાના. સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સ્વ. ભારતીબેન ઇશ્વરદાસ હરકિશનદાસ સંઘવીના સુપુત્ર સંજય (મહુવાવાળા) કાંદિવલી (ઉં. વ. ૬૧) બુધવાર, તા. ૧૭-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે નીતા નીતિન પારેખ, કમલેશ નિખિલના ભાઇ. અનિતાના દેર. રેણુના જેઠ. તે ડિમ્પલ, જીનલ, મહિમા, કરણ, અદિતિના કાકા. જય, જયોતિના મામા. લૌકિક પ્રથા અને પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

કુક્કડ હાલ ઘાટકોપર સ્વ. હંસાબેન અનંતરાય રામજીભાઇ મહેતાના સુપુત્ર તુષાર (ઉં. વ. ૬૧) તે અમેશ, અંજનાબેન, વિરેન્દ્ર દેસાઇ તથા ઉર્વશીબેન નલીનભાઇ શાહના ભાઇ. સ્વ. શીલાના પતિ. સૌમીલના પિતા. તા. ૧૭-૬-૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. હરીરામ દયાલજી ગણાત્રાના ધર્મપત્ની ગં. સ્વ. હંસાબેન (ઉં. વ. ૮૨) તા. ૧૪-૬-૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. અનસુયાબેન મંગલદાસ,ગં. સ્વ. દમયંતીબેન મુલજી, ગં. સ્વ. મુક્તાબેન કુંવરજના દેરાણી. ગં. સ્વ. પૂર્ણિમાબેન કિશોર, ગં. સ્વ. રેખાબેન પ્રકાશ, અ.સૌ. અંજનાબેન મનોજ, અ. સૌ. શબનમબેન અનિલના સાસુ. સ્વ. મમીબેન ભવાનજી સચદેના પુત્રી. સ્વ. સૂર્યકાન્તભાઇ, સ્વ. રમેશભાઇ, સ્વ. મણિબેન કાનજી રૂપારેલ, અ. સૌ. ઇન્દુબેન મુલજી ઠક્કરના બહેન. તે સ્વ. રસ્મીબેન અને ગં. સ્વ. નિર્મલાબેનના નણંદ. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

## પારસી મરણ

પરવીઝ નોશીર ભાદા તે મરહુમ નોશીરના ધનીયાની. તે મરહુમો પુતલા નરીમાન કુકાના દીકરી. તે યાસમીન, જીમી ને ફરોખના માતાજી. તે મોનીશ ને શામનાઝના સાસુજી. તે ખુખરવ, પશાન ને સાઇરસના બપઇજી. (ઉં. વ. ૮૭) રે. ઠે. ગાર્ડન વીયુ, ફ્લેટ નં.૨૪, એલ.ટી. રૂપારેલ માર્ગ, કમલા નેહરુ પાર્ક સામે, મલબાર હીલ, મુંબઇ-૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૬-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે સોહર અગિયારીમાં છેજી.

છેલ્લા પાનાનું ચાલુ

### પહેલી જુલાઈથી

પાલિકાના અધિકારીઓએ એવો સંકેત આપ્યો છે કે જો વરસાદ અપેક્ષા કરતાં ઓછો રહેશે તો પાણી કાપ વધારવાની યોજના છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) અનુસાર, ૨૫ જૂનની આસપાસ ચોમાસાની પ્રવૃત્તિ મજબૂત થવાની ધારણા છે. જોકે પાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે વધુ પ્રતિબંધો અંગે નિર્ણય લેતા પહેલા પાલિકા વરસાદ અને જળાશયોના સંગ્રહ પર નજીકથી નજર રાખશે.

**રિઝર્વ સ્ટોકનો ઉપયોગ થશે**

જળાશયોમાં પાણીની સપાટીમાં ઘટાડો થઈ રહ્યો છે, તેની સામે વરસાદ હજી લંબાઈ જાય તો ભાતસા અને અપર વૈતરણા બંધમાંથી રિઝર્વ સ્ટોકનું પાણી ઉપાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેથી ભાતસામાંથી એક લાખ ૪૭ હજાર મિલ્યન લિટર અને અપર વૈતરણામાંથી ૯૦,૦૦૦ મિલ્યન લિટર પાણીનો સ્ટોક ઉપલબ્ધ થવાનો છે. તેથી કુલ ૨ લાખ ૩૭ હજાર મિલ્યન લિટર પાણી ઉપલબ્ધ થવાનું છે. આ પાણીનો સ્ટોક ૨૭ ઓગસ્ટ સુધી ચાલશે એટલો છે.

### બેસ્ટ કર્મચારીઓ

સાથે ચર્ચા કરી હતી. જોકે કોઈ ઉકેલ નહીં આવતાં ગુરુવારે ૧૮ જૂનના બેસ્ટ સંયુક્ત કામગાર કૃતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેસ્ટના કામદારોની માંગણીઓનો કોઈ ઉકેલ ન લાવ્યો હોવાથી, ગુરુવારે મધ્યરાત્રિ ૧૨.૦૦ વાગ્યાથી હડતાળ પર ઊતરી જવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેસ્ટ સમિતિના સભ્ય અને શિવસેના (ઉદ્ધવ) જૂથના નેતા નીતિન નંદગાંવકર દ્વારા હડતાળની જાહેરાત કરવામાં આવી હતી.

દરમ્યાન આ હડતાળને કારણે, મુંબઈગરાને મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી શક્યતા છે કારણકે બેસ્ટની બસોને મુંબઈગરાની બીજી લાઈફલાઈન ગણવામાં આવે છે. બીજી તરફ, આ હડતાળની પૃષ્ઠભૂમિમાં જાહેર હિતને ધ્યાનમાં રાખીને બેસ્ટ વહીવટીતંત્રે આવશ્યક સેવા અધિનિયમ (મેસ્મા) લાગુ કર્યો છે.

### ગેરહાજર છ સાંસદ

પાર્ટીના એકમાત્ર રાજ્યસભા સાંસદ સંજય રાઉત પણ હાજર રહ્યા હતા. બાકીના છ સાંસદોની ગેરહાજરીથી પાર્ટીના સંસદીય રેન્કમાં વિભાજનની પુષ્ટિ થઈ હતી.

બેઠકમાં ગેરહાજર રહેલા સાંસદોમાં નાગેશ આષ્ટિકર, સંજય દેશમુખ, સંજય જાધવ, સંજય દિના પાટિલ, ઓમપ્રકાશ રાજે નિમ્બાળકર અને ભાઉસાહેબ વાકચૌરેનો સમાવેશ થાય છે.

બેઠક બાદ સાવંતે પત્રકારોને જણાવ્યું હતું કે છ સાંસદોને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવશે.

'આ સંદર્ભે વ્હીપ જારી કરવામાં આવ્યો હોવા છતાં તેઓ બેઠકમાં કેમ હાજર ન રહ્યા તે અંગે પૂછવામાં આવશે. તેમને જવાબ આપવા માટે સાત દિવસનો સમય આપવામાં આવશે અને જો તેઓ જવાબ નહીં આપે, તો અમે લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને તેમને ગેરલાયક ઠેરવવા માંગ કરીશું,' એમ શિવસેના (યુબીટી)ના લોકસભામાં ફ્લોર લીડર સાવંતે જણાવ્યું હતું.

### બળવાખોરોને વાય-પ્લસ

ઓમપ્રકાશ રાજે નિમ્બાલકર (ઉસ્માનાબાદ)ને સુરક્ષા પૂરી પાડવામાં આવી છે.

તે મુજબ, ૧૭ જૂનના પત્રમાં કહેવામાં આવ્યું છે કે આ સાંસદોને તાત્કાલિક અસરથી વાય-પ્લસ સુરક્ષા પૂરી પાડવી જોઈએ.

આ સાંસદોએ ગુરુવારે દિલ્હીમાં ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીની મહત્વપૂર્ણ સંસદીય પક્ષની બેઠકમાં હાજરી આપી ન હતી, જે ઔપચારિક ઉલ્લંઘન દર્શાવે છે.

વાશિમમાં શિવસેના (યુબીટી)ના એક સ્થાનિક નેતાએ બુધવારે સંજય દેશમુખને ચેતવણી આપી હતી કે જો તેઓ સાંસદ તરીકે રાજીનામું આપ્યા વિના વફાદારી બદલશે તો તેમને મતવિસ્તારમાં પાછા ફરવા દેવામાં આવશે નહીં અને તેમની કારને આગ લગાવવામાં આવશે.

### જાતિ પ્રમાણપત્ર

ઘટીને ૬૪ નગરસેવકોની થઈ ગઈ છે. દીપક સાવંત ભાંડુપના ઓબીસી રિઝર્વ વોર્ડ નંબર ૧૧૧ માંથી ચૂંટાયા હતા. ડિસ્ટ્રિક્ટ કાસ્ટ સ્ક્રુટિની કમિટી દ્વારા તેમના જાતિ પ્રમાણપત્રને અમાન્ય જાહેર કર્યા પછી પાલિકા ગૃહે ઔપચારિક રીતે તેમની ગેરલાયક ઠેરવવાની જાહેરાત કરી હતી. ચૂંટણીમાં બીજા ક્રમે રહેલા અને આ મામલાને કોર્ટમાં પડકારનારા ભાજપના સારિકા પવાર હવે આ બેઠક પર દાવો કરવા માટે આગળ આવી શકે છે.

દીપક સાવંતની ગેરલાયક ઠેરવવાનો મામલો કંઈ નવો નથી. ભૂતકાળમાં ડિસ્ટ્રિક્ટ કાસ્ટ સ્ક્રુટિની કમિટી દ્વારા તેમના જાતિ પ્રમાણપત્રોને અમાન્ય જાહેર કર્યા પછી ઘણા નગરસેવકોએ તેમની બેઠકો ગુમાવી દીધી હતી. .ગોવંડીમાં ઓબીસી રિઝર્વ વોર્ડ નંબર ૧૩૭ માંથી ચૂંટાયેલા એઆઈએમઆઈએમના શમીર રમઝાન પટેલનો પણ આવો જ એક કેસ છે. અહિલ્યાનગર જિલ્લા ડિસ્ટ્રિક્ટ કાસ્ટ સ્ક્રુટિની કમિટીએ તેમના જાતિ પ્રમાણપત્રને અમાન્ય ઠેરવ્યું હતું, પરંતુ કોર્ટમાંથી વચગાળાની રાહત મળ્યા બાદ તેમના સભ્યપદ રદ કરવાના પ્રસ્તાવને સ્થગિત કરવામાં આવ્યો હતો, જેનાથી તેઓ નગરસેવક તરીકે ચાલુ રહી શક્યા હતા.

આ દરમ્યાન શિવસેના (ઠાકરે) માં અસંમતિ અંગે ચાલી રહેલી અટકળો વચ્ચે, ૧૭ અને ૧૮ જૂને પાલિકાની સામાન્ય સભામાં પહેલી વાર નગરસેવિકા બનેલા રાજુલ સંજય પાટીલની ગેરહાજરીથી નવો રાજકીય વિવાદ શરૂ થયો છે. સ્થાનિક પક્ષના કાર્યકરોના વિરોધ છતાં શિવસેના (ઠાકરે) ના સાંસદ સંજય દિના પાટીલની પુત્રી રાજુલને ભાંડુપથી ટિકિટ આપવામાં આવી હતી, જ્યારે શિવસેના (ઠાકરે) ના ભૂતપૂર્વ નગરસેવિકા અનિશા મઝગાંવકરને નોમિનેશન નકારવામાં આવ્યું હતું. પક્ષમાં હાલ ચાલી રહેલા તણાવ વચ્ચે તેમની ગેરહાજરી હવે તીવ્ર ચર્ચાનો વિષય બની ગઈ છે.

### 'આ' સાંસદ

સાંસદો પ્રત્યે વિવિધ સ્થળોએ મતદારો અને વફાદાર શિવસૈનિકોમાં તીવ્ર રોષ સ્પષ્ટ છે. આ પૃષ્ઠભૂમિમાં , ઉદ્ધવ ઠાકરે તેમના પદાધિકારીઓને બળવાખોર નેતાઓને જાહેરમાં જવાબદાર ઠેરવવા અને તેમને તેમના મતવિસ્તારમાં ઘેરવા સીધા આદેશ આપે તેવી શક્યતા છે.

છ સાંસદોના ગયા પછી શિવસેના ખતમ થઈ ગઈ હોવાનો દાવો કરનારા ટીકાકારોનો સામનો કરવા માટે ઉદ્ધવ ઠાકરે પોતે મેદાનમાં ઉતરવાના છે. આ ડેમેજ-કંટ્રોલ ઝુંબેશ મુંબઈથી શરૂ કરવામાં આવી રહી છે અને સંજય દિના પાટિલને તેમના પોતાના મતવિસ્તારમાં ઘેરવા માટે 'ઠાકરે-બ્રાન્ડ' રણનીતિ ઘડી કાઢવામાં આવી છે. શુક્રવારે યોજાનારી બેઠક બાદ ઠાકરે જૂથ આક્રમક વલણ અપનાવશે તે સ્પષ્ટ છે.

### તાત્કાલિક કાર્યવાહી

જેના કારણે આ સાંસદોને ગેરલાયક ઠેરવવાની શક્યતા વધી રહી છે.

હાલમાં ચિત્ર એવું છે કે આઠ દિવસ પછી જ આ સાંસદો સામે કાર્યવાહી કરવામાં આવશે.

આ બધા સાંસદોને વ્હીપ આપવામાં આવ્યો હતો, પરંતુ તેઓ બેઠકમાં આવ્યા ન હતા. અમે આજે સાંજ સુધીમાં આ બધા સાંસદોને કારણદર્શક નોટિસ મોકલીશું. તેમણે સાત દિવસમાં જવાબ આપવો પડશે, એમ સાંસદ અરવિંદ સાવંતે જણાવ્યું હતું.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# મેટિની




કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# આમિરને જ્યોતિષ ફળશે કે જોનારા?

## પચીસ વર્ષ પહેલા બોક્સ ઓફિસ પર ટક્કર લઈ સફળતા મેળવનારા એક્ટરો સાથે ફરી સફળતાનું પુનરાવર્તન કરશે-કરી શકશે?

૧૫ જૂન, ૨૦૦૧માં એટલે કે બરાબર ૨૫ વર્ષ પહેલા બે અગ્રણી હિન્દી ફિલ્મ એક જ દિવસે રિલીઝ થઈ હતી. એક હતી આમિર ખાન પ્રોડક્શન્સની પહેલી ફિલ્મ 'લગાન' અને બીજી હતી અનિલ શર્મા દિગ્દર્શિત 'ગદરઃ એક પ્રેમ કથા'. ભારતીય ચિત્રપટ ઈતિહાસની આ અનોખી અને આકર્ષક ટક્કર ગણવામાં આવી હતી. કોણ કોને પછાડશે એ માટે પોતાની સમજણ કે પછી છાવણી અનુસાર અભિપ્રાય વ્યક્ત કરવામાં આવી રહ્યા હતા. કેટલાક લોકો એમ માનતા હતા કે આમિર બાજી મારી જશે તો સની દેઓલની આક્રમકતા સામે ભલભલા એક્ટર પાણી ભરે એવું કહેનારા સુધ્ધાં હતા. જોકે, અંતે તો પ્રેક્ષક માઈ બાપ સામે બંને છાવણી સાચી પણ પડી અને ખોટી સુધ્ધાં પડી.

'લગાન' હિટ થશે એ અનુમાન સાચું પડ્યું, પણ 'ગદર' રગદોળાઈ જશે એ ધારણા સાવ ખોટી પડી. અસ્સલ આ જ દલીલ 'ગદર' માટે પણ લાગુ પડી. બંને ફિલ્મને દર્શકોએ બહોળો આવકાર આપ્યો. 'ફિલ્મ સારી હોય તો દર્શકો દોડ્યા દોડ્યા આવે' એ જૂની અને જાણીતી વાતનું ફરી રટણ કરવામાં આવ્યું.

૨૦૨૬માં આમિર ખાન અને સની દેઓલની ફિલ્મ રિલીઝ થઈ રહી છે. બેઉની ફિલ્મ અલગ અલગ નથી, પણ બંનેના સહિયારા પ્રયાસ તરીકે 'બટવારા ૧૯૪૭' નામની ફિલ્મ ૧૪ ઓગસ્ટના દિવસે આવી રહી છે. આમિર ખાન ફિલ્મનો નિર્માતા છે અને સની દેઓલ મુખ્ય ભૂમિકામાં છે. એવું કહેવાય છે કે ફિલ્મમાં એક્ટર આમિરની ઝલક જોવા મળશે. સંભવતઃ સની સાથેના કોઈ લાગણીભીના દૃશ્યમાં હશે, જે ફિલ્મનું એક આકર્ષણ સાબિત થઈ શકે.

'લાલસિંહ ચઢ્ઢા' (૨૦૨૨)ની ખતરનાક નિષ્ફળતા પછી 'હવે હું એક્ટિંગ નહીં કરું, માત્ર ફિલ્મ નિર્માણ પર ધ્યાન આપીશ' જેવી વાતો કરનારો આમિર 'સિતારે ઝમીં પર'ની સફળતાથી ગેલમાં આવી ગયો છે. નિર્માતા તરીકે તેમજ અભિનેતા તરીકે આવકાર મળતા ચાર વર્ષ પહેલાના ઘાવ રૂઝાઈ ગયા લાગે છે.

આ હરખમાં ઊભરો આવે એવી વાત એક જ્યોતિષે કરી છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું જ્યોતિષ અને છેલ્લાં કેટલાંક વર્ષથી શરૂ થયેલું ન્યૂમરોલોજિસ્ટ માટેનું વળગણ જાણીતું છે. એક જ્યોતિષે આગાહી કરી છે કે 'બટવારા ૧૯૪૭'ને બોક્સ ઓફિસ પર જ્વલંત સફળતા મળશે.' જ્યોતિષના કહેવા અનુસાર આમિર - સનીની કુંડળી હાલ તેમનો શ્રેષ્ઠ સમય ચાલતો હોવાનું દર્શાવે છે. તેમના ગ્રહોની દશા સારી છે જેનો લાભ આ ફિલ્મને મળશે. આગામી બાર મહિના બંને કલાકાર માટે ખૂબ મહત્ત્વના સાબિત થઈ શકે છે. એક રસપ્રદ વાત એ પણ છે કે ૨૫ વર્ષ પહેલા આમિર-સની એકબીજા સામે હરીફાઈમાં હતા. આ વખતે સહિયારો પ્રયાસ છે. આ કોમ્બિનેશન પાવરફુલ સાબિત થઈ શકે છે.

આમિર ખાનને જ્યોતિષમાં કેટલી શ્રદ્ધા છે - કેટલો વિશ્વાસ છે એની નથી ખબર. જોકે, એટલી ચોક્કસ ખબર છે કે 'પ્રેક્ષકોને ગમ્યું એ સાચું, બાકી બધું ખોટું' એ વાતથી આમિર સારી પેઠે પરિચિત છે.

ફિલ્મનું નામ અગાઉ 'લાહોર ૧૯૪૭' હતું જે હવે બદલીને 'બટવારા ૧૯૪૭' કરવામાં આવ્યું છે. આ નામફેર કોઈ એસ્ટ્રોલોજર કે ન્યૂમરોલોજીસ્ટના સૂચન કે સલાહથી નથી કરવામાં આવ્યું. આ બદલ પાછળ તાર્કિક કારણ છે. ટાઈટલમાં લાહોર શબ્દ વાત એ શહેર પૂરતી મર્યાદિત હોય એવી છાપ ઊભી કરે છે. જ્યારે 'બટવારા' વ્યાપક સ્વરૂપે વિભાજનની વાર્તા હોય એવું પ્રતીત થાય છે. ફિલ્મમાં કોઈ એક શહેરની કે એના રહેવાસીઓની પીડા પર ફોક્સ નથી કરવામાં આવ્યું. બલકે અહીં જનસમુદાયની પીડાની વાત છે.


કેટલાક વર્ષોથી ઈતિહાસના પુસ્તકોમાં સમાવેશ ન થયો હોય એવા ઈતિહાસને ખણખોદ કરી શોધી એના પર ફિલ્મ બનાવવાનો વાયરો ચાલી રહ્યો છે. 'બટવારા ૧૯૪૭' એવો જ એક પ્રયાસ છે. ફિલ્મનું દિગ્દર્શન રાજકુમાર સંતોષીએ કર્યું છે. અસગ઼ર વજાહત (પ્રખ્યાત નાટક 'જિસને લાહોર નહીં દેખા, વો જન્મા હી નહીં'ના લેખક) સાથે સંતોષી ફિલ્મના સહ લેખક પણ છે. સનીને કેવા રોલમાં ઢાળવો અને એની પાસેથી શ્રેષ્ઠ કામ કેવી રીતે મેળવવું એ રાજકુમાર સંતોષી સારી પેઠે જાણે છે. હકીકતમાં સની - સંતોષી ૩૦ વર્ષ પછી સાથે કામ કરી રહ્યા છે. ૧૯૯૬માં 'ઘાતક' ફિલ્મમાં સની હીરો હતો અને દિગ્દર્શક સંતોષી હતા. એ પહેલા એક્ટર - દિગ્દર્શકની જોડીએ 'ઘાયલ' (૧૯૯૦) અને 'દામિની' (૧૯૯૩) જેવી સુપરહિટ ફિલ્મો પણ આપી હતી. એટલે આ જોડી પર મદાર રાખવામાં આવી રહ્યો છે. શું આ જોડી વધુ એક સફળતા અપાવશે?

ફિલ્મમાં કોઈ યંગ હીરોઈન નથી. સ્ત્રી કલાકારોમાં પ્રમુખ નામ શબાના આઝમી અને પ્રીતિ ઝિન્ટાના છે. ટૂંકમાં કોઈ ગ્લેમર નથી. ફિલ્મના ગીતકાર જાવેદ અખ્તર છે અને સંગીતકાર તરીકે એ. આર. રેહમાન હાજર છે. એકંદરે પ્રૌઢ ચિત્ર ઉપસે છે. આજની તારીખમાં થિયેટરમાં ફિલ્મો જોવા જતા યંગસ્ટર્સને 'ધૂરંધર' જેવી આક્રમક ફિલ્મો વધુ આકર્ષિત કરે છે એ વાતાવરણમાં ભાગલાની વાતોમાં રુચિ પડશે? અલબત્ત, કઈ વાત કેવી રીતે રજૂ કરવામાં આવી છે એના પર બધું નિર્ભર છે. ■

કેન્દ્રની 'સંગીત-નાટક અકાદમી' દ્વારા...

# જાણીતા અદાકાર - દિગ્દર્શક કપિલદેવ શુક્લને પ્રતિષ્ઠિત પુરસ્કાર

ભારત સરકારની દિલ્હી સ્થિત 'રાષ્ટ્રીય સંગીત, નાટક અકાદમી' તરફથી ૨૦૨૫નાં ફેલોશિપ અને પુરસ્કારના નાટ્ય વિભાગમાં દિગ્દર્શક તરીકે કપિલદેવ શુક્લને પુરસ્કાર મળતો હોવાનું જાહેર થયું છે.



કપિલ શુક્લઃ 'આખરની આત્મકથા' નાટકનું એક હૃદયસ્પર્શી દૃશ્ય



સુરતના કપિલ શુકલને પુરસ્કાર માનનીય રાષ્ટ્રપતિના હસ્તે ખાસ સમારંભમાં એનાયત થશે. નાટક વિભાગમાં જ એમની સાથે, વિવિધ ભાષાના અન્ય ચાર દિગ્દર્શક, ત્રણ અભિનેતા અને બે નાટ્યકર્મીને પણ પુરસ્કાર આપવામાં આવશે.

માનવીય ભાવના- સ્ત્રી-પુરુષના અન્ય સંબંધોથી લઈને સામાજિક-કૌટુંબિક સંઘર્ષ-ઘર્ષણ જેવા અનેકવિધ મુદ્દા ઉજાગર કરતાં નાટકોની સશક્ત રજૂઆત દ્વારા એમની વાત પ્રેક્ષકનાં હૃદયનાં ઊંડાણ સુધી પહોંચાડવામાં કપિલ દેવ માહેર છે.

કપિલભાઈએ એકાંકી અને પૂર્ણ કદનાં મળી ૧૧૩ નાટક કર્યાં-કરાવ્યાં છે. એમાં ૯૬નું દિગ્દર્શન કર્યું છે તથા ૩૪નું લેખન-રૂપાંતર પણ કર્યું છે. સંગીત પણ કપિલભાઈનાં નાટકોનું આગવું પાસુ રહ્યું છે.

અભિનયમાં પરકાયા પ્રવેશના સિદ્ધાંતને ઊંધો વાળતા કપિલભાઈ માને છે કે અભિનેતાએ પાત્રની કાયામાં પ્રવેશવાનું નથી, એણે પોતાની કાયામાં પાત્રનો પ્રવેશ કરાવવાનો હોય છે.

કપિલ શુકલનાં અનેક નાટકોમાંથી દર્શકો અને સમીક્ષકો પણ સ્પર્શી ગયાં હોય એવાં કેટલાંક યાદગાર નામ યાદ કરીએ તો અષાઢી મૃગજળને કિનારે- તિરાડે ફૂટી કૂંપળ- આકાશ ઊગે છે ત્યારે - સુવ્વરની ઓલાદ - એના શ્વાસની હાથકડીઓમાં - રતનલાલની અમ્મા- હયવદન, થેંક્યુ મિસ્ટર ગ્લાડ - વૈશાખી કોયલ- ખેલંદો - પેરેલિસીસ તથા આખરની આત્મકથા, ઈત્યાદિ ગુજરાતી રંગભૂમિ પર એમનું યાદગાર પ્રદાન રહ્યું છે. આજે ૭૫ વર્ષે પણ કપિલભાઈ રંગભૂમિ સાથે સક્રિય સંકળાયેલા છે અને એમને આ અગાઉ રાજ્ય, રાષ્ટ્રીય કક્ષાનાં અનેક માન સન્માન-પારિતોષિક એનાયત થઈ ચૂક્યાં છે.

કેન્દ્રની સંગીત-નાટક અકાદમીનો આ પ્રતિષ્ઠિત પુરસ્કાર અગાઉ પ્રવીણ જોષી, સરિતા જોષી, કૈલાસ પંડ્યા, ડો. મહેશ ચંપકલાલ અને ડો. જગદીશ ત્રિવેદીને એનાયત થઈ ચૂક્યો છે અને હવે કપિલ શુકલ પણ આ યશસ્વી યાદીમાં જોડાઈ રહ્યાં છે એનો સવિશેષ આનંદ ગુજરાતી રંગભૂમિના દરેક નાટ્યપ્રેમીઓને પણ છે.

■ વિનિત શુકલ

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

# સ્ટૅન્ડ-અપ કોમેડિયનો હાઝિર હો... કેટલા બેફામ-કેટલા મોડર્ન?

*'લોકો પર હસો, લોકોનું અપમાન ન કરો.'*
*- ચાર્લી ચેપ્લિન*

* * *

*'દરેક પેઢીને લાગે છે કે તેની પછીની પેઢી બગડી ગઈ છે.'*
*- જ્યોર્જ ઓરવેલ*

* * *

*'વિનોદ એવી વસ્તુ છે જેની મજા બધાને આવે છે, સિવાય જેની મજાક થઈ હોય તેને.'*
*- વિલ રોજર્સ*

* * *




હમણાં મારો મિત્ર ચિંતિત ચહેરે મળવા આવ્યો. મને થયું કે શૅરબજારમાં નુકસાન થયું હશે કે ઘરમાં ઝઘડો થયો હશે, પણ એણે ધૂંધવાતા કહ્યું, 'મારો દીકરો રોજ મોબાઇલ પર સ્ટેન્ડ-અપ કોમેડી અને પોડકાસ્ટ જુએ છે.'

'એમાં શું પ્રોબ્લેમ છે?' મેં પૂછ્યું.

પછી એ ૪૫ ભૂંડી ગાળો આપતા બોલ્યો, એ જે જુએ છે એમાં ખૂબ ગાળો અને અશ્લીલતા હોય છે! આમ કહીને ફરી ૩૪ ગાળો આપી. મેં શાંત પાડ્યો ને પહેલાં તો એને ગાળો બોલતા અટકાવ્યો.

આ સમસ્યા દરેક ઘરમાં છે. ભારતમાં આજે નવી જ પ્રજાતિનો જન્મ થયો છે. પહેલાં બે પ્રકારના ગુરુ હતા. એક આશ્રમવાળા અને બીજા પુસ્તકોવાળા. હવે ત્રીજા આવ્યા છેઃ પોડકાસ્ટવાળા કે સ્ટેન્ડ-અપ કોમેડીવાળા! બ્રહ્માંડ કેમ બન્યું, વજન કેવી રીતે ઘટાડવું, કરોડપતિ કેવી રીતે બનવું, લગ્ન કરવા જોઈએ કે નહીં, ઊંઘ કેમ નથી આવતી?, સેક્સમાં શું પ્રોબ્લેમ છે? દરેક સવાલનો જવાબ કે મજાક તેમની પાસે છે. જો જવાબ ન હોય તો વિચિત્ર કે અશ્લીલ લાગતી ચર્ચા તો છે જ.

પહેલાં રાજુ શ્રીવાસ્તવ કે જોની લીવર સ્ટેન્ડ-અપ કોમેડીમાં માત્ર હસાવતા. હવેના હાસ્ય કલાકારો લોકોને પહેલાં ગાળો બોલે છે, પછી હસાવે છે, પછી જનતાને સમાજને ગાળો આપે છે, પછી સમાજને ગુસ્સો અપાવે છે, પછી માફી માગે છે ને પછી એ કોમેડી બધે વાયરલ થઇ જાય છે. ડિજિટલ યુગનું આ વિષચક્ર છે.

થોડા સમય અગાઉ સમય રૈનાના ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટને લઈને ચર્ચા ઉછળેલી. પછી રણવીર અલાહબાદિયાના એક પ્રશ્ને જે તોફાન ઊભું કર્યું તે કદાચ કોઈ સુપરસ્ટારની ફિલ્મ પણ ન કરી શકે.

થોડા સેકન્ડની વાંધાજનક ક્લિપ, લાખો વ્યૂઝ, ટીવી ડિબેટો, પોલીસ ફરિયાદો, રાજકીય નિવેદનો અને સોશ્યલ મીડિયામાં ઊહાપોહ. એક દિવસ પહેલાં જે રણવીર યુવાનો માટે સફળતાનું પ્રતીક હતો એ રાતોરાત આખા રાષ્ટ્રનો આરોપી બની ગયો. સોશ્યલ મીડિયામાં સવારે જેને જિનિયસ જાહેર કરાય છે એ સાંજ સુધી રાષ્ટ્રદ્રોહી અભદ્ર વિલન બની જાય છે.

તાજેતરમાં મરાઠી કોમેડિયન પ્રણિત મોરેએ કરેલ '૩૭૦ની બિરયાની'વાળા જોક અને એના કાર્યક્રમમાં કે.ઇ.એમ. હોસ્પિટલમાં મહિલા મેડિકલ સ્ટુડંટ ડોક્ટરે મડદાના ચીરફાડ અંગે કરેલા જોકને લઈને પણ ભારે વિવાદ થયો. મોરે પાછળ પોલિસ પડી છે, પેલી સ્ટુડંટને કોલેજમાંથી કાઢવાની માંગ થાય છે. છોકરીએ માફી પણ માગી છે, પણ ઇટ્સ ટૂ લેટ.

પ્રણિત મોરે કે સમય રૈના જેવા કલાકારોને સમજવા માટે કદાચ 'વય' કરતાં 'વાઇ-ફાઇ'નું મહત્ત્વ વધુ છે. ૫૫ વર્ષનાને ઘણીવાર સમજાતું નથી કે લોકો આમાં હસે છે શેના પર? જ્યારે ૨૦ વર્ષની વ્યક્તિ જમીન પર લોટપોટ થઈ આળોટે છે, કારણ કે આ પેઢી મીમ્સ, રીલ્સ અને ઇન્ટરનેટની ભાષામાં વિચારે છે. તેમની કોમેડી સાદીસીધી નહીં, પણ બેફામ ગંદી મજાકોમાં છે. તેમાં ક્યારેક જોક હોય છે, ક્યારેક સામાજિક કટાક્ષ તો ક્યારેક માત્ર વાહિયાત વલ્ગારીટી, પરંતુ એને તરત જ 'અશ્લીલ' કે 'વાહિયાત' કહીને નકારી દેવું એ એનો સહેલો ઉકેલ નથી.

દરેક જૂની પેઢીને નવી પેઢીનું હાસ્ય ફૂવડ કે બદ્તમીઝી લાગે છે. એક સમય હતો જ્યારે મરાઠી- હિંદી ફિલ્મોમાં દાદા કોંડકેને કે ક્યારેક ગુજરાતી ફિલ્મોમાં રમેશ મહેતાને ડબલ મીનિંગવાળા સંવાદો માટે વલ્ગર ગણવામાં આવતા. એ બધાં આજના ગાળાગાળી કરતા કોમેડિયનો સામે સાવ નિર્દોષ પારેવા લાગે. પછી સ્ટેન્ડ-અપ કોમેડિયન વીર દાસવાળી, આમિર ખાને બનાવેલી ફિલ્મ 'ડેલ્હી બેલી' આવી અને લોકોના ભવાં ઊંચા થઇ ગયેલાં. દરેક વખતે સૌને લાગ્યું કે ભારતીય સંસ્કૃતિ હવે ગઈ પણ ભારતીય સંસ્કૃતિનું સ્વાસ્થ્ય યુગોથી અદ્ભુત છે ને રહેશે. અગાઉનાં અશ્લીલ હોળી ગીતો કે ફટાણાં વખતે પણ સમાજ સારો ચાલતો ને આજેય ચાલે છે. આપણું કલ્ચર દર ૧૦ વર્ષે મૃત્યુ પામે છે અને દર ૧૧મે વર્ષે ફરી જીવંત થઈ જાય છે.

મુદ્દો એ છે કે શું દરેક વાત હાસ્યનો વિષય બની શકે? શું મૃત્યુ, બીમારી, ધર્મ, રાજકારણ કે વ્યક્તિગત દુઃખ પણ જોક બની શકે? પશ્ચિમમાં વર્ષોથી એમ મનાય છે કે હાસ્યની કોઈ સીમા ન હોવી જોઈએ. જ્યોર્જ કાર્લિન ગાળો બોલતા હતા, પણ લોકો તેમને ગાળો માટે નહીં, વિચાર માટે યાદ રાખે છે. આજે ઘણીવાર એવું લાગે છે કે આપણાં કલાકારો પાસે વિચાર ઓછા અને ગાળો વધારે છે. કોઇએ સરસ કહ્યું છેઃ જો તમારે બુદ્ધિશાળી માણસને હસાવવો હોય તો અવલોકન જોઈએ. જો તમારે વાયરલ થવું હોય તો વિવાદ પૂરતો છે.

ભારતીય સમાજ પણ થોડો વિચિત્ર રીતે મરજાદી ને દંભી પણ છે. ફિલ્મમાં ૫૦ લોકોની હત્યા જોઈ શકે છે. વેબ સિરીઝમાં ડ્રગ્સ, હિંસા અને લોહી જોઈ શકે છે, પરંતુ કોઈ ડબલ મીનિંગ જોક સાંભળે તો અચાનક સંસ્કૃતિને તાવ આવી જાય છે, પરંતુ સામે પક્ષે કેટલાક સ્ટેન્ડ-અપ શો જોતા એવું પણ લાગે છે કે જોક હજુ આવ્યો નથી એટલે ત્યાં સુધી ગાળો ચાલુ રાખો? એટલે બંને પક્ષ થોડા સાચા અને થોડા ખોટા છે. દરેક જોક પર કેસ થવો જોઈએ એવી વાત પણ ખોટી છે. પ્રોબ્લેમ ઘણીવાર ગાળમાં નથી હોતી. પ્રોબ્લેમ કોમેડી લખનારાની અક્કલ કે આળસમાં હોય છે. સારો જોક લખવો મુશ્કેલ છે. ગાળો બોલવી આસાન છે. ચાર્લી ચેપ્લિન આજે પણ જીવંત છે, કારણ કે તેણે માનવ સ્વભાવને સમજ્યો હતો. માત્ર લોકોની મજાક ઉડાવી નહોતી.

-તો આનો ઉકેલ શું? સેન્સરશિપ કે સજા? ના. ખરાબ કે ભદ્દા જોકને કાયદાથી હરાવી કે હટાવી શકાય નહીં. કલાકાર જો અભદ્ર બોલે છે તો લોકો અભદ્ર સાંભળીને હસે પણ છેને? માણે પણ છે ને? તો કલાકાર સાથે લોકોને એરેસ્ટ કરવાની કોઇ માગ કરે છે?

અગાઉ કલાકારોને સેન્સર બોર્ડનો ખોફ હતો. આજે કલાકારનો ડર સ્ક્રીનશોટ છે. એક ખોટું વાક્ય, એક બેદરકાર જોક અથવા એક સસ્તો વિવાદ અને ખતમ. સમાજ, સરકાર ને સોશ્યલ મીડિયાવાળાં બધાં કલાકાર પર તૂટી પડશે. આમાં સૌથી મોટી કોમેડી એ છે જે કોમેડીને બેન કરવા આપણે દોડીએ છીએ, તેને જ આપણે વધુ લોકપ્રિય બનાવી દઈએ છીએ. સવારે ગુસ્સે થઈએ, બપોરે ટ્વીટ કરીએ, સાંજે ટીકા કરીએ અને રાત્રે તેની ક્લિપને વધુ એક કરોડ વ્યૂઝ આપી દઈએ. ભારતમાં સ્ટેન્ડ-અપ કોમેડિયનો કે નટખટ પોડકાસ્ટરો આજે ટીનએજ અવસ્થામાં છે. થોડા બેફામ અને થોડા મોડર્ન.

ચલો, સમય જ કહેશે કે એ માત્ર વિવાદો જ ઊભા કરશે કે એવું હાસ્ય આપશે જે ૫૦ વર્ષ પછી પણ યાદ રહે. ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું-
દરરોજ કશું અનોખુ!

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# ત્રણ ડઝન શબ્દનું ટાઈટલ ધરાવતી ફિલ્મ


## કેટલીક હિન્દી ફિલ્મનાં નામ જો અંગ્રેજી અક્ષરોમાં લખવામાં આવે તો એની લંબાઈ માત્ર જોઈને જરૂર હાંફી જવાય!

ગયા વર્ષે આવેલી કાર્તિક આર્યન અને અનન્યા પાંડેની રોમેન્ટિક કૉમેડી ફિલ્મ 'તૂ મેરી મૈં તેરા, મૈં તેરી તૂ મેરા' અને આ વર્ષે રિલીઝ થયેલી 'ભાભીજી ઘર પર હૈં, ફન ઓન ધ રન', આમિર ખાન પ્રોડક્શન્સની 'હેપ્પી પટેલ: ખતરનાક જાસૂસ' તેમજ 'હમ અંગ્રેઝો કે ઝમાને કે જેલર હૈં' ફિલ્મોમાં કઈ વાત સરખી છે?

એ બધી ફ્લોપ ફિલ્મો છે? ના. બધામાં કૉમેડીને પ્રાધાન્ય છે? હા. આ સિવાય પણ એક સામ્ય છે. આ ચારેય ફિલ્મનાં નામ જો અંગ્રેજી અક્ષરોમાં લખવામાં આવે તો એની લંબાઈ જોઈ હાંફી જવાય...

'આનંદ'નો મશહૂર સંવાદ 'જિંદગી બડી હોની ચાહિએ લંબી નહીં'માં જીવનદર્શન ટપકે છે, પણ હિન્દી ફિલ્મોના નામના ઈતિહાસમાં ક્યારેક અંધશ્રદ્ધા ટપકતી હોય છે. હિન્દી ફિલ્મોના નામ એક અક્ષરથી અધધ કહી શકાય એવા પચીસ અક્ષરથી પણ વધુ છે, અલબત્ત, અંગ્રેજી અક્ષરોમાં. ૨૦૦૫માં આવેલી રણદીપ હૂડા - ચંકી પાંડેની સફળ ફિલ્મ 'ડી' (D) વિશિષ્ટ ઉદાહરણ એટલા માટે છે કે હિન્દી અને અંગ્રેજી એમ બંને ભાષામાં એકાક્ષરી નામવાળી ફિલ્મ યાદ કરતા માથું ખંજવાળવું પડે. આમિર ખાન - રાજકુમાર હિરાણીની ૨૦૧૪માં આવેલી 'પીકે' (PK) હિન્દી - અંગ્રેજી એમ બન્ને ભાષામાં બે બે અક્ષર ધરાવે છે. રણવીરસિંહ, આલિયા ભટ્ટની 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'નું ટાઇટલ અંગ્રેજી અક્ષર પ્રમાણે ૨૬ અક્ષર લાંબું છે. અક્ષય કુમારની ગેંગસ્ટર ફિલ્મ 'વન્સ અપોન એ ટાઈમ ઈન મુંબઈ દોબારા'માં અધધધ ૨૯ અક્ષર હતા. રાજ કપૂરની 'જિસ દેસમેં ગંગા બહતી હૈ'માં ૨૪ અક્ષર હતા અને ગોવિંદાએ ૨૫ અક્ષરની 'જિસ દેસ મેં ગંગા રહતા હૈ' કરી હતી. ફરાહ ખાને અભિનય કર્યો હતો એ ફ્લોપ ફિલ્મ 'શિરીન ફરહાદ કી તો નીકલ પડી'માં ૨૬ અક્ષર હતા જયારે નસીરુદ્દીન શાહ, સ્મિતા પાટીલ, શબાના આઝમીની 'આલબર્ટ પિન્ટો કો ગુસ્સા ક્યોં આતા હૈ?'માં ૨૮ અક્ષર હતા. બીજા પણ કેટલાક ઉદાહરણ આની આસપાસના છે.




હોલિવૂડમાં પડદા પર ચાર કલાકથી વધુ સમય ચાલી હોય એવી બે ફિલ્મ બની છે. એક છે 'ક્લિયોપેટ્રા' (૧૯૬૩). ચાર કલાક અને ૮ મિનિટ (૨૪૮ મિનિટ) લાંબી ફિલ્મમાં એલિઝાબેથ ટેલર, રિચર્ડ બર્ટન અને રેક્સહેરિસન મુખ્ય કલાકાર હતા. ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ થઈ હતી અને એને ચાર ઓસ્કર અવૉર્ડ પણ મળ્યા હતા. બીજી છે શેક્સપિયરની કૃતિ 'હેમલેટ' પર આધારિત એ જ નામ ધરાવતી ફિલ્મ જે ચાર કલાક ને બે મિનિટ (૨૪૨ મિનિટ) લાંબી હતી. જોકે, આ બંને ફિલ્મના નામ બહુ લાંબા નથી.

લાંબા નામની વાત કરીએ તો ૧૯૯૧ની Night of the Day of the Dawn of the Son of the Bride of the Return of the Revenge of the Terror of the Attack of the Evil, Mutant, Hellbound, Flesh-Eating Subhumanoid Zombified Living Dead ફિલ્મમાં ૩૬ શબ્દ (અક્ષર જાતે ગણી લેજો) સાથે નંબર વનના સ્થાન પર છે. એકવીસમી સદીના સમયમાં લાંબા નામવાળી બે ફિલ્મ ખાસ ધ્યાન ખેંચે છે. એક છે Borat: Cultural Learnings of America for Make Benefit Glorious Nation of Kazakhstan(૨૦૦૬) અને બીજી છે ૨૦૦૩માં આવેલી Easy Riders, Raging Bulls: How the Sex, Drugs and Rock 'N' Roll Generation Saved Hollywood.

થોડા ભૂતકાળમાં નજર નાખીએ તો ૧૯૬૪માં Dr. Strangelove or: How I Learned to Stop Worrying and Love the Bomb નામની ફિલ્મ આવી હતી. સવાલ એ થાય છે કે ફિલ્મ જોઈને આવેલા પ્રેક્ષકને પૂછવામાં આવ્યું હશે કે કઈ ફિલ્મ જોઈ આવ્યા તો શું જવાબ આપ્યો હશે?

પહેલા બે શબ્દ, છેલ્લા બે શબ્દ કે પછી પોસ્ટર કે એડવર્ટાઈઝમેન્ટ જ બતાવી દીધા હશે.

### 'નારદ લીલા'માં ભગવાન વિષ્ણુ અને 'વિષ્ણુ પુરાણ'માં દેવર્ષિ નારદ

શાહુ મોડક મરાઠી અને હિન્દી ચિત્રપટના જાણીતા કલાકાર હતા. ૧૯૩૨માં 'શ્યામ સુંદર' ફિલ્મમાં શ્રીકૃષ્ણના રોલથી શરૂઆત કરનારા અભિનેતાએ ઘણી ફિલ્મમાં કૃષ્ણની લીલાથી ભાવિકોને મુગ્ધ કર્યા છે. પૌરાણિક પાત્રમાં તેમની હથોટી હતી. કારકિર્દીની શરૂઆત કૃષ્ણના કિશોરાવસ્થાના રોલથી કર્યા પછી શાહુ ભાઉને ભગવાન વિષ્ણુ તેમ જ ભોલેનાથ ભગવાન શંકર અને 'નારાયણ ...નારાયણ' નું રટણ કરતા દેવર્ષિ નારદ મુનિના પાત્ર ભજવવાની તક મળી હતી. ગુજરાતી દિગ્દર્શક મણિભાઈ વ્યાસની 'શંકર સીતા અનસૂયા' (૧૯૬૫) ફિલ્મમાં શાહુ મોડક શંકર ભગવાનના રોલમાં હતા. અન્ય ગુજરાતી દિગ્દર્શક ધીરુભાઈ દેસાઈની 'સંપૂર્ણ તીર્થયાત્રા' (૧૯૭૦) ફિલ્મમાં શાહુ મોડક વિષ્ણુ ભગવાનના અવતારમાં હતા. 'ભગવાન વિષ્ણુ'ની એક્ટિંગથી પ્રભાવિત થયેલા ધીરૂભાઇએ 'નારદ લીલા' (૧૯૭૨)માં મોડક ભાઉને ફરી વિષ્ણુ અવતારમાં રજૂ કર્યા. જોકે, ૧૯૭૩માં 'વિષ્ણુ પુરાણ' નામની ફિલ્મ બનાવનારા શ્રીધર પ્રસાદને શાહુ મોડક કદાચ વિષ્ણુ તરીકે નહીં રુચ્યા હોય એટલે તેમણે શાહુ મોડકને 'નારાયણ... નારાયણ' નું રટણ કરતા દેવર્ષિ નારદ મુનિ તરીકે રજૂ કર્યા. એ ફિલ્મમાં વિષ્ણુનો રોલ મહિપાલે કર્યો હતો. નારદની ફિલ્મમાં વિષ્ણુ ભગવાન અને વિષ્ણુ ભગવાનના ચિત્રપટમાં નારદનો રોલ. આવી સિદ્ધિ બહુ ઓછા અભિનેતાએ મેળવી હશે. ■


શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# સિનેમા વર્સસ અલ્ગોરિધમ

## અલ્ગોરિધમના યુગમાં શું સિનેમા આજે પણ લોકોને એકસાથે લાવી શકે છે?

થોડાં વર્ષો પહેલાં કોઈ મોટી ફિલ્મ રિલીઝ થતી એટલે તેના વિશે લગભગ દરેક જગ્યાએ વાત થતી. ઑફિસમાં, કૉલેજમાં, મિત્રો વચ્ચે કે પરિવારની બેઠકોમાં ચર્ચાનો વિષય ઘણીવાર એક જ ફિલ્મ હોય. 'ટાઇટેનિક', 'શોલે', 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે', 'જુરાસિક પાર્ક', 'હમ આપકે હૈ કૌન' જેવી ફિલ્મ્સ માત્ર હિટ નહોતી. તે એક એવો અનુભવ હતો જે લાખો લોકોએ સાથે જીવ્યો હતો. તમે ફિલ્મ જોઈ હોય કે ન જોઈ હોય, તેના ડાયલૉગ, ગીતો કે પાત્રો વિશે જાણતાં જ હો. એક રીતે જોઈએ તો સિનેમા લોકો વચ્ચેનું કૉમન કનેક્શન હતું.




આજે ચિત્ર ઘણું બદલાઈ ગયું છે. હવે દરેક વ્યક્તિના મોબાઇલમાં અલગ સોશ્યલ મીડિયા ફીડ છે, અલગ સ્ટ્રીમિંગ પ્લૅટફૉર્મ છે અને અલગ પ્રકારનું કન્ટેન્ટ છે. કોઈ કોરિયન ડ્રામા જોઈ રહ્યું છે, કોઈ ક્રાઇમ ડૉક્યુમેન્ટરીમાં રસ લે છે, કોઈ ઍનિમેશન જુએ છે અને કોઈ બોલિવૂડની રોમેન્ટિક ફિલ્મ્સ... અહીં રસપ્રદ વાત એ છે કે આ બધી પસંદગીઓ પાછળ ઘણીવાર અલ્ગોરિધમ (અલ્ગોરિધમ એટલે કોઈ કામ કઈ રીતે કરવું એની સ્પષ્ટ પદ્ધતિ) કામ કરતું હોય છે. આપણે શું જોઈએ છીએ, શું પસંદ કરીએ છીએ અને કઈ વસ્તુ પર વધારે સમય આપીએ છીએ તેના આધારે પ્લૅટફૉર્મ આપણને આગળનું કન્ટેન્ટ બતાવે છે. એટલે આજે બે મિત્રો એક જ શહેરમાં રહેતા હોય, એક જ ઑફિસમાં કામ કરતા હોય અને લગભગ એક જ ઉંમરના હોય છતાં તેમની જોવાની દુનિયા સંપૂર્ણપણે અલગ હોઈ શકે છે. આવા સમયમાં એક સવાલ સ્વાભાવિક રીતે ઊભો થાય છે. જ્યારે દરેક વ્યક્તિ પોતાની અલગ ડિજિટલ દુનિયામાં જીવતી હોય ત્યારે શું સિનેમા આજે પણ એવો અનુભવ સર્જી શકે છે જે લાખો લોકોને એક જ ચર્ચામાં જોડે?

પહેલી નજરે જવાબ 'ના' લાગે, કારણ પણ સ્પષ્ટ છે. પહેલાં વિકલ્પો ઓછા હતા. ટીવી ચૅનલો મર્યાદિત હતી, ફિલ્મ્સની સંખ્યા ઓછી હતી અને મોટા ભાગના લોકો એકસરખું કન્ટેન્ટ જોતા હતા. આજે સ્થિતિ તેની એકદમ વિરુદ્ધ છે. દર અઠવાડિયે ડઝન ફિલ્મ્સ, વેબ સિરીઝ અને ડૉક્યુમેન્ટરીઝ આવે છે. દર્શકો પાસે પસંદગી માટે એટલા બધા વિકલ્પો છે કે કોઈ એક ફિલ્મ માટે બધાનું ધ્યાન ખેંચવું મુશ્કેલ બની ગયું છે. જોકે હકીકત એ પણ છે કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં એવી ઘણી ફિલ્મ્સ અને શો આવ્યા છે જેણે સાબિત કર્યું છે કે સિનેમા હજુ પણ લોકોને એકસાથે લાવી શકે છે. ૨૦૨૩માં આવેલી 'બાર્બી' અને 'ઓપનહાઇમર' તેનું સૌથી મોટું ઉદાહરણ છે. બંને ફિલ્મ્સનો વિષય એકબીજાથી એકદમ અલગ હતો. એક રંગબેરંગી ફૅન્ટસી કૉમેડી હતી તો બીજી ગંભીર બાયોગ્રાફિકલ ડ્રામા, છતાં તેમની એક જ દિવસે થયેલી રિલીઝે દુનિયાભરમાં એક અનોખી ચર્ચા શરૂ કરી. લોકો બંને ફિલ્મ્સ એકસાથે જોવા જતા હતા, સોશ્યલ મીડિયા પર મીમ્સ બનાવી રહ્યા હતા અને થોડા સમય માટે દુનિયાભરના ફિલ્મપ્રેમીઓ એક જ ચર્ચાનો ભાગ બની ગયા.

હોલિવૂડમાં આ પહેલી ઘટના નહોતી. 'એવેટાર' જ્યારે રિલીઝ થઈ ત્યારે તેની ચર્ચા વર્ષો સુધી ચાલી. પછી 'એવેટાર : ધ વે ઑફ વૉટર'એ ફરી સાબિત કર્યું કે લોકો હજુ પણ મોટા પડદા પર કંઈક વિશેષ જોવા માટે થિયેટરમાં જવા તૈયાર છે.

'એવેન્જર્સ : એન્ડગેમ'ના સમયમાં દુનિયાભરના દર્શકો એક જ ફિલ્મના અંત વિશે ચર્ચા કરતા હતા. સોશ્યલ મીડિયા સ્પોઇલરથી ભરાઈ ગયું હતું. ઘણા લોકોએ તો સ્પોઇલરથી દૂર રહેવા માટે ઇન્ટરનેટથી પણ અંતર રાખ્યું હતું. આ બધું બતાવે છે કે યોગ્ય ફિલ્મ આવે તો તે હજુ પણ એક વૈશ્વિક ઘટના બની શકે છે.

ભારતમાં પણ સ્થિતિ અલગ નથી. 'આરઆરઆર', 'પઠાણ', 'જવાન', 'પુષ્પા' અને 'કાંતારા' જેવી ફિલ્મ્સે ભાષાની સીમાઓ તોડી નાખી. એક સમયે એવું માનવામાં આવતું હતું કે હિન્દી દર્શકો હિન્દી ફિલ્મ્સ જોશે, તમિલ દર્શકો તમિલ ફિલ્મ્સ જોશે અને તેલુગુ દર્શકો તેલુગુ ફિલ્મ્સ જોશે, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં આ સરહદો ઘણી નાની થઈ ગઈ છે.

'આરઆરઆર'નું ગીત 'નાટુ નાટુ' ઑસ્કર જીતે છે અને દુનિયાભરના લોકો તેના પર ડાન્સ કરે છે. 'પુષ્પા'ના ડાયલૉગ્સ અને સ્ટાઇલ સોશ્યલ મીડિયા પર ટ્રેન્ડ બને છે. 'કાંતારા'જેવી પ્રાદેશિક ફિલ્મ દેશભરમાં ચર્ચાનો વિષય બને છે. આ બધું બતાવે છે કે સારી વાર્તા અને મજબૂત પ્રેઝન્ટેશન હજુ પણ લોકોને જોડવાની શક્તિ ધરાવે છે.

આ જ વાત કોરિયન કન્ટેન્ટ માટે પણ સાચી છે. થોડાં વર્ષો પહેલાં સુધી કોરિયન ફિલ્મ્સ અને ડ્રામા મુખ્યત્વે એશિયાના કેટલાક દેશોમાં જ લોકપ્રિય હતા, પરંતુ પછી 'પેરાસાઇટ'આવી. એક કોરિયન ભાષાની ફિલ્મે ઑસ્કરમાં બેસ્ટ પિક્ચર જીત્યો અને દુનિયાભરમાં ચર્ચા જગાવી. ત્યાર બાદ 'સ્ક્વડ ગેમ' આવી અને તે કદાચ સ્ટ્રીમિંગ યુગનો સૌથી મોટો વૈશ્વિક શો બની ગયો. મજાની વાત એ છે કે જે અલ્ગોરિધં લોકોને અલગ પ્રકારનું કન્ટેન્ટ બતાવે છે એ જ ક્યારેક આવી ફિલ્મ્સ અને શોને લાખો લોકો સુધી પહોંચાડવામાં મદદ પણ કરે છે એટલે ટેક્નૉલૉજીએ લોકોને સંપૂર્ણપણે અલગ નથી કર્યા, તેણે જોડાવાની રીત બદલી છે.

કદાચ આજે સામૂહિક અનુભવનો અર્થ બદલાઈ ગયો છે. પહેલાં તેનો અર્થ હતો કે લગભગ બધા લોકો એક જ ફિલ્મ જુએ. આજે કદાચ તેનો અર્થ એ છે કે દુનિયાના અલગ અલગ ખૂણામાં રહેતા લોકો એક જ વાર્તા વિશે વાત કરે. ■

**લાસ્ટ શૉટ**

*'બાર્બી' અને 'ઓપનહાઇમર'ની રિલીઝ વખતે 'બાર્બનહાઇમર'નામનો એક કલ્ચરલ ટ્રેન્ડ ઊભો થયો હતો!*

ટૂંકું ને ટચ

ડી.જે. નંદન

# શું ફિલ્મમાં સ્પીડનો જાદુ યુવાનોને કરે છે આકર્ષિત?

'આજના દર્શક સ્પીડ ઇચ્છે છે, સ્થિરતા નહીં.' આ વાત આજકાલ ફિલ્મ જગતમાં કોઈ મહામંત્રની જેમ ગુંજી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે મોબાઈલ સ્ક્રીન, રીલ કલ્ચર અને સતત બદલાતી ડિજિટલ દુનિયાએ યુવાનોને એટલા અધીરા બનાવી દીધા છે કે હવે તેઓ માત્ર એવી જ ફિલ્મો જોઈ શકે છે અથવા જુએ છે, જે શરૂઆતની ૧૦ મિનિટમાં જ દર્શકોને ઝકડી લે, થોડી વારમાં ચોંકાવે અને ક્યાંય પણ અટક્યા વગર સતત આગળ વધતી રહે. આના માટે ફિલ્મોમાં ફાસ્ટ એડિટિંગ, નાના દશ્યો અને સતત આવતા ટ્વિસ્ટનું ચલણ વધ્યું છે. કુલ મળીને આ એક 'હાઈ ઇન્ગેજિંગ ડ્રામા' છે.

શું સાચે જ યુવા દર્શક માત્ર તેજ રફતાર ફિલ્મોનો જ દીવાનો છે? જો એવું જ હોત તો '૧૨th ફેલ' અને 'લાપતા લેડીઝ' જેવી ફિલ્મો, જે ઘણી ધીમી છે, તેને યુવાનો આટલી બધી કેમ પસંદ કરત? આજનો યુવા દર્શક ખરેખર સ્ટોરીમાં બિનજરૂરી ખેંચાણ નથી ઈચ્છતો, તેનો અર્થ એ પણ નથી કે તે ભાવનાત્મક ઊંડાણને સમજતો નથી. જ્યારે પણ એવી ફિલ્મો આવે છે કે જેમાં ભાવનાત્મક ઊંડાણ હોય છે, ત્યારે તે તેને ચોક્કસપણે પસંદ કરે છે. ઉપર જે બે ફિલ્મો '૧૨th ફેલ' અને 'લાપતા લેડીઝ'નું ઉદાહરણ આપવામાં આવ્યું છે, તે ખરેખર તાજેતરની ઘણી ફિલ્મો જેવી કે 'એનિમલ', 'જવાન' અને 'મુંજ્યા' જે સુપરહિટ પણ રહી અને હાઈ ઇન્ગેજિંગ તથા તેજ રફતાર વાળી પણ હતી, તેની સરખામણીમાં આ બંને ફિલ્મો સ્લો મોશન લાગતી હતી.

કુલ મળીને કહેવાનો અર્થ એ છે કે જો ફિલ્મો દર્શકને સતત માનસિક અને ભાવનાત્મક રીતે જોડી રાખે છે, તો તે ધીમી હોવા છતાં પણ પ્રભાવશાળી હોઈ શકે છે. ■

કલેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### 'સૉરી બાબુ'... કોના આત્માને સૉરી કહેશે?





સુશાંત સિંહ રાજપૂતના અપમૃત્યુને છ વર્ષથી પણ ઉપરનો સમય થઈ ગયો છે. આ છ વર્ષમાં કોઈ અકળ કારણોસર તેનાં મૃત્યુ પાછળ કયાં કારણો જવાબદાર હતાં તેની હજી કોઈને ખબર પડી નથી. સુશાંતની ગર્લફ્રેન્ડ રિયા ચક્રવર્તી આ મામલે શંકાના ઘેરામાંથી બહાર નીકળી ગઈ છે, પરંતુ સુશાંતનો પરિવાર, એનાં સ્વજનો અને સોશ્યલ મીડિયા હજી રિયાને નિર્દોષ નથી માનતાં. હવે આ આગમાં ઘી ઉમેરવાનું કામ કર્યું છે હાલમાં જાહેર થયેલી એક ફિલ્મે.

આ ફિલ્મનું નામ છે 'સૉરી બાબુ'. એવું કહેવાય છે કે જ્યારે સુશાંત સિંહ રાજપૂતનું મૃત્યુ થયું અને તેનો દેહ કૂપર હૉસ્પિટલમાં રાખવામાં આવ્યો હતો ત્યારે રિયા તેનાં અંતિમ દર્શન કરવા ગઈ હતી. સુશાંતનો દેહ જોઈને રિયાએ 'સૉરી બાબુ' કહ્યું હોવાનું તે સમયે ચર્ચામાં આવ્યું હતું. હવે એ જ બે શબ્દોને પકડી લઈને એક ફિલ્મનું ટાઇટલ જાહેર કરવામાં આવ્યું છે.

'ઇન્સ્ટાગ્રામ' પર આ ફિલ્મની જાહેરાત કરતાં મેકર્સે દાવો કર્યો છે કે અંતે સત્ય બહાર આવશે. રસપ્રદ બાબત એ છે કે ફિલ્મને પ્રોડ્યુસ SSR ફિલ્મ્સે કરી છે. SSR સુશાંત સિંહ રાજપૂત... સમજી ગયાને? 'સૉરી બાબુ'ને દીપક ભાગવત ડાયરેક્ટ કરવાના છે. જે રીતનું આ ફિલ્મનું પોસ્ટર છે અને ટેગલાઇન છે એના પરથી તો એવું લાગે છે કે જે વાત આપણને કાયદાના રસ્તે નથી ખબર પડી એ વાતો કદાચ અહીં કહેવામાં આવશે. હાલમાં જ ભાઈજાનને શરમમાં મૂકે એવી ફિલ્મ 'કાલા હિરન'નું પોસ્ટર રિલીઝ થયું હતું, હવે રિયા ચક્રવર્તીનો વારો છે. 'સૉરી બાબુ' આવતા વર્ષે રિલીઝ થશે ત્યારે દૂધ અને પાણી નોખાં પડી જશે.

### આ કાળા હરણની સવારી ભારે પડી જશે



ગોવિંદ નામદેવ

હવે 'કાલા હિરન'ની વાત નીકળી જ છે તો એના એક નવા વિવાદને પણ મમળાવીએ. વાત એમ છે કે ગયા અઠવાડિયે આ 'કાલા હિરન'નું ટ્રેલર રિલીઝ થયું. ભાઈજાનને નફરત કરતા એક વર્ગને આ ટ્રેલર જોઈને જલસો પડી ગયો. જોકે આ ટ્રેલરમાં ગોવિંદ નામદેવ પણ હતા એના પર બહુ ઓછાં લોકોનું ધ્યાન ગયું, પણ ગોવિંદભાઈએ એકદમ ધ્યાનથી આ ટ્રેલર જોયું અને કદાચ બોલી પડ્યા હશે, ઓત્તારી! આ મેં શું કરી નાખ્યું? આ બોલીને તરત ગોવિંદ નામદેવે જાહેરાત કરી દીધી કે મુજ ભોળાને તો ખબર જ ન હતી કે આ ફિલ્મ સલમાન ભાઈ ઉપર આધારિત હશે. મને તો કોઈએ કશું કીધું જ ન'તું. આથી મારે અને આ ફિલ્મને કોઈ સ્નાન એવમ્ સૂતકનો પણ સંબંધ નથી.

હવે નામદેવ સર જેવા આટલા વરિષ્ઠ કલાકાર ગમે તેટલા ભોળા હોય પણ સ્ક્રિપ્ટ જોયા વગર ફિલ્મ સ્વીકારી હોય એ તો શક્ય નથી જ. કદાચ જે રીતે ફિલ્મની આસપાસ વિવાદ છવાયો પછી એમને થયું હશે કે આ રીતે તો કદાચ ભાઈજાનનો રોષ એમના પર ત્રાટકી શકે છે. આથી, તેમણે ભોળપણનું નાટક કર્યું પણ હવે એ ભરાઈ પડ્યા છે, કારણ કે ફિલ્મના પ્રોડ્યુસર અમિત જાનીએ ગોવિંદભાઈને કાયદાકીય નોટિસ મોકલી છે અને કહ્યું છે કે જો તે તેમના નિવેદન અંગે માફી ન માગે તો અંકે પચાસ લાખ રૂપિયા પૂરાનો માનહાનિનો કેસ સહન કરવા તૈયાર રહે. લાગે છે કે 'કાલા હિરન'નો વિવાદ જ ફિલ્મને હિટ કરાવીને જંપશે.

### દુખી મન મેરે...


અનુરાગ કશ્યપ

અનુરાગ કશ્યપ આજકાલ દુઃખના સમુદ્રમાં ઝોલાં લઈ રહ્યા છે. કારણ? કારણ એ છે કે એમની તાજી ફિલ્મ 'બંદર' બૉક્સ ઑફિસ પર બાળમરણ પામી છે. આમ થવા પાછળનું ખરું કારણ તો 'બંદર'ને કૂદાકૂદ કરવા માટે પૂરતા શો જ નહોતા મળ્યા.

અનુરાગ કશ્યપે પોતાનો દુઃખી રાગ આલાપતાં એમ જણાવ્યું છે કે તેમની સાથે કાયમ એવું જ થાય છે. તેમની ફિલ્મોને યુવાનો ખૂબ પસંદ કરે છે અને તેમની પાસે આવીને તેમની ફિલ્મોનાં વખાણ પણ કરે છે, પરંતુ જ્યારે અનુરાગ તેમને પૂછે કે એ ફિલ્મ તેમણે ક્યાં જોઈ તો એમાંથી એક પણ એમ નથી કહેતો કે કહેતી કે તેણે એ ફિલ્મ થિયેટરમાં જોઈ છે. ટૂંકમાં, અનુરાગ કશ્યપની ફિલ્મો કાં તો થિયેટરમાં ચાલતી નથી અથવા તો તેને ચલાવવા દેવામાં આવતી નથી.

અનુરાગે જૂનો સમય તાજો કરતાં કહ્યું કે જ્યારે તેમની 'અગ્લી' ફિલ્મ રિલીઝ થઈ ત્યારે તેની સાથે 'પીકે' પણ રિલીઝ થઈ હતી. કશ્યપ યાદ કરતાં કહે છે કે એ વખતે તેણે સિદ્ધાર્થ રૉય કપૂર, રોની સ્ક્રૂવાલા અને રાજકુમાર હિરાણીને આ બાબતે ઘટતું કરવા કહ્યું હતું. ત્યાર બાદ આ ત્રિપુટીએ એ સુનિશ્ચિત કર્યું કે 'અગ્લી'ને શરૂઆતના ત્રણ દિવસ રોજના એટલીસ્ટ ત્રણ શો તો મળે. કશ્યપ બાદમાં નિસાસો નાખીને કહે છે કે એ દિવસો તો ગયાં!

એવું લાગે છે કે મુંબઈ છોડીને દક્ષિણમાં જ રહેવાનો અનુરાગ કશ્યપનો દાવ નિષ્ફળ રહ્યો છે, કારણ કે ત્યાં તેમનું સાંભળે કોણ એટલે જ પાછા મુંબઈ પરત આવીને તેમણે બોલિવૂડની ફરિયાદો ફરીથી શરૂ કરી દીધી છે! ■

**કટ એન્ડ ઓકે...**

*'કલ્કિ'ની સિક્વલમાં આલિયા ભટ્ટની એન્ટ્રી થઈ છે, પરંતુ શું એ દીપિકાનું સ્થાન લેશે કે તેનો અલગથી કોઈ રોલ છે એ વિશે મેકર્સ મગનું નામ મરી પાડવા તૈયાર નથી.*

સાત્વિકમ્ શિવમ્

# ...સંબંધની જવાબદારી એટલે સત્ય છતાં શાંત રહેવું...!

અરવિંદ વેકરિયા

૫ જૂનના લેખનાં અંતે મેં લખેલું કે સવારે અચાનક ચાર-સાડા ચાર વાગે મારી ઊંઘ ઊડી ગઈ, મેં સામેના પલંગ પર જોયું તો...

એ પછી ૧૨/૦૬નાં લેખમાં એ વાત સહેજે આગળ ચાલવી જોઈતી હતી, પણ ન જાણે કેમ હું એ ચૂકી ગયો, પણ કેટલાક ચકોર વાચકોએ એ તરફ મારું ધ્યાન દોર્યું...થેંકસ, વાચકમિત્રો...આજે એ ચુકી ગયેલો પેલો 'એપિસોડ' અહીં આલેખું છું.

આ પ્રોડકશન સાથે મને ફાવી ગયું હતું. દીનુમામા સાથે સારો મનમેળ પડી ગયો હતો. સંબંધ તો ૧૯૭૪થી 'બહુરૂપી' સંસ્થા સાથે ઘણાં વખતથી હતો. જે હવે ગાઢ બન્યો હતો. કલાકારોની ખોટી 'હા' માં 'હા' પાડી હું પાપમાં નહોતો પડવા માંગતો. મને આપેલી દીનુમામાને ધ્યાન રાખવાની જવાબદારી હું બરાબર નિભાવતો હતો. સંબંધની જવાબદારી એટલે સત્ય જાણવા છતાં શાંત રહેવું. શાંત રહેવું કે સત્ય કહી દેવું એ દ્વિધા ઊભી થઈ ગઈ.

મેં સામેના પલંગ પર જોયું તો મામા બેઠા-બેઠા 'ચૂસકી' લઈ રહ્યા હતા. મેં સફાળા ઊભા થઈ લાઈટ કરી તો મામા પોતાના ક્વાર્ટર સાથે 'ઘૂંટ' મારી રહ્યા હતા. મેં લાઈટ કરી તો એ થોડા ગભરાયા. મેં કહ્યું, 'આ શું મારે ટ્રુથ સુરેશને કહેવું કે નહિ?' મને કહે 'નહીં દીકરા. આજે જ પીવાનો વારો આવ્યો છે. સવારે હેંગ ઓવરને કારણે માથું દુખતું હતું એટલે એ ઉતારવા થોડું પીધું.' મને નવાઈ લાગી. મેં કહ્યું, કે 'મામા, આ ગુજરાત છે. તમને 'આ' ક્યાંથી મળી જાય છે? મને કહે, 'દીકરા, હવે મારે તો રોજ એક ક્વાર્ટર જોઈએ. સવારે ફ્રેશ થઈ જા તો મારી સાથે આવજે, હું તને બતાવીશ. સુરેશને આ બાબત કઈ કહેતો નહિ. (એ પછી મેં સુરેશને કઈ કહ્યું નહોતું). મામાએ આ પહેલા આમ પણ ક્યારેય 'હેંગ ઓવર' ઉતારવા પીધું નહોતું. મેં એમને કહ્યું કે, 'મામા, મને હક નથી તમને કહેવાનો છતાં કહું છું કે આ છોડી ન શકો?' મામાએ મને હસતા હસતા કહ્યું, 'જીવન થોડા સમય માટે મળ્યું છે તો રજિસ્ટ્રેશનમાં ક્યાં પડવું? ચલ. જલદી તૈયાર થઈ જા'.

મામાનો સ્વભાવ બહુ સારો. એ રોજ સવારે સલાડ તૈયાર કરાવી 'આરામ' હૉટેલમાં જાય... રાગીણીબહેન અને દીપકભાઈને મળવા. તે દિવસે મને પણ સાથે લઇ ગયા. સલાડ લઇ અમે આરામ હૉટેલ પહોંચ્યાં. અમે હોટેલ પર પહોંચતા સુરેશે હસતા હસતા જ મામાના ખબરઅંતર પૂછ્યા અને અમે છૂટા પડ્યા. ચાલતા-ચાલતા અમે શાહપુર હૉટેલ પાસે પહોંચ્યા. ત્યાં ખાટલા ઉપર દારુ વેચાતો હતો. ક્વાર્ટર-ફૂલબોટલ વગેરે... એ વખતે લતીફનું જોર બહુ હતું. એના કારોબારને કોઈ રોકી નહોતું શકતું.



નિર્દોષ કૉમેડીના કિંગ દિનુ ત્રિવેદી

મામા મને કહે, 'જો આ ગુજરાત...હું મારો ક્વૉટા રોજ અહીંથી જ લઉં છું.' અમે ક્વૉટા લઈ હૉટેલ પર આવી ગયા. શો અમદાવાદમાં ચાલુ જ હતા કે એક દિવસ શો બંધ રાખવો પડ્યો. દીપકભાઈનાં માતુશ્રીનું દુઃખદ અવસાન થયું હતું. દીપકભાઈ મુંબઈ ગયા પણ 'શો મસ્ટ ગો ઓન'- બીજે દિવસે પાછા પણ આવી ગયા. નાટક માટેના આવા લગાવથી જ રંગભૂમિ ધબકતી હશે !

અમદાવાદના લાઈન-બંધ શો પછી અમે મુંબઈ આવી પહોંચ્યા. આવ્યા બાદ એક શો બિરલા માતુશ્રી થિયેટરમાં સોલ્ડ આઉટ શો હતો. મારો અવાજ સખત બેસી ગયો હતો. જે હાલત મામાની રાજકોટમાં હતી એ મારી અહીંયા હતી. એ વખતે લેપલ માઈક નહોતા. કોડલેસ માઈક હતા. આઈ.એન.ટી.એ મારે માટે કોડલેસ માઈકની વ્યવસ્થા કરી. શો સારો ગયો. મેં સુરેશને માઈકનું ભાડું પૂછ્યું. જે હોય એ મારી નાઈટમાંથી કાપી નાંખે. સુરેશ કહે.'યુ આર વર્કિંગ વિથ આઈ.એન.ટી.' મનોમન હું રાજી થયો. ઈલા દોશી અમદાવાદ રહેતાં. એમને અમદાવાદ જવાનું હોવાથી એમનું રીપ્લેસમેન્ટ કરવાનું હતું જે હેમા દિવાન કરવાના હતા. સુહાગભાઈ સાથે ડબિંગના કારણે હેમાબેન સાથે બોન્ડિંગ સારું હતું. આઈ.એન.ટી.એકદમ પ્રોફેશનલ. આગામી શોનું લિસ્ટ અગાઉથી આપી દેતા. રિહર્સલ દરમિયાન મને પણ એક કવર આપવામાં આવ્યું. શોનું લિસ્ટ સમજી મેં ખિસ્સામાં મૂકી દીધું. ઘરે જઈ મેં કવર ખોલ્યું ને હું હેબતાઈ ગયો. એ સંસ્થાના અગ્રણી રમેશ પંજાબીનો લેટર હતો મને સૂચન કરાયેલું કે 'મારે મારા અવાજનું ધ્યાન રાખવું, બેસી ગયેલો અવાજ નાટકની લાઈફ બગાડે છે. વગરે...વગેરે...'

મને ગુસ્સો બહુ આવ્યો. એ કાગળે મને હચમચાવી નાખ્યો. સંસ્થા માટેના બધા મારા વિચારો કડડભૂસ થઈ ગયા. મેં તરત પંજાબીને કાગળ લખ્યો, 'કે માણસ આગળથી જણાવી નથી શકતો કે કાલે હું મરી જઈશ, એવું જ અવાજનું છે. માણસ ગમે તેટલી કોશિશ કરે તો પણ થઈ જાય, આ કુદરતી છે.' વગેરે લખી એની એક કોપી રાજડાને પણ મોકલી. આઈ.એન.ટી. સંસ્થાની જવાબદાર વ્યક્તિ તરીકે આ દોરીસંચાર એમણે જ પંજાબીને કર્યો હોવો જોઈએ. બીજે દિવસે પંજાબીનો લેટર ભાટિયાને અને સુરેશની કોપી એને આપી સંતોષ મેળવ્યો. હેમાબેનના રિહર્સલ સાથે ફાઈનલી નાટક રિલીઝ થઈ ગયું. સારું ગયું. મારો વચ્ચે સહેજ અવાજ બગડ્યો તો સુરેશનો લેટર મારી વાઈફને મળ્યો. 'ભાભી, તમારા પતિના અવાજનું જરા ધ્યાન રાખો. અવાજ બેસી જાય એવી ખાવાની વસ્તુથી દૂર રાખો. સારો કલાકાર છે બેઠેલો અવાજ નાટકનો શો બગાડે.' વગેરે... એ કાગળની કોપી મારા ચાલતા નાટક 'માણસ માત્ર..'નાં નિર્માતા ડોલર પટેલને પણ મોકલી, જેમ કદાચ મેં પંજાબી સાથે સુરેશને મોકલેલી. આવા બધા 'પ્રયોગો'ને કારણે મારે કૉમેડી નાટકમાં પણ ચૂપ થઈ જવું પડેલું. કેટલાક અનુભવો માણસને ચૂપ કરી દે બાકી હસવું કોને ન ગમે?

'બે દુની...' હવે ધીમે ધીમે મંદ પડી રહ્યું હતું. દીપકભાઈએ બુટાલાનું નવું નાટક 'તથાસ્તુ' લીધું હતું. કોઈ રવિવારે નવા નાટકનો ઓપનિંગનો મેળ પડતો નહોતો. માત્ર ઓપનિંગનો રવિવાર જોઈતો હતો. દીપકભાઈ કહેતા કે એક રવિવાર રિલીઝ પૂરતો મળી જાય પછી બધી તારીખો બુટાલા એડજસ્ટ કરશે અને એ હોય જ કારણ 'બે દુની..' મારું પહેલું કમિટમેન્ટ છે.' મેળ બેસતો જ નહોતો..

ઉપરોકત આખી વાત ગયા સપ્તાહે રહી ગયેલી. એ પછી 'તથાસ્તુ'ની વાત અને મારી સિરિયલની વાત મે ૧૨ જૂનના લેખમાં કરી. ફરી પ્રિય વાચકોનો આભાર. સિરિયલની 'રામાયણ' પછી હવે નવી ગીલ્લી નવો દાવ...

ડબલ રિચાર્જ

*ટીચરઃ 'આ પક્ષીનાં પગ જોઇને એમનું નામ લખો.'*
*પપ્પુ : 'મને નથી ખબર...'*
*ટીચરઃ 'તું નાપાસ... તારું નામ શું છે?'*
*પપ્પુઃ 'મારા પગ જોઇને લખી લો.'*

---

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (૧૮૩)

આ અભિનેત્રીઓએ નાગિનનું પાત્ર કઈ ફિલ્મમાં ભજવ્યું હતું?



૧) રીના રોય
૨) શ્રીદેવી
૩) રેખા
૪) મનીષા કોઈરાલા
૫) મલ્લિકા શેરાવત
૬) મીનાક્ષી શેશાદ્રિ
૭) મંદાકિની

## ક્વિઝ (૧૮૪)

લગ્નના વરઘોડામાં વાગતાં આ ગીતો કઈ ફિલ્મનાં છે?

૧) આજ મેરે યાર કી શાદી હૈ યાર કી શાદી હૈ મેરે દિલદાર કી શાદી હૈ
૨) મેરી પ્યારી બહેનિયા બનેગી દુલ્હનિયા સજ કે આયેંગે દુલ્હે રાજા
૩) લે જાયેંગે લે જાયેંગે દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે રહ જાયેંગે રહ
૪) મેરા યાર બના હૈ દુલ્હા ઔર ફૂલ કી હૈ દિલ કે અરે મેરી ભી
૫) ઘોડી પે હોકે સવાર ચલા હૈ દુલ્હા યાર કમરિયાં મેં બાંધે તલવાર
૬) મેહંદી લગા કે રખના ડોલી સજા કે રખના લેને તુજે ઓ ગોરી
૭) રાજા કી આયેગી બારાત રંગીલી હોગી રાત મગન મૈં નાચુંગી

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

---

મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# મનોજ બાજપેયી

## એક ઉત્કૃષ્ટ અભિનેતા પણ જે ઓટીટી પૂરતો સીમિત થઈ ગયો


સન ૧૯૯૪માં આવેલી 'દ્રોહકાલ'માં માત્ર એક જ મિનિટની અને ત્યાર પછી આવેલી શેખર કપૂરની 'બેન્ડિટ ક્વિન'માં નાનકડી અમથી ભૂમિકા ભજવનાર મનોજ બાજપેયીએ ત્યાર પછી તો એક ઉત્કૃષ્ટ અભિનેતા તરીકે પોતાને સ્થાપિત કર્યો છે, પણ કમનસીબી જુઓ કે તેની 'સોલો હીરો' તરીકેની ફિલ્મો થિયેટરમાં ચાલતી નથી અને મલ્ટીસ્ટાર (એકથી વધુ સ્ટારવાળા) ફિલ્મમાં તેનું કામ વખણાય છે, પણ ફિલ્મની સફળતાની ક્રેડિટ ફિલ્મમાં હીરોને ફાળે જાય છે.

બીજી તરફ, આજે ઓટીટી પર મનોજ બાજપેયીની ફિલ્મો અને સિરીઝ ધૂમ મચાવે છે, તેના વ્યૂઅરશિપના આંકડા પરથી એ સાબિત થાય છે કે તેની ફિલ્મ અને સિરીઝ જોનારાની સંખ્યા મોટી છે, પણ આ દર્શકો મનોજની ફિલ્મ થિયેટરમાં જોવા જતા નથી.

મનોજ બાજપેયીને લગભગ ૩૨ વર્ષની કારકિર્દી દરમિયાન ચાર વાર નૅશનલ એવોર્ડસ મળ્યા છે એ સાબિત કરે છે કે તે કેટલો ઉત્કૃષ્ટ કલાકાર છે.

મનોજને પહેલો નૅશનલ એવોર્ડ તેણે કારકિર્દી શરૂ કર્યાને ચાર વર્ષમાં જ મળ્યો હતો. ૧૯૯૮માં તેને 'સત્યા' ફિલ્મમાં ભીખુ મ્હાત્રેની ભૂમિકા બદલ નૅશનલ એવોર્ડ મળ્યો હતો. ત્યાર બાદ ૨૦૦૩માં 'પિંજર' ફિલ્મ માટે 'સ્પેશ્યલ જ્યુરી એવોર્ડ મળ્યો હતો, ૨૦૧૯માં 'ભોસલે' ફિલ્મની ભૂમિકા માટે તેને 'બેસ્ટ ઍક્ટર'નો નૅશનલ એવોર્ડ મળ્યો હતો. ૨૦૨૨માં 'ગુલમહોર' માટે ફરી એકવાર તેને 'સ્પેશ્યલ જ્યુરી એવોર્ડ' કૅટેગરીમાં નૅશનલ એવોર્ડ અપાયો હતો.

આ ઉપરાંત મનોજ બાજપેયીને બે વાર એશિયા પેસિફિક સ્ક્રીન એવોર્ડ્સ, ચાર વાર ફિલ્મફેર એવોર્ડ્સ, બે વાર ફિલ્મફેર ઓટીટી એવોર્ડ્સ, બે વાર ઝી સિને એવોર્ડ્સ અને ૨૦૧૯માં ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી' ખિતાબ પણ એનાયત થયો છે.



બિહારના એક નાનકડા ગામ બેલ્વામાં જન્મેલા મનોજને નાનપણથી જ અભિયય કરવાની ઇચ્છા જાગી હતી એટલે તેણે 'નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામા' (એનએસડી)માં પ્રવેશ મેળવવાની કોશિશ કરી હતી પણ ત્રણ વાર તેમાં નિષ્ફળતા મળી હતી.

ઓમ પુરી અને નસીરુદ્દીન શાહ જેવા કલાકારો એનએસડીમાંથી આવ્યા હોવાની તેને જાણ હતી એટલે તે એનએસડીમાં પ્રવેશ મેળવવા પ્રયાસ કરતો રહ્યો. ત્રણ વાર તેની અરજી કાઢી નાખવામાં આવી એટલે તેણે આત્મહત્યા કરવાનો નિર્ણય કર્યો હતો. તે સમયે તેને રઘુવીર યાદવે મદદ કરી હતી. રઘુવીર યાદવે તેને ઍક્ટિંગ કોચ બેરી જહૉનની વર્કશૉપમાં જોડાવાનું સૂચન કર્યું હતું.

જોકે, નસીબ આને કહેવાય કે મનોજ બાજપેયીના અભિનયથી બેરી જહૉન પ્રભાવિત થયા અને તેમણે પોતાની સાથે સહાયક તરીકે મનોજની નિમણૂક કરી. આ પછી મનોજ બાજપેયીએ ફરી એક વખત નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામામાં અરજી કરી. જોકે, ફરી એક વખતે મનોજની અરજી ન સ્વીકારાઈ, પણ આ વખતે એનએસડીએ તેની વિદ્યાર્થી તરીકેની અરજી 'રિજેક્ટ' કરીને તેને એનએસડીમાં અભિનય શીખવાડવા માટે રાખી લીધો...!

બિહારના એક નાનકડા ગામમાં ખેડૂત પરિવારમાં જન્મેલા મનોજનું નામ તેના પિતાએ જૂની ફિલ્મોના જાણીતા હીરો મનોજકુમાર પરથી પ્રેરણા લઈને પાડ્યું છે. શાળામાં વેકેશન દરમિયાન મનોજે પિતાના ખેતરમાં ખૂબ કામ કર્યું છે. તેનાં બીજાં ચાર ભાઈ-બહેન છે.

પોતાના સ્ટ્રગલના દિવસો દરમિયાન મનોજે દિલ્હીની એક છોકરી સાથે લગ્ન કર્યાં હતાં, પણ એ લગ્ન વધુ સમય ટક્યાં નહોતાં. ત્યાર પછી તેની ઓળખાણ ફિલ્મ અભિનેત્રી શબાના રઝા સાથે થઈ હતી. આ વળી કઈ હીરોઈન એવો પ્રશ્ન થાય, તો અહીં આપને જણાવી દઈએ કે એ અભિનેત્રી એટલે ૧૯૯૮માં વિધુ વિનોદ ચોપરાની પહેલી ફિલ્મ આવી હતી 'કરીબ' તેની મુખ્ય અભિનેત્રી નેહા.

ફિલ્મમાં કામ કરવા માટે શબાના રઝાએ નામ બદલાવી નેહા કર્યું હતું અને 'કરીબ'માં તે બોબી દેઓલ સાથે હતી.

મનોજ અને નેહાનાં લગ્ન ૨૦૦૬માં થયાં છે. નેહાએ પોતાની કારકિર્દીમાં 'હોગી પ્યાર કી જીત', 'ફિઝા', 'રાહુલ', 'આત્મા' અને 'એસિડ ફૅક્ટરી' જેવી ફિલ્મોમાં અભિનય કર્યો છે. ૨૦૦૯ પછી નેહાએ કોઈ ફિલ્મમાં અભિનય કર્યો નથી.

૧૯૯૮માં રામગોપાલ વર્માની ફિલ્મ 'સત્યા' આવી, તેમાં ભીખુ મ્હાત્રેની ભૂમિકા કર્યા બાદ મનોજની કારકિર્દીને નવો વળાંક મળ્યો હતો. ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ચક્રવર્તીની હતી, પણ 'અંડરવર્લ્ડ'ના ડોન તરીકે મનોજ છવાઈ ગયો અને તેને તેનો પહેલો 'નૅશનલ એવોર્ડ' પણ મળ્યો હતો. આ ફિલ્મ પછી મનોજને અનેક ફિલ્મો મળી અને લોકપ્રિયતા પણ મળી. તેમાં તેણે 'શૂલ', 'અક્સ', 'ઝુબૈદા', 'રોડ', 'વીર ઝારા', 'બેવફા', 'રાજનીતિ', 'સ્પેશ્યલ-૨૬', 'શૂટ આઉટ એટ વડાલા', 'નામ શબાના', 'ઐયારી', 'બાગી-ટુ', 'સત્ય મેવ જયતે' જેવી ફિલ્મો કરી.

૨૦૧૯થી તે ઓટીટી પર 'ફેમિલી મેન' જેવી સિરીઝથી છવાઈ ગયો. તેની બે સિઝન આવી ગઈ. ત્યાર બાદ તે 'ફર્ઝી', 'કિલર સૂપ', 'ઇન્સ્પેક્ટર ઝેન્ડે', 'ડિસ્પેચ' ઇત્યાદિમાં એ સીધી જ ઓટીટી પર રજૂ થયેલી ફિલ્મોમાં દેખાયો છે. સમયાંતરે તેની ફિલ્મો આવે છે, જેમાં તેનો અભિનય વખણાય છે, પણ ફિલ્મો ટિકિટબારી પર ચાલતી નથી એટલે સીધી ઓટીટી પર જ રિલીઝ કરવામાં આવે છે.

આમ ૧૯૯૪થી સાવ નગણ્ય ભૂમિકાથી પોતાની કારકિર્દી શરૂ કરનાર મનોજ બાજપેયી હિન્દી ફિલ્મોમાં પોતાનું એક અલગ સ્થાન બનાવ્યા પછી હવે ઓટીટી પર પોતાના અભિનયથી છવાઈ ગયો છે.

હાલમાં જ તેની 'ગવર્નર' નામની ફિલ્મ થિયેટરમાં રજૂ થઈ છે. જેમાં ભારત સરકારની રિઝર્વ બૅન્કના અધિકારી એસ. વેંકટરમણનથી પ્રેરિત રમણનની ભૂમિકા ભજવી છે અને ફિલ્મમાં ૧૯૯૦ની આર્થિક કટોકટીની વાત પણ લેવામાં આવી છે.

---

## તા. ૨૦ જૂનથી ૨૬ જૂન સુધી શું જોશો?




OTTનું હોટસ્પોટ

રિતેશ દેશમુખ નિર્મિત-દિગ્દર્શિત અને અભિનીત સુપરહિટ ફિલ્મ 'રાજા શિવાજી'નું ૨૬ જૂને 'નેટફ્લિક્સ' પર પ્રસારણ શરૂ થવાનું છે.

આ ફિલ્મમાં રિતેશ દેશમુખની સાથે જેનેલિયા ડિસોઝા, અભિષેક બચ્ચન, ભાગ્યશ્રી, સંજય દત્ત, ફરદીન ખાન, વિદ્યા બાલન, મહેશ માંજરેકર, સચીન ખેડેકરની મુખ્ય ભૂમિકા છે અને સલમાન ખાન મહેમાન કલાકાર તરીકે છે. આગામી અઠવાડિયે નેટફ્લિક્સ પર બીજું શું જોવા મળશે તેના પર એક નજર નાખીએ.

૨૦ જૂનઃ ધ ક્રીએટર નામની ફિલ્મ રજૂ થશે, જે સાયન્સ ફિક્શન એક્શન ફિલ્મ છે. આ સિવાય આ ઓટીટી ચૅનલ પર ૧૯ જૂને હસબંડ્સ ઇન ઍક્શન- સાઉથ કોરિયન ઍક્શન કૉમેડી ફિલ્મ, ૧૯મી એજ 'વૉઇસમેલ્સ ફોર ઇસાબેલ' નામની સસ્પેન્સ ક્રાઇમ ડ્રામા અને ૧૯ જૂને જ ઍક્શન સ્પાય થ્રિલર 'ધ કોન્ટ્રાક્ટર' જોઈ શકાશે.

**જિયો હૉટસ્ટાર**

અહીં ૨૪ જૂને જેમ્સ કેમેરૂનની ફિલ્મ 'અવતાર-ફાયર એન્ડ એશ' પહેલી જ વાર રજૂ થશે. ૨૫ જૂને 'ધ બિઅર'ની પાંચમી સિરીઝ રજૂ થશે અને ૧૯ જૂને હિન્દી ફિલ્મ 'ઠુકરા કે મેરા પ્યાર'ની બીજી સિઝન તેમ જ ૧૯ જૂને જ તેલુગુ કૉમેડી SI 'સેવ ધ ટાઇગર્સ'ની ત્રીજી સીઝન રજૂ થશે.

**સોની લિવ**

અહીં અત્યારે 'ક્રિકેટ ફીવર' ચાલી રહ્યો છે. વિમેન્સ વર્લ્ડ કપ ઉપરાંત અફઘાનિસ્તાન સામે ભારતની સિરીઝ પ્રસારણ ચાલુ છે. અહીં આજે (શુક્રવાર, તા. ૧૯ જૂને) ટોવિનો થોમસ અને બેસિલ જોસેફની કૉલેજ આધારિત મલયાલમ ફિલ્મ 'અથિરાડી'નું પ્રસારણ શરૂ થશે.

**એમેઝોન પ્રાઇમ વીડિયો**

અહીં ૨૧ જૂને સ્પાય થ્રિલર 'ધ એજન્સી'ની પાંચમી સિઝનની શરૂઆત થશે. તે અગાઉ ૧૮ જૂનથી મોહનલાલ અભિનીત મલયાલમ ક્રાઇમ થ્રિલર 'દૃશ્યમ-થ્રી'નું પ્રસારણ શરૂ થઈ ચૂક્યું છે.

# સ્વિસ બૅન્કોમાં ભારતીયોની ડિપોઝિટ આઠ ટકા ઘટી

નવી દિલ્હીઃ સ્થાનિક શાખાઓ અને અન્ય નાણાકીય સંસ્થાઓ મારફતે જમા રાખવામાં આવેલા ભંડોળમાં ઘટાડો થવાને કારણે વર્ષ ૨૦૨૫માં સ્વિસ બૅન્કોમાં જમા ભારતીય નાણાંમાં આઠ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો અને તે ઘટીને તે ૩.૨૫ અબજ સ્વિસ ફ્રાન્ક (અંદાજે ૩૬,૭૯૩ કરોડ રૂપિયા) પર પહોંચ્યું હતું.

જોકે વ્યક્તિગત અને સંસ્થાકિય ગ્રાહકોના ખાતાઓમાં રહેલી રકમ વર્ષ દરમિયાન પચાસ ટકાથી વધુ વધીને ૫૨.૪ કરોડ સ્વિસ ફ્રાન્ક થઈ હતી તેમ છતાં તે કુલ ભંડોળના માત્ર ૧૬ ટકા જેટલી જ હતી.

વર્ષ દરમિયાન લગભગ ૧૫ ટકાનો ઘટાડો નોંધાયો હોવા છતાં કુલ ભંડોળનો મોટો હિસ્સો (૨.૬ અબજ સ્વિસ ફ્રાન્ક) બૅન્કોને ચૂકવવા પાત્ર રકમ અથવા અન્ય નાણાકીય સંસ્થાઓ મારફતે રાખવામાં આવેલા ભંડોળના સ્વરૂપમાં હતો.

વર્ષ ૨૦૨૫માં કુલ ભંડોળમાં નોંધાયેલો ઘટાડો વર્ષ ૨૦૨૪માં થયેલા ત્રણગણા વધારા પછી આવ્યો હતો, જ્યારે તે ભંડોળ વધીને ૨.૫ અબજ સ્વિસ ફ્રાન્ક પર પહોંચ્યું હતું જે વર્ષ ૨૦૨૧ પછીની સર્વોચ્ચ સપાટીએ હતું.

વર્ષ ૨૦૨૧માં સ્વિસ બૅન્કમાં ભારતીય નાણાંની કુલ રકમ ૧૪ વર્ષની સર્વોચ્ચ સપાટીએ એટલે કે ૩.૮૩ અબજ સ્વિસ ફ્રાન્ક પર પહોંચી હતી જેનું મુખ્ય કારણ બૅન્કની સ્થાનિક શાખાઓ મારફતે રાખવામાં આવેલા ભંડોળમાં થયેલો મોટો વધારો હતો.

આ આંકડા સ્થાનિક બૅન્કો દ્વારા સત્તાવાર રીતે સ્વિસ નેશનલ બૅન્કને આપવામાં આવ્યા હતા અને તે (જેના અંગે લાંબા સમયથી ચર્ચા ચાલ રહી છે) સ્વિટ્ઝરલૅન્ડમાં ભારતીયો દ્વારા રાખવામાં આવેલા કથિત કાળાં નાણાંની વાસ્તવિક માત્રા દર્શાવતા નથી. (એજન્સી)■

# યુક્રેનનો મૉસ્કોની ઓઈલ રિફાઈનરી પર મોટો ડ્રોન હુમલો



મૉસ્કોઃ યુક્રેને અઠવાડિયામાં બીજીવાર મૉસ્કોસ્થિત ઓઇલ રિફાઇનરી પર મોટો ડ્રોન હુમલો કરતાં મૉસ્કો ઍરપોર્ટ પર કમર્શિયલ વિમાનસેવા ખોરવાઈ ગઈ હતી. રિફાઇનરીમાં આને કારણે ભયંકર આગ લાગી હતી.

યુક્રેન-રશિયા વચ્ચે ચાર વર્ષથી પણ વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધમાં યુક્રેન દ્વારા મૉસ્કો પર કરવામાં આવેલો આ હુમલો અત્યાર સુધીના સૌથી મોટા હુમલામાંનો એક હતો.

રશિયાના સંરક્ષણ ખાતાએ કહ્યું હતું કે વિવિધ વિસ્તારમાં અમે યુક્રેનના અંદાજે ૫૫૫ ડ્રોન તોડી પાડ્યાં હતાં.

૨૦૦ જેટલાં ડ્રોનને તો અધવચ્ચે જ આંતરી લેવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

અનેક ડ્રોન શહેરની ભાગોળે આવેલી મૉસ્કો ઓઈલ રિફાઈનરી પર ત્રાટક્યાં હતાં, એમ મૉસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિને કહ્યું હતું. મૉસ્કોના ચાર ઍરપોર્ટ પર વિમાનસેવા સ્થગિત કરી દેવામાં આવી હોવાનું રશિયાના પરિવહન ખાતાએ જણાવ્યું હતું.

યુક્રેનના પ્રમુખ વૉલૉદિમૅર ઝૅલૅન્સિકીએ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ફ્રાન્સના પ્રમુખ ઍમ્મેન્યૂઅલ મૅક્રોન સાથે ફોન પર વાતચીત કર્યાના ગણતરીના કલાકો બાદ આ હુમલો કરવામાં આવ્યો હતો. (એજન્સી)■

# ભારત-યુકેમાં સોશ્યલ સિક્યોરિટી કરાર, હજારો ભારતીયોને ફાયદો થશે

નવી દિલ્હીઃ ભારત અને યુનાઇટેડ કિંગડમ (યુકે) વચ્ચેના સોશ્યલ સિક્યોરિટી કરારને કારણે યુકેમાં કાર્યરત ભારતીય કંપનીઓમાં કામ કરી રહેલા ૯૦થી ૯૫ ટકા (અંદાજે ૯૫થી ૭૦ હજાર)ભારતીયોને લાભ થશે એમ જણાવતાં અધિકારીઓએ કહ્યું હતું કે આ પગલું કંપનીનો ખર્ચ ઘટાડશે અને બ્રિટિશ માર્કેટમાં ભારતીય સેવા પૂરી પાડતી કંપનીઓની સ્પર્ધાત્મકતા વધારશે.

બંને દેશે ૧૭ જૂને જાહેરાત કરી હતી કે સોશ્યલ સિક્યોરિટી એગ્રીમેન્ટ કે ડબલ કોન્ટ્રિબ્યૂશન કન્વેન્શન (ડીસીસી) અને કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક ઍન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ (સીઈટીએ) ૧૫ જુલાઈથી અમલી બનશે.

આ કરાર ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (ટીસીએસ) અને ઈન્ફોસિસ જેવી આઈટી ક્ષેત્રની અગ્રણી કંપનીને મહત્ત્વપૂર્ણ વેગ અને પ્રોત્સાહન આપશે.

ભારતીય મૂળના વ્યાવસાયિકો યુકે સોશ્યલ સિક્યોરિટીમાં પ્રતિવર્ષ અંદાજે ૫૦ કરોડ પાઉન્ડનું યોગદાન આપે છે. આ કરાર અંતર્ગત ભારતસ્થિત કંપની દ્વારા કર્મચારીને કામચલાઉ ધોરણે ભારતથી યુકે કે પછી યુકેથી ભારત ટ્રાન્સફર કરવામાં આવે તો તેવા સંજોગોમાં કર્મચારીને પાંચ વર્ષ સુધી યજમાન દેશમાં સોશ્યલ સિક્યોરિટીમાં યોગદાન આપવાથી મુક્તિ આપવામાં આવશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ જ ભારતની ચાવીરૂપ માગણી હતી. બ્રિટનમાં અંદાજે ૭૫,૦૦૦ જેટલા ભારતીય વ્યાવસાયિકો કામ કરે છે અને લગભગ ૯૦૦ જેટલી ભારતીય કંપનીઓ બ્રિટનમાં કાર્યરત છે.

યુકેમાં વ્યાવસાયિકોની સરેરાશ વાર્ષિક આવક ૪૦,૦૦૦થી ૫૦,૦૦૦ પાઉન્ડ હોવાનો અંદાજ છે.

એક અંદાજ મુજબ પગારની કુલ રકમના ૧૫ ટકા સોશ્યલ સિક્યોરિટીના યોગદાનમાં જાય છે. યુકેમાં સામાન્ય રીતે ૧૦ વર્ષની નોકરી બાદ વ્યાવસાયિક સોશ્યલ સિક્યોરિટીનો લાભ લેવા માટે પાત્ર બને છે. (એજન્સી)■

# ૯.૪૪ કરોડ ખેડૂતને ૧૮,૮૮૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરશે મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૦ જૂને પીએમ-કિસાન યોજના હેઠળ ૨૩મો હપ્તો ટ્રાન્સફર કરશે, જેનાથી દેશભરના ૯.૪૪ કરોડથી વધુ ખેડૂત લાભાર્થીને ૧૮,૮૮૦ કરોડ રૂપિયા સીધા વહેંચવામાં આવશે.

આ ટ્રાન્સફર પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાની તેમની મુલાકાત દરમિયાન થશે.

કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, ફક્ત પશ્ચિમ બંગાળમાં જ ૪૫.૩૫ લાખથી વધુ ખેડૂતને કુલ ૯૦૭ કરોડ રૂપિયાના હપ્તા મળશે. આ સાથે, રાજ્યમાં યોજના હેઠળ સંચિત વિતરણ રૂ. ૧૫,૦૫૫ કરોડ રૂપિયાને વટાવી જશે, જ્યારે ૨૦૧૯ માં યોજના શરૂ થયા પછી રાષ્ટ્રીય સ્તરે કુલ ૪.૪૬ લાખ કરોડ રૂપિયાને વટાવી જશે, એમ તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું.

ચૌહાણે જણાવ્યું હતું કે ભંડોળ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) દ્વારા મોકલવામાં આવશે, જે ''નાના અને સીમાંત ખેડૂતોની આવક સુરક્ષાને મજબૂત બનાવશે.

તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મોદી પશ્ચિમ બંગાળમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અને પુનર્ગઠિત હવામાન-આધારિત પાક વીમા યોજના પણ શરૂ કરશે, જેનો સંયુક્ત ખર્ચ આશરે ૧૨,૨૦૦ કરોડ રૂપિયા થશે.

સરકારનો હેતુ ૨૦૨૬-૨૭ દરમિયાન ૩૦ લાખ હેક્ટરમાં લગભગ ૧.૧૦ કરોડ ખેડૂતને પાક વીમા કવરેજ આપવાનો છે, જેમાં આશરે ૨૮,૧૪૦ કરોડ રૂપિયાના પાકનો સમાવેશ થાય છે.

ડિજિટલ કૃષિ મિશન હેઠળ, વડા પ્રધાન રાજ્યમાં એક કૃષિ-ટેક પ્લેટફોર્મ લોન્ચ કરશે, જે ખાતર વિતરણ, કિસાન ક્રેડિટ કાર્ડ્સ, ડીબીટી સેવાઓ અને એમએસપી-આધારિત સરકારી ખરીદી માટે એક સંકલિત ઇન્ટરફેસ પ્રદાન કરશે.

મોદી રાષ્ટ્રીય કુદરતી ખેતી મિશન શરૂ કરશે, જે હેઠળ ૨૦૨૬-૨૭ દરમિયાન પશ્ચિમ બંગાળમાં ૧૭,૩૦૦ હેક્ટરમાં ફેલાયેલા ૩૪૬ કુદરતી ખેતી ક્લસ્ટર સ્થાપિત કરવામાં આવશે. ■

# ટેક્નોલોજીના લોકશાહીકરણથી જ પ્રગતિ શક્ય છેઃ વડા પ્રધાન

પેરિસઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ટેકનોલોજી લોકતાંત્રિકકરણ જ પ્રગતિ તરફ દોરી શકે છે અને ભારત માટે આર્ટિફિશ્યલ ઇન્ટલિજન્સનો અર્થ સર્વસમાવેશકતા કે ઓલ ઇન્ક્લુઝિવ થાય છે.

એક વૈશ્વિક ટેકનોલોજી સમિટમાં તેમની આ ટિપ્પણીઓ એવા સમયે આવી છે જ્યારે અમેરિકાએ વિદેશી નાગરિકો માટે એન્થ્રોપિકના નવીનતમ એઆઇ મોડલ્સના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. ટેકનોલોજી ક્ષેત્રે ભારતની વધતી જતી ક્ષમતા પર પ્રકાશ પાડતા મોદીએ જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે થતા કુલ ડિજિટલ વ્યવહારોમાંથી અડધા વ્યવહારો દેશમાં થઈ રહ્યા છે. વડાપ્રધાને વિવાટેક, ૨૦૨૬ માં જણાવ્યું હતું કે, ટેકનોલોજી ત્યારે જ પ્રગતિ તરફ દોરી શકે છે જ્યારે તેનું લોકશાહીકરણ થાય.

તેમણે કહ્યું હતું કે, છેલ્લા એક દાયકામાં ભારત ટેકનોલોજી દ્વારા સંચાલિત ઝડપી પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, વિશ્વની સૌથી મોટી ડિજિટલ ઓળખ પ્રણાલી બનાવવાથી લઈને વિશ્વના સૌથી મોટા ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ સુધી, અમે નાણાકીય સમાવેશ, શિક્ષણ, ટેલિમેડિસિન વગેરે માટે મોટા પાયે ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છીએ. ■

# સવાલ ૬૭૫ કરોડ રૂપિયાનોઃ બૅન્ક ખાતા પર અંકુશ માટે મમતા અને બળવાખોરો વચ્ચે લડાઇ

કોલકાતાઃ પોતાને પાર્ટીના ખજાનચી ગણાવનારા તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના નેતા અરૂપ બિશ્વાસે એક બૅન્કને પત્ર લખીને પાર્ટીના ખાતાઓના સંચાલન પર પ્રતિબંધો મૂકવાની માંગ કરી હતી. તેમણે ધારાસભ્યો અને સાંસદોના બળવા વચ્ચે પાર્ટીના નેતૃત્વ અંગે ઊભી થયેલી અનિશ્ચિતતાનો ઉલ્લેખ કર્યો હતો.

ચૂંટણી પંચને સોંપવામાં આવેલા પક્ષના ઓડિટ રિપોર્ટ અનુસાર, પક્ષના ખાતામાં જમા રકમ આશરે ૬૭૫ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે, જેના કારણે ભંડોળ પર નિયંત્રણ રાજકીય અને સંગઠનાત્મક મહત્વનો મુદ્દો બની ગયો છે.

તૃણમૂલ કોંગ્રેસની અંદરના આંતરિક યુદ્ધે ગુરુવારે એક નવો વળાંક લીધો હતો. જ્યારે પાર્ટીના ખજાનચી અરૂપ બિશ્વાસે એક બેન્કને પત્ર લખીને ધારાસભ્યો અને સાંસદોના બળવા વચ્ચે પક્ષના કાયદેસર નેતૃત્વ અંગે અનિશ્ચિતતાનો ઉલ્લેખ કરીને પક્ષના ખાતાઓના સંચાલન પર પ્રતિબંધો લાદવાની માંગ કરી હતી. આ પગલાને ભૂતપૂર્વ મુખ્યપ્રધાન મમતા બેનરજીના નેતૃત્વ હેઠળના જૂથ માટે એક નવા આંચકા તરીકે જોવામાં આવી રહ્યું છે. કોલકાતામાં એક ખાનગી બેન્કની સેન્ટ્રલ પ્લાઝા શાખાના મેનેજરને સંબોધન કરીને લખવામાં આવેલો બે પાનાનો પત્ર સોશ્યલ મીડિયા પર વાયરલ થયો છે. ૧૨ જૂનના રોજ લખવામાં આવેલા પત્ર અનુસાર, બિવાસે ખાતાઓ પર યથાસ્થિતિ જાળવવાની માંગ કરી અને વિનંતી કરી કે કોઈ ડેબિટ વ્યવહારો અથવા સંચાલનના નિયમોમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવે નહીં. આ ઘટનાક્રમ એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે પાંચની જૂને મમતા બેનરજી તરફથી બિશ્વાસને ખજાનચીપદેથી દૂર કરવામાં આવ્યા હતા. જોકે, બૅન્કને લખેલા પત્રમાં બિશ્વાસે પોતાને પક્ષના ખજાનચી તરીકે ગણાવ્યા હતા અને સંગઠનાત્મક સત્તા પરના સ્પર્ધાત્મક દાવાઓ અંગે પ્રશ્નો ઊભા કર્યા હતા. આ પગલાને ભૂતપૂર્વ મુખ્યપ્રધાન મમતા બેનરજીના નેતૃત્વ હેઠળના જૂથ માટે એક નવા આંચકા તરીકે જોવામાં આવી રહ્યું છે, જે વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ અસંતુષ્ટ ધારાસભ્યો અને સાંસદોએ તૃણમૂલ કોંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વની સત્તાને પડકારી અને વાસ્તવિક ટીએમસી હોવાનો દાવો કર્યાના થોડા દિવસો પછી બની રહી છે. પીટીઆઈ સ્વતંત્ર રીતે તેની સત્યતાને લઈને પુષ્ટી કરી શક્યું નથી. નોંધનીય છે કે મમતા બેનરજીએ બિશ્વાસને ખજાનચીપદેથી દૂર કર્યા હતા અને તેમના સ્થાને ભૂતપૂર્વ સાંસદ સુભાષિશ ચક્રવર્તીને આ પદ પર નિયુક્ત કર્યા હતા. બળવાખોર જૂથના સૂત્રોએ જણાવ્યું હતું કે પત્ર ચાલુ નેતૃત્વ સંઘર્ષ વચ્ચે પક્ષની સંપત્તિ અને નાણાકીય બાબતો પર કોણ નિયંત્રણ રાખે છે તે અંગે વધતી ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| गुलनार | પુષ્પગુચ્છ |
| गुलशन | ગોફણ |
| गुलबदन | દાડમનું ફૂલ |
| गुलदस्ता | બાગ - બગીચો |
| गुलेल | ફૂલ જેવા કોમળ અંગોવાળું |

### જાણવા જેવું

હિન્દી ફિલ્મ ગીત - સંગીત વિના અધૂરી ગણાય છે. ફિલ્મોમાં ગીતની સંખ્યા અને લંબાઈ અચરજનો વિષય રહ્યા છે. અમિતાભ બચ્ચન અને અક્ષય કુમારની 'અબ તુમ્હારે હવાલે વતન સાથિયો'નું ટાઈટલ સોન્ગ સૌથી લાંબા ગીતનો વિક્રમ ધરાવે છે. ૨૦ મિનિટ લાંબું આ ગીત ફિલ્મમાં ત્રણ તબક્કામાં આવે છે..

### ગુજરાત મોરી મોરી રે

અમિતાભ બચ્ચન સાથે કઈ ફિલ્મમાં પરેશ રાવલે ગુજરાતી વ્યક્તિ હેમંત પટેલનો કોમેડી રોલ કર્યો હતો?

અ) સત્તે પે સત્તા બ) બાગબાન
ક) હંગામા ડ) ચુપકે ચુપકે

### નોંધી રાખો

*ગોવિંદ નિહલાની દિગ્દર્શિત 'અંકુર' ફિલ્મને ૧૯૮૧માં ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહમાં સુવર્ણમયૂર પ્રાપ્ત થયો હતો.*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | ૮ | ૯ | | | | | |
| ૧૦ | | | | | | ૧૧ | | ૧૨ | |
| | | | | ૧૩ | ૧૪ | | ૧૫ | | ૧૬ |
| ૧૭ | | ૧૮ | ૧૯ | | ૨૦ | ૨૧ | | ૨૨ | |
| ૨૩ | ૨૪ | | ૨૫ | ૨૬ | | ૨૭ | | | |
| ૨૮ | | ૨૯ | | ૩૦ | ૩૧ | | | ૩૨ | |
| | ૩૩ | | | | ૩૪ | ૩૫ | | | ૩૬ |
| ૩૭ | | | | ૩૮ | | | | ૩૯ | |
| ૪૦ | | | | | | ૪૧ | | | |

**આડી ચાવી**

૧. નિસ્પૃહ માણસ, એક જાતનો ફકીર (૪)
૪. ઉજાણી (૪)
૭. કબજો, હવાલો (૨)
૮. યુગ, લાંબો સમય (૩)
૧૦. નકામું (૫)
૧૧. શાંતિ (૩)
૧૩. પૃથ્વી (૨)
૧૫. ચાંપતી ઉઘરાણી (૩)
૧૮. રાખ, ભસ્મ (૨)
૨૦. રસ્તે (૨)
૨૨. બગલો (૨)
૨૩. --- વિના નર પશુ (૨)
૨૫. ત્યારે (૨)
૨૭. વેલ (૨)
૨૮. રહેઠાણ, મકાન (૩)
૩૦. ચાકર, નોકર (૨)
૩૩. પૂરું, પૂર્ણ (૩)
૩૪. રખડતો ફરતો માણસ (૫)
૩૮. જૈન સાધ્વી (૩)
૩૯. મૃત્યુનો દેવ (૨)
૪૦. ધનભંડારનો ઉપરી (૪)
૪૧. શોક કારક કે દયાજનક પરિણામ (૪)

**ઊભી ચાવી**

૧. હાર (૩)
૨. દુંદાળું, ગણપતિ (૪)
૩. રૂપું (૩)
૫. મહેનત, શ્રમ (૪)
૬. પાણી જવાનો રસ્તો (૨)
૯. વહાણનો દોરનાર (૩)
૧૨. મોં પર ઘૂંઘટ તરીકે નખાતું વસ્ત્ર (૩)
૧૪. --- મુખસે ના કહે લાખ ટકા મેરો મોલ (૨)
૧૬. યોગીની, બાવાની સ્ત્રી (૩)
૧૭. પૃથ્વી (૩)
૧૯. જાણીતું, પ્રખ્યાત (૨)
૨૧. પાણી ભરવાનું બેડું (૨)
૨૪. ફોરમ, સુગંધ (૩)
૨૬. પિતામહ (૨)
૨૯. તૃપ્તિ, સંતોષ (૪)
૩૧. પૂરેપૂરું ભરેલું (૩)
૩૨. શેષશાયી વિષ્ણુ (૪)
૩૫. મશ્કરી (૩)
૩૬. હેત, સ્નેહ (૩)
૩૭. આબરુ, આંટ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અં | ૨ ત | ૩ ર | | | ૪ આ | ૫ મ | ૬ ર | ણાં | ૭ ત |
| ૮ જ | ન્મ | સિ | દ્ધ | | ૯ મ | દ | દ | | ૮ ત્કા |
| ૧૦ ના | ય | ક | | ૧૧ નિ | દા | ન | | ૧૨ ભા | લ |
| | તા | | ૧૩ નિ | | ની | | ૧૪ રા | વ | |
| ૧૫ ને | | ૧૬ વા | જ | બી | | | ૧૭ મ | ના | ૧૮ ઈ |
| ૧૯ ક | ૨૦ સુ | ર | | | ૨૧ ગ | ૨૨ મા | ણ | | લા |
| | ૨૩ રં | ક | | ૨૪ હા | | ત્ર | | ૨૫ પા | |
| ૨૬ સં | ગ | | ૨૭ ફા | ર | સ | | ૨૮ સુ | રં | ૨૯ ગ |
| તા | | ૩૦ મ | ર | જી | | ૩૧ ગ | તા | ગ | મ |
| ૩૨ પ | રો | ણા | ગ | ત | | | ૩૩ ર | ત | ન |

### ઓળખાણ પડી?



સોનુ કે ટીટુ કી સ્વીટીના સોનુની ખ્યાતિ મેળવનારા અને 'ભૂલભૂલૈયા ૨'થી માન્યતા મેળવનારા અભિનેતાની ઓળખાણ પડી?

અ)સિદ્ધાર્થ મલ્હોત્રા બ) કાર્તિક આર્યન ક) વરુણ ધવન ડ) આયુષ્માન ખુરાના

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૩ | ૮ | ૧ | | | ૨ | |
| | ૭ | | | | ૨ | | | ૪ |
| | ૨ | | | ૯ | | ૬ | ૩ | |
| | | | ૪ | ૨ | | ૯ | | |
| | ૯ | ૨ | | | | ૧ | ૪ | |
| | | ૪ | | ૭ | ૩ | | | |
| | ૪ | ૫ | | ૮ | | | ૭ | |
| ૨ | | | ૧ | | | | ૮ | |
| | ૧ | | | ૬ | ૫ | ૪ | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૭ | ૪ | ૧ | ૫ | ૮ | ૩ | ૨ |
| ૩ | ૮ | ૪ | ૬ | ૨ | ૯ | ૭ | ૫ | ૧ |
| ૫ | ૧ | ૨ | ૭ | ૮ | ૩ | ૬ | ૯ | ૪ |
| ૪ | ૭ | ૧ | ૮ | ૯ | ૬ | ૫ | ૨ | ૩ |
| ૨ | ૬ | ૩ | ૫ | ૭ | ૪ | ૧ | ૮ | ૯ |
| ૮ | ૫ | ૯ | ૨ | ૩ | ૧ | ૪ | ૬ | ૭ |
| ૧ | ૩ | ૬ | ૯ | ૫ | ૭ | ૨ | ૪ | ૮ |
| ૭ | ૪ | ૮ | ૩ | ૬ | ૨ | ૯ | ૧ | ૫ |
| ૯ | ૨ | ૫ | ૧ | ૪ | ૮ | ૩ | ૭ | ૬ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दागना | સળગાવવું |
| दादुर | દેડકો |
| दानव | રાક્ષસ |
| दाम | પૈસા |
| दाद | ન્યાય |

**ગુજરાત મોરી મોરી રેઃ**
પલ્લવી મહેતા

**ઓળખાણ પડી?**
મમતા

**માઈન્ડ ગેમ :**
ગાઈડ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
છોટી સી બાત

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

અક્ષયની 'એરલિફ્ટ', ઈરફાન ખાનની 'ધ લંચ બોક્સ' તેમજ અભિષેકની 'દસવી' ફિલ્મની હીરોઇન કોણ હતી એ જણાવો.

અ) નરગીસ ફખરી બ) ભૂમિકા ચાવલા ક) રકૂલ પ્રીત સિંહ ડ) નિમરત કૌર

### માઈન્ડ ગેમ

અજય દેવગન અને તબુએ દસેક ફિલ્મમાં સાથે કામ કર્યું છે. આપેલા વિકલ્પમાંથી શેમાં તેઓ સાથે નહોતા એ જણાવો.

અ) વિજયપથ બ) ફૂલ ઔર કાંટે ક) દૃશ્યમ ડ) ભોલા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ધીરેન્દ્ર ઉદેશી (૪) ભામિની સંપટ (૫) પ્રતિમા પમાણી (૬) ડો. પ્રકાશ કટકિયા (૭) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૮) ભારતી બુચ (૯) ભરત કજરિયા (૧૦) વિપીન શાહ (૧૧) નૂતન વિપીન શાહ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) મહેશ સંઘવી (૧૫) મીનળ કાપડિયા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) ભાવના કર્વે (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કમલ માતલિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) વિણા સંપટ (૨૬) ખુશરૂ કાપડિયા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ગિરીશ બાબુબાઈ મિસ્ત્રી (૩૦) વિજય આસર (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) નિતીન જયંતીલાલ બજરિયા (૩૪) અરવિંદ કામદાર (૩૫) પ્રિતીબેન ઉદય શેઠ (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) લજિતા ખોના (૩૮) પુષ્પા પટેલ (૩૯) મહેશ દોશી (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) મહેન્દ્ર લોઢાવિયા (૪૪) પ્રવીણ વોરા (૪૫) રમેશભાઈ દલાલ (૪૬) ઈનાક્ષીબેન દલાલ (૪૭) હિનાબેન દલાલ (૪૮) જ્યોત્સના ગાંધી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૮૩ જવાબ ૧) નાગીન, ૨) નગીના, નિગાહે ૩) શેષનાગ, ૪) જાની દુશ્મન એક અનોખી કહાની, ૫) હીસ, ૬) નાચે નાગીન ગલી ગલી, ૭) નાગ નાગીન

ક્વિઝ ૧૮૪ ૧) આદમી સડક કા, ૨) સચ્ચાં ઝુઠા, ૩) ચોર મચાયે શોર, ૪) ચૌદવી કા ચાંદ, ૫) ગુલામ બેગમ બાદશાહ ૬) દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે, ૭) આહ

# ગુજરાતમાં અમીછાંટણા, પણ ચોમાસાના આરંભે જ ૯૧ ટકા વરસાદની ઘટઃ ખેડૂતો ચિંતામાં




રાજકોટમાં ગુરુવારે સાંજે ચોમાસાના આગમનની તૈયારીની છડી પોકારતા ઝાપટાં પડ્યાં હતાં. (પ્રવીણ સેદાણી)

(અમાર પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અધિક જેઠ માસ પૂર્ણ થઈ ગયો છે, તેમજ જૂન મહિનો પણ અડધો પૂરો થઈ ગયો છે, તેમ છતાં વરસાદ ન નોંધાતા, રાજ્યમાં વરસાદનું સંકટ ઘેરાય રહ્યું છે. ગુરુવારે સૌરાષ્ટ્ર અને ગુજરાતના અમુક ભાગોમાં વરસાદી ઝાપટાની શરૂઆત થઈ હતી, પરંતુ રાજ્ય હજુ કોરુંકટ છે.

હવામાન વિભાગના તાજેતરના આંકડા અનુસાર, સત્તાવાર ચોમાસાની શરૂઆત થઈ ગઈ હોવા છતાં ગુજરાતમાં ૯૧ ટકા વરસાદની અછત નોંધાઈ છે. આ અછત મહારાષ્ટ્રની ૮૦ ટકાની ખાધ કરતાં પણ ઘણી વધારે છે. સેટેલાઇટમાંથી મળેલી તસવીરો દર્શાવે છે કે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વાદળો દેખાતાં નથી, મોટાભાગના વરસાદી વાદળો પૂર્વ ભારત, બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં ગુજરાતના દરિયાકાંઠાથી ઘણા દૂર કેન્દ્રિત થયેલા હોવાનું હવામાન વિભાગે જણાવ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વર્ષે જૂન મહિનામાં ગુજરાત એક દુર્લભ વાતાવરણીય પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે. ઉત્તર ભારતમાંથી પસાર થઈ રહેલા સતત પશ્ચિમી વિક્ષેપના કારણે વરસાદી ગતિવિધિઓ રાજસ્થાન, પંજાબ અને પશ્ચિમ હિમાલય તરફ ફંટાઈ ગઈ છે. પરિણામે સૂકા ગણાતા રાજસ્થાનના કેટલાક જિલ્લાઓમાં સામાન્ય કરતાં વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે ગુજરાતમાં સૂકું હવામાન રહ્યું છે. સામાન્ય રીતે જૂનના પ્રથમ પખવાડિયામાં અરબી સમુદ્રમાંથી મળતા ભેજને કારણે ગુજરાતમાં સારો વરસાદ થતો હોય છે, પરંતુ આ વર્ષે પશ્ચિમ ભારતમાં ચોમાસાનું સરક્યુલેશન મજબૂત ન થતાં અરબી સમુદ્રની શાખા નબળી અને વિખરાયેલી રહી છે.

ચોમાસામાં થઈ રહેલા આ મોટા વિલંબને કારણે રાજ્યના ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા છે. જૂન મહિનાનો આ સમયગાળો ખરીફ પાકના વાવેતર માટે અત્યંત મહત્ત્વનો ગણાય છે. જો વરસાદ ખેંચાવાનો આ સિલસિલો જૂન મહિનાના અંત સુધી યથાવત રહેશે, તો ગુજરાતના મુખ્ય ખરીફ પાકો જેવા કે કપાસ, મગફળી અને અન્ય પાકોના વાવેતર પર તેની ખૂબ જ ગંભીર અસર પડી શકે છે. હાલમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને મુખ્ય ગુજરાતના મોટાભાગના વિસ્તારો વાવણીલાયક સારા વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

હવામાન વિભાગના મોડેલ્સ અનુસાર, ૨૦ જૂન પછી ચોમાસાને રોકી રહેલી વાતાવરણીય પરિસ્થિતિઓ નબળી પડવાની સંભાવના છે. અરબી સમુદ્રમાં 'સોમાલી જેટ' મજબૂત થવાને કારણે અને ભારતના પશ્ચિમ કિનારે ભેજનું પ્રમાણ વધવાથી જૂનના છેલ્લા સપ્તાહમાં ચોમાસું ફરી વેગ પકડી શકે છે. અંદાજ પ્રમાણે, ૨૨ થી ૨૬ જૂન વચ્ચે ગુજરાતના વધુ વિસ્તારોમાં ચોમાસું આગળ વધશે અને ત્યારબાદ વરસાદી માહોલ શરૂ થશે. જો કે, અત્યારે જે સ્તરની વરસાદની તંગી સર્જાઈ છે, તેને જોતાં માત્ર થોડા દિવસોનો વરસાદ આ ખાધને પૂરી કરવા માટે પૂરતો નહીં હોય તેવું હવામાન નિષ્ણાતોનું માનવું છે. ■

## ગુજરાતના ૧૨ તાલુકાઓમાં પ્રિ-મોન્સૂન વરસાદથી ઠંડક!

### નડિયાદમાં બે અને બરવાળામાં સવા ઇંચ

અમદાવાદઃ ગુજરાતમાં વરસાદની કાગડોળે રાહ જોવાઈ રહી છે, પરંતુ હજુ સુધી રાજ્યમાં ચોમાસાના વરસાદનો પ્રારંભ નથી થયો પરંતુ આકરી ગરમી અને અસહ્ય ઉકળાટની સ્થિતિ વચ્ચે અમુક જિલ્લામાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ હતી. જેનાથી સ્થાનિક લોકોને રાહત મળી હતી. ખેડા, બોટાદ, પંચમહાલ, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, મહીસાગર અને દાહોદ જિલ્લામાં વરસાદ પડ્યો હતો. સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યમાં ૧૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો, જેમાં ખેડાના નડિયાદમાં સૌથી વધુ ૨.૦૯ ઇંચ વરસાદ પડ્યો હતો. તે સિવાય બોટાદના બરવાળામાં ૧.૨૬ ઇંચ વરસાદ પડ્યો હતો.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર દ્વારા આપવામાં આવેલા આંકડાઓ અનુસાર, ખેડાના નડિયાદમાં ૨.૦૯ ઇંચ, બોટાદના બરવાળામાં ૧.૨૬ ઇંચ, પંચમહાલના હાલોલમાં ૦.૪૩ ઇંચ, અમદાવાદના ધંધુકામાં ૦.૩૫ ઇંચ, રાજકોટમાં ૦.૨૪ ઇંચ, ભાવનગરના તળાજા અને સિહોર તેમજ મહીસાગરના માતરમાં ૦.૨૦ ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

ભાવનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય પંથકોમાં વરસાદ પડ્યો હતો. ભાવનગર શહેરમાં બપોર બાદ ચોમાસાની સિઝનનો પહેલો વરસાદ ધીમી ધારે શરૂ થયો હતો. જેનાથી આકરી ગરમીથી તોબા પોકારી ગયેલા સ્થાનિકોને મોટી રાહત મળી હતી. જિલ્લાના તળાજા તાલુકાના ગ્રામ્ય પંથકમાં વરસાદ નોંધાયો હતો, જેમાં ઝરમર, બોરડા મણાર, નવા અને જૂના સાંગણા, કામરોળ, હાજીપર, અલંગ, મણાર, સથરા, પીપરલા, તરસરા સહિતના ગામમાં સારો વરસાદ નોંધાયો હતો.

તે ઉપરાંત ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓના ગ્રામ્ય પંથકમાં વરસાદ નોંધાયો હતો. રાજકોટ જિલ્લાના ગોંડલ. અમરેલી, જામનગર, બનાસકાંઠા, નડિયાદ, વડોદરા, હાલોલ, સહિતના સ્થળે વરસાદ નોંધાયો હતો. આ દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં વડગામ તાલુકાના સકલાણા ગામે એક દુર્ઘટના સર્જાય હતી, જેમાં રાતે ખેતરમાં જઈ રહેલા પિતા-પુત્ર પર વાવાઝોડાના કારણે તૂટેલ વીજળીનો તાર પડતાં ઘટનાસ્થળે જ બંનેના મોત નીપજ્યા હતા. ■

## 'નીટ' એક્ઝામ પહેલા જ અમદાવાદમાં વિદ્યાર્થીએ આપઘાત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એમબીબીએસમાં એન્ટ્રેન્સ માટે લેવાતી નીટની એક્ઝામ ૨૧મી જૂનના રોજ ફરી લેવામાં આવશે, ત્યારે તંત્ર અને પોલીસ તૈયારીઓ કરી રહી છે, પરંતુ અમુક વિદ્યાર્થીઓ નાસીપાસ થઈ ગયા હોવાની અને અંતિમ પગલું ભરી લેતા હોવાની ઘટના દેશના અન્ય રાજ્યોમાં પણ બની છે, ત્યારે ગુજરાતમાં પણ એક વિદ્યાર્થીએ કરેલી આત્મહત્યા નીટ પરીક્ષાના પ્રેશર સાથે જોડાયેલી હોવાનું સૂત્રો જણાવે છે.

અમદાવાદના ન્યૂ રાણીપ વિસ્તારમાં ૧૭મી જૂને મોડી રાત્રે અઢી વાગ્યા આસપાસ ૧૭ વર્ષીય કહાન પટેલે પોતાના ફ્લેટના છઠ્ઠા માળેથી કૂદી જીવ દઈ દીધો હતો. કહાને બાલ્કનીની જાળી કાપી મોતની છલાંગ લગાવી દીધી હતી, જેની સૌથી પહેલી જાણ સિક્યોરિટી ગાર્ડને થઈ હતી. તેણે પરિવાર અને અન્ય લોકોને જગાડ્યા હતા અને જાણ કરી હતી.

પોલીસસૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર મૃતક નીટની તૈયારી કરતો હતો અને તેણે વિકલ્પ તરીકે ફાર્મસીનું ફોર્મ પણ ભર્યું હતું.

જોકે વિદ્યાર્થીએ ક્યા કારણોસર આત્મહત્યા કરી તે સ્પષ્ટ થયું નથી, પરંતુ પરીક્ષાન ત્રણ દિવસ પહેલા જ તેણે આ પગલું લેતા પરીક્ષાનું પ્રેશર કારણ હોઈ શકે તેમ માનવામાં આવે છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

## 'નીટ' પરીક્ષા માટે મણિનગર, ઓખા અને ભાવનગરથી દોડશે ત્રણ જોડી સ્પેશ્યલ ટ્રેનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નીટ પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની સુવિધા અને મુસાફરોની વધારાની ભીડને નિયંત્રિત કરવા માટે રેલવે દ્વારા સ્પેશ્યલ ભાડા સાથે ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ખાસ ટ્રેનો મણિનગરથી બાંદ્રા ટર્મિનસ, ઓખાથી ગાંધીનગર કેપિટલ અને ભાવનગર ટર્મિનસથી ગાંધીગ્રામ વચ્ચે દોડશે. રેલવેના જણાવ્યા અનુસાર, આ તમામ ટ્રેનોમાં સ્લીપર અને જનરલ કોચની સુવિધા ઉપલબ્ધ રહેશે, જેથી વિદ્યાર્થીઓ અને સામાન્ય મુસાફરો સરળતાથી મુસાફરી કરી શકશે. રેલવેના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૦૯૪૭૨ મણિનગર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ૨૦ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૦૮:૩૦ કલાકે ઉપડીને તે જ દિવસે સાંજે ૧૮:૧૫ કલાકે પહોંચશે. જ્યારે પરતીમાં ટ્રેન નંબર ૦૯૪૭૧ બાંદ્રા ટર્મિનસથી તે જ દિવસે રાત્રે ૨૧:૧૫ કલાકે ઉપડી રવિવારે સવારે ૦૬:૦૦ કલાકે મણિનગર પહોંચશે, જે આણંદ, ભરૂચ, સુરત અને બોરીવલી જેવાં સ્ટેશનો પર ઊભી રહેશે. બીજી ટ્રેન (૦૯૫૫૪) ઓખાથી શનિવારે સવારે ૦૫:૦૦ કલાકે ઉપડી બપોરે ૧૫:૦૦ કલાકે ગાંધીનગર કેપિટલ પહોંચશે, જે જામનગર, રાજકોટ અને સુરેન્દ્રનગર થઈને દોડશે. ત્રીજી ટ્રેન (૦૯૨૫૪) ભાવનગર ટર્મિનસથી શનિવારે સવારે ૧૧:૪૦ કલાકે ઉપડીને સાંજે ૧૬:૧૦ કલાકે ગાંધીગ્રામ પહોંચશે, જે બોટાદ અને ધોળકા જેવા રૂટ પરથી પસાર થશે.આ તમામ વિશેષ ટ્રેનો માટે ટિકિટનું બુકિંગ આજથી શરૂ કરી દેવામાં આવ્યું છે. ■

## સુરતમાં શૅર માર્કેટમાં નાહ્યા બાદ યુવકે પોતાના અપહરણનું નાટક રચ્યું, પોલીસે પકડી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના મોટા વરાછા વિસ્તારમાં રહેતા એક યુવકે અપહરણનો ઢોંગ રચી પોતાના જ પરિવાર પાસેથી રૂ. ૫૦ લાખની ખંડણી વસૂલવાનો કારસો રચ્યો હતો, પરંતુ પોલીસની સતર્કતાએ તેના આ પ્લાનને નિષ્ફળ બનાવ્યો હતો, તેવી માહિતી પોલીસ સૂત્રો દ્વારા મળી હતી.

ઘટનાની મળતી વિગતો અનુસાર શહેરના વરછા વિસ્તારમાં સેક્ટર-૨માં રહેતાં નિશા તળાવિયા નામનાં મહિલાએ ૧૨ જૂનના રોજ ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં પતિ જિગ્નેશ ગૂમ થયા હોવાની ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ તેમને પતિના મોબાઈલ પર મોબાઈલમાં હિન્દીમાં મેસેજ આવ્યો હતો, જેમાં જિગ્નેશનું અપહરણ થઈ ગયું હોવાની અને ખંડણીમાં રૂ. ૫૦ લાખ આપવાની માગણી કરી હતી. મેસેજમાં પોલીસને જાણ નહીં કરવાની અને ફરિયાદ કરી કે બૅન્ક ખાતું બંધ કરાવ્યું તો મારી નાખવાની ધમકી પણ આપી હતી.

ડરી ગયેલા પરિવારે પોલીસને જાણ કરતા પોલીસે પણ મામલાને ગંભીરતાથી લઈ તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ સંસાધનોની મદદથી પોલીસે જિગ્નેશને ગોધરાની એક હૉટેલમાંથી હેમખેમ શોધી કાઢ્યો હતો. જોકે જિગ્નેશની પૂછપરછમાં જે બહાર આવ્યું તે ચોંકાવનારું હતું. તેના જણાવ્યા અનુસાર આ અપહરણ અન્ય કોઈએ નહીં પણ તેમે પોતે જ કર્યું હતું. તેણે પોતાનો વીડિયો ઉતારી પરિવારને મોકલ્યો હતો અને મેસેજ પણ તેણે જ કર્યો હતો. જિગ્નેશ એક કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો, પરંતુ શૅરમાર્કેટમાં મોટી રકમ ગુમાવી ચૂક્યો હતો. આથી તેણે પોતાના જ પરિવાર પાસેથી નાણાં ખંખેરવા આ કથિત પ્લાન બનાવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસે તેની સામે પોલીસના સમય અને સંસાધન બગાડવા સહિતની કલમ લગાવી તપાસ હાથ ધરી હતી. ■

## રેગિંગઃ ગુજરાતની બે મેડિકલ કૉલેજમાંથી નવ સિનિયર ડૉક્ટરને સસ્પેન્ડ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ફરી મેડિકલ કૉલેજમાં રેગિંગના મામલે નવ ડૉક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યાની ઘટનાએ ખળભળાટ મચાવ્યો હતો. અમદાવાદની બી જે મેડિકલ કૉલેજ અને ભાવનગરની સર ટી ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજના કુલ નવ ડૉક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, જેમાં ત્રણ અમદાવાદ અને છ ભાવનગરની મેડિકલ કૉલેજના વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. તમામ ડૉક્ટર ઓર્થોપેડિક વિભાગના હોવાની માહિતી અહેવાલો દ્વારા પ્રકાશમાં આવી હતી.

રાજ્યના આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે ભાવનગર મેડિકલ કૉલેજના ડીનની આગેવાની હેઠળ એક તપાસ સમિતિની રચના કરવામાં આવી છે અને ગુરુવાર સાંજ સુધીમાં તેનો અહેવાલ રજૂ કરે તેવી અપેક્ષા છે, જેના પછી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

ભાવનગરની કૉલેજના ઓર્થોપેડિક વિભાગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ૧૩ જેટલા જુનિયર રેસિડન્ટ તબીબોને છેલ્લા પાંચેક મહિનાથી બીજા વર્ષના છ સિનિયર રેસિડન્ટ તબીબો દ્વારા માનસિક અને અમાનવીય શારીરિક ત્રાસ આપી આકરી તાલિબાની સજાઓ અપાતી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આ મામલે પીડિત વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી ઓનલાઇન ફરિયાદના આધારે મેડિકલ કૉલેજની એન્ટી રેગિંગ સ્કવૉર્ડ દ્વારા છેલ્લા ત્રણ દિવસથી સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ભાવનગરની સર ટી. હૉસ્પિટલના ટ્રોમા સેન્ટર બિલ્ડિંગમાં કાર્યરત ઓર્થોપેડિક વિભાગમાં નામ ન આપવાની શરતે ભોગ બનનાર જુનિયર તબીબોએ પોતાનો રૂંવાડા ઊભા કરી દે તેવો ત્રાસ વર્ણવતા જણાવ્યું હતું કે, સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા તેઓની પાસેથી દર મહિને અઢી લાખ રૂપિયા પડાવવામાં આવતા હતા અને વિદેશી દારૂની બોટલો મગાવવામાં આવતી હતી. આટલું જ નહીં, રાત્રિના સમયે જુનિયરોને કુકડા બનાવવામાં આવતા અને આખી રાત એક પગે ઊભા રાખવાની ક્રૂર સજા અપાતી હતી. તબીબોને ટ્રોમા સેન્ટરની બહાર નીકળવા પર પ્રતિબંધ હતો તેમ જ જમવા અને સૂવાનો પૂરતો સમય પણ આપવામાં આવતો ન હતો. અત્યંત ગંભીર બાબત એ છે કે, એક્સ-રે વિભાગમાં ફરજ દરમિયાન રેડિયેશનથી બચવા માટેનું જરૂરી 'લેડ એપ્રન' પણ પહેરવા દેવામાં આવતું ન હતું, જે તેમના સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. હદ તો ત્યારે થઈ જ્યારે છેલ્લા ૧૫ દિવસથી જુનિયર તબીબોને ન્હાવા સુદ્ધા દેવામાં આવ્યા ન હતા.

આ અમાનવીય ત્રાસથી કંટાળીને આખરે તમામ ૧૩ જુનિયર તબીબોએ હિંમત એકઠી કરી લેખિત અને ઓનલાઇન ફરિયાદ નોંધાવી હતી. ■

## ગુજરાતમાં ₹ ૧,૫૬૭ કરોડના રોકાણવાળા ૧૫ મોટા પ્રોજેક્ટને મંજૂરી

અમદાવાદઃ ગુજરાતને વૈશ્વિક સ્તરે અગ્રણી રોકાણ સ્થળ બનાવવાના ઉદ્દેશ્ય સાથે, રાજ્ય સરકારે ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળની 'ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સ્કીમ' અંતર્ગત રૂ.૧,૫૬૭.૧૮ કરોડના રોકાણ ધરાવતા ૧૫ મોટા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન સહાય મંજૂર કરી હતી. આ રોકાણોના પરિણામે રાજ્યમાં આશરે ૧,૨૩૮ જેટલી નવી રોજગારીની તકો ઊભી થશે તેવી સરકારે આશા વ્યક્ત કરી હતી. ઉદ્યોગ પ્રધાન હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને યોજાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિની બેઠકમાં આ એકમોને ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવાનો નિર્ણય લેવાયો હતો.

આ બેઠકમાં ભરૂચ જિલ્લામાં કેમિકલ્સ ક્ષેત્રના રૂ.૯૯૯.૮૨ કરોડના સૌથી મોટા રોકાણને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ ઉપરાંત ઓટોમોબાઇલ સેક્ટરમાં અમદાવાદ જિલ્લાના રૂ.૭૫.૭૨ કરોડ અને સુરેન્દ્રનગર જિલ્લાના રૂ.૪૪.૫૬ કરોડના પ્રોજેક્ટ્સ સહિત ગાંધીનગર જિલ્લામાં ટેક્સટાઇલ ક્ષેત્રના રૂ.૧૩ કરોડના પ્રોજેક્ટને પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. ઉલ્લાખનીય છે કે, આ નીતિ અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ રૂ.૧,૪૮,૩૩૬.૩૫ કરોડનું રોકાણ આકર્ષવામાં આવ્યું છે. ■

બનાસકાંઠામાં હનીટ્રેપનું નેટવર્ક ઝડપાયું

## પૂર્વ સરપંચ, પત્રકાર અને બ્યુટીપાર્લર સંચાલિકાએ ખેડૂતને ફસાવી ૧૫ લાખ માગ્યા

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચ અને ગઢ પોલીસે વડગામ પંથકમાં બનેલા હનીટ્રેપ અને ખંડણીના ગંભીર ગુનાનો ભેદ ઉકેલી મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. આ કેસમાં એક ૫૮ વર્ષીય ખેડૂતને કિરણ નામની મહિલાએ વોટ્સએપ મારફતે પ્રેમજાળમાં ફસાવી પાલનપુર બોલાવ્યો હતો. ત્યારબાદ તેને વડગામ તરફ લઈ જઈ, રસ્તામાં અન્ય સાગરીતોએ આવીને પોતે એલસીબીના અધિકારી હોવાની ખોટી ઓળખ આપી હતી. આરોપીઓએ ખેડૂતને બળાત્કારના ખોટા કેસમાં ફસાવવાની અને વીડિયો વાઇરલ કરવાની ધમકી આપીને રૂ. ૧૫ લાખની ખંડણી માગી હતી, જેમાંથી રૂ. ૫ લાખ બળજબરીથી પડાવી લીધા હતા.

આ અંગે મળતી વિગતો અનુસાર, ખેડૂતે આ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસ એક્શનમાં આવી હતી. ગુનાનો ભેદ ઉકેલવા માટે એલસીબીની ટીમે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરી મુખ્ય સૂત્રધાર વલીખાન ભીખુભાઈ પઠાણ (પાલનપુર), જયંતીભાઈ ગમાભાઈ કોઈટીયા (સરીપડા) અને ઝુલ્ફીકાર કાસમભાઈ મકરાણી (પાલનપુર) ને ઝડપી પાડ્યા હતા. પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, પકડાયેલ આરોપી જયંતીભાઈ કોઈટીયા સરીપડા ગામના પૂર્વ સરપંચ છે અને તેની સામે અગાઉ અમદાવાદમાં પણ હનીટ્રેપના ગુના નોંધાયેલા છે, જ્યારે ઝુલ્ફીકાર મકરાણી એક ન્યૂઝ ચેનલમાં પત્રકાર હોવાનું ખૂલ્યું હતું.

પોલીસની ટીમે બાતમીના આધારે રાજસ્થાનના ગંગાનગર ખાતે મોટું ઓપરેશન હાથ ધરીને સમગ્ર કાવતરાની મુખ્ય સૂત્રધાર મનાતી કિરણ નામની યુવતીને દબોચી લીધી હતી અને તેના બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. જ્યારે અન્ય ફરાર આરોપીઓમાં બ્યુટીપાર્લર ચલાવતી ભાવનાબેન પ્રજાપતિ ઉર્ફે ભૂમિ પંચાલ, તેની પાસે કામ કરતી આરતી અને એક અજાણ્યા પુરુષને વોન્ટેડ જાહેર કરી તેમને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલી એક કાર અને ત્રણ મોબાઇલ ફોન જપ્ત કર્યા હતા. પોલીસે પકડેલા ત્રણેય આરોપીઓને વધુ કાર્યવાહી માટે વડગામ પોલીસને સોંપ્યા હતા. ■

## સુરતના અડાજણમાં ઇલેક્ટ્રિક વ્હિકલના શો-રૂમમાં આગ લાગતાં ભાગદોડ મચી, ફાર્મસી-રેસ્ટોરાં ઝપેટમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના પોશ ગણાતા અડાજણ ચાર રસ્તા પાસે એક ભીષણ આગ ફાટી નીકળતાં ભારે દોડધામ મચી ગઈ હતી. અહીં આવેલી બીએપીએસ હોસ્પિટલ નજીકના એક ઇલેક્ટ્રિક વ્હીકલના શો-રૂમમાંથી અચાનક આગની શરૂઆત થઈ હતી, જેણે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ પ્રચંડ આગે બાજુમાં આવેલી ફાર્મસી અને એક રેસ્ટોરન્ટને પણ પોતાની ઝપેટમાં લઈ લેતા સમગ્ર પરિસરમાં ભાગદોડનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ભારે જહેમત બાદ આખરે આગ પર કાબૂ મેળવ્યો હતો, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

આ દુર્ઘટનામાં આગના કારણે પેદા થયેલી અસહ્ય ગરમીને લીધે મોટું નુકસાન થયું હતું. પતરાના શેડમાં ઊભી કરાયેલી આ દુકાનોમાં લાગેલી આગ એટલી પ્રચંડ હતી કે તેનું મજબૂત લોખંડનું આખું સ્ટ્રક્ચર પણ ગરમીના કારણે ઓગળીને જોતજોતામાં નીચે નમી પડ્યું હતું. લોખંડનું આ માળખું આ પ્રકારે ધરાશાયી થતું જોઈને આસપાસના લોકોમાં ભારે ભય અને ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો, જોકે સદનસીબે ફાયરની સમયસરની કામગીરીથી વધુ હોનારત ટળી ગઇ હતી. ■

## ગીરમાં દારૂ પાર્ટી અને ગેરકાયદે સિંહ દર્શનના હાઈ પ્રોફાઈલ રેકેટનો પર્દાફાશઃ સાત ઝડપાયા

(અમાર પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીરમાં ગેરકાયદે સિંહ દર્શન કરાવતા એક મોટા રેકેટનો વન વિભાગે પર્દાફાશ કર્યો હતો. વન વિભાગની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા એક ખાસ ઓપરેશન દરમિયાન આ ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ સાત શખ્સો સામે કડક કાર્યવાહી કરી હતી. તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, માંડોરના રહેવાસી અલ્ફાઝ મલેક નામના શખ્સે પોતાના ફાર્મ હાઉસ પર આ ગેરકાયદે સિંહ દર્શનની વ્યવસ્થા ગોઠવી આપી હતી. મોરબીથી ઘેલુ નાથાભાઈ કુંભરવડીયા પોતાના ત્રણ મિત્રો સાથે અહીં આવ્યા હતા, જ્યાં આ ગ્રૂપે પહેલાં પ્રાઇવેટ પાર્ટી કરી હતી અને ત્યારબાદ રાતના અંધારામાં સિંહોનું લોકેશન ટ્રેક કરવા માટે તેઓ પ્રતિબંધિત વન વિસ્તારમાં ઘૂસ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

વન વિભાગના કર્મચારીઓ જ્યારે રાત્રિ દરમિયાન નિયમિત પેટ્રોલિંગ કરી રહ્યા હતા, ત્યારે આ સંવેદનશીલ વિસ્તારમાં કેટલાક શખ્સોની શંકાસ્પદ હિલચાલ નજરે પડી હતી. વન વિભાગની ટીમને પોતાની તરફ આવતી જોઈને આરોપીઓમાં દોડધામ મચી ગઈ હતી અને તેઓ પોતાની ગાડી જંગલની સરહદમાં જ મૂકીને ત્યાંથી પગપાળા ભાગી છૂટ્યા હતા. વન વિભાગે સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને ભાગી છૂટેલા તમામ સાત આરોપીઓને દબોચી લીધા હતા. નિયમોના ભંગ બદલ વન વિભાગ દ્વારા આ તમામ આરોપીઓ પર કુલ ચાર લાખ રૂપિયાનો આકરો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યુ હતું.

જંગલમાંથી જપ્ત કરાયેલી ગાડીની તપાસ દરમિયાન તેમાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી અને ત્યારબાદ વન વિભાગે આ વાહન અને મોરબીના બે મુખ્ય આરોપીઓનો કબજો આગળની કાર્યવાહી માટે સિવિલ પોલીસને સોંપ્યો હતો. પ્રભાસ પાટણ પોલીસે આ મામલે ગુનો નોંધી પ્રોહિબિશન એક્ટ હેઠળ અલગથી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. વન વિભાગ અને પોલીસની આ સંયુક્ત અને ઝડપી કાર્યવાહીના કારણે સ્થાનિક સ્તરે છૂપી રીતે આવી કમર્શિયલ સફારી કે ગેરકાયદે શો ગોઠવતાં તત્ત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ■




# કૉન્ગો દેશનો આ સપોર્ટર તો ગજબનો! પોર્ટુગલ સામેની મૅચમાં ૯૦ મિનિટ સુધી સ્ટૅચ્યૂની જેમ ઊભો રહ્યો





હ્યુસ્ટન (અમેરિકા): બુધવારે અહીં ફિફા વર્લ્ડ કપની મૅચમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડોવાળા પોર્ટુગલને આફ્રિકન દેશ ડીઆર કૉન્ગોના ખેલાડીઓએ શરૂઆતથી છેક સુધી કાબૂમાં રાખ્યો હતો, ખીચોખીચ ભરાયેલા સ્ટેડિયમમાં હજારો પ્રેક્ષકો પોતાના ફેવરિટ ખેલાડીઓ તથા ટીમને ચિયર-અપ કરવા સતત બૂમાબૂમ કરી રહ્યા હતા અને ચીસો પાડી રહ્યા હતા, પરંતુ એક માણસ પોતાની સીટ પર પ્રારંભથી છેક સુધી ઊભો રહ્યો હતો અને એ પણ કોઈ પણ પ્રકારની મૂવમેન્ટ વગર!

માઇકલ ઍન્કૂકા ઍમ્બોલૅન્ડિંગાને કૉન્ગો ફૂટબૉલનો સુપરફૅન માનવામાં આવે છે. તે હંમેશાં કૉન્ગોની આંતરરાષ્ટ્રીય ફૂટબૉલ મૅચ વખતે સ્ટેડિયમમાં પહોંચી જાય છે (અથવા તેને સામેથી આમંત્રણ આપવામાં આવે છે) અને પોતાની સીટ પર જઈને ઊભો રહી જાય છે. તે જમણો હાથ ઊંચો રાખીને મૅચના અંત સુધી એ જ જગ્યાએ જરા પણ હલ્યા વગર ઊભો રહે છે. આસપાસના લોકોની કોઈ પણ પ્રકારની સંવેદનાની તેમ જ મૅચમાં બનતી ઘટનાની તેના મગજ પર કોઈ અસર નથી થતી. લોકોમાં તે 'લુમુમ્બા'ના હુલામણા નામે ઓળખાય છે.

## મૅચની કોઈ પણ ઘટનાની અસર નથી થતી

બુધવારે પોર્ટુગલ સામેની મૅચમાં કૉન્ગોનો આ સુપરફૅન આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. પોર્ટુગલના યાઓ નેવીઝે છઠ્ઠી મિનિટમાં ગોલ કરીને ૧-૦થી સરસાઈ લીધી ત્યારે આ કૉન્ગૉની પ્રજાના આ લાડલા 'લુમુમ્બા'એ કોઈ પણ પ્રકારની પ્રતિક્રિયા નહોતી બતાવી. તેનો ચહેરો ગોલ પહેલાં હતો એવો જ ગોલ પછી પણ હતો. તેણે હાથને જરાય પણ મૂવ પણ નહોતો કર્યો. ૪૫ મિનિટના ફર્સ્ટ-હાફની અંતિમ ક્ષણમાં (સ્ટોપેજ ટાઇમની પાંચમી મિનિટમાં એટલે કે કુલ ૫૦મી મિનિટમાં) કૉન્ગોના યૉએન વિસાએ ગોલ કરીને કૉન્ગોને ૧-૧ની બરાબરી અપાવી ત્યારે પણ લુમુમ્બા પર કોઈ અસર નહોતી થઈ. અસર થઈ હશે તો પણ તે કોઈ પણ પ્રકારની મૂવમેન્ટ વગર એ જ પૉઝિશનમાં ઊભો રહ્યો હતો.

## રાષ્ટ્રધ્વજ જેવા રંગવાળા ડ્રેસમાં સજ્જ

વાત એવી છે કે લુમુમ્બા દરેક મૅચ પહેલાં સ્ટૅચ્યૂની જેમ લાંબા સમય સુધી ઊભા રહેવાની પ્રૅક્ટિસ કરે છે. શરીરના કોઈ પણ અવયવની મૂવમેન્ટ મગજનું સિગ્નલ મળે તો જ થતી હોય છે, પરંતુ લુમુમ્બા મગજ પર એટલો બધો કાબૂ રાખે છે કે તેનું કોઈ પણ સિગ્નલ મગજ પૂરતું જ સીમિત હોય છે, તેના શરીરના કોઈ પણ ભાગ સુધી તે પહોંચવા નથી દેતો અને જબરદસ્ત સંયમથી એકસરખી સ્થિતિમાં જમણો હાથ ઊંચો રાખીને ઊભો રહે છે. તે કૉન્ગોના રાષ્ટ્રધ્વજ જેવા રંગના ટ્રાઉઝર, શર્ટ અને બ્લેઝરમાં સ્ટેડિયમમાં આવે છે, તેના ચહેરા પર રેટ્રો ગ્લાસ હોય છે અને આ ચશ્માંથી પણ તે બધાની વચ્ચે જલદી ઓળખાઈ જાય છે. મૅચ શરૂ થતાં પહેલાં તે સીટ પર ઊભો રહી જાય છે અને છેક સુધી તેને કોઈ ખલેલ પણ નથી પહોંચાડતું. ફોટોગ્રાફરો અને વીડિયોગ્રાફરો તેને વારંવાર પોતાના લેન્સમાં સમાવી લેતા હોય છે.

## લુમુમ્બા શા માટે સ્ટૅચ્યૂ બને છે?

લુમુમ્બાની આ આદત કૉન્ગોના ઇતિહાસ સાથે જોડાયેલી છે. પૅટ્રિસ લુમુમ્બા ડીઆર કૉન્ગો એટલે કે ડેમોક્રેટિક રિપબ્લિક ઑફ કૉન્ગો દેશના પ્રથમ વડા પ્રધાન હતા. ૧૯૬૦માં કૉન્ગોને બેલ્જિયમથી આઝાદી અપાવવામાં પૅટ્રિસનું સૌથી મોટું યોગદાન હતું અને તેમને દેશની એકતાના પ્રતીક માનવામાં આવે છે. જોકે આઝાદીના થોડા સમય બાદ કૉન્ગોમાં રાજકીય ઊથલપાથલ થઈ જેમાં પૅટ્રિસની ધરપકડ કરીને તેમને કેટલાક કથિત બેલ્જિયમના લોકોના ટેકાથી ફાંસી આપી દેવામાં આવી હતી. પૅટ્રિસ પર ગોળીબાર કરીને મૃત્યુદંડ અપાયો હતો અને પુરાવા ન રહે એ માટે તેમના દેહનો નાશ કરવામાં આવ્યો હતો. કહેવાય છે કે પૅટ્રિસ એ સમયના સોવિયેત સંઘની તરફેણમાં હોવાથી અમેરિકા-તરફી દળોએ તેમને સત્તાવિમુખ કરવામાં ટેકો આપ્યો હતો. કૉન્ગોના કિન્શાસામાં પૅટ્રિસનું એકતાનો સંદેશ આપતા પ્રતીક તરીકે જમણો હાથ ઊંચો રાખેલું સ્ટૅચ્યૂ મૂકવામાં આવ્યું છે અને લુમુમ્બા દરેક વખતે ફૂટબૉલ સ્ટેડિયમમાં જઈને પૅટ્રિસની પ્રતિમાની સ્ટાઇલમાં ૯૦ મિનિટ સુધી ઊભો રહે છે. લુમુમ્બાને કૉન્ગો ટીમના જોશ અને ઝનૂનનું પ્રતીક માનવામાં આવે છે. ■

# રોનાલ્ડોનો ૯૦ મિનિટની મૅચમાં ટાર્ગેટ પર ૦ શૉટ

### ▶ આફ્રિકાના ટચૂકડા દેશ કૉન્ગોનો ઐતિહાસિક ૧ પોઇન્ટઃ પોર્ટુગલને ન જીતવા દીધું

હ્યુસ્ટનઃ અમેરિકામાં ટેક્સસના હ્યુસ્ટનમાં (ભારતીય સમય મુજબ) બુધવારે મોડી રાત્રે રમાયેલી મૅચમાં પોર્ટુગલે ડીઆર કૉન્ગો જેવા ટચૂકડા આફ્રિકન દેશની ટીમ સામે ફિફા વર્લ્ડ કપની મૅચ ૧-૧થી ડ્રો કરાવવી પડી હતી.

## કૉન્ગોના ડિફેન્ડરોએ રોનાલ્ડોને કાબૂમાં રાખ્યો

મૅચનું આ પરિણામ યુરોપની ધરખમ ટીમ પોર્ટુગલ માટે નિરાશાજનક કહેવાય જ, એનો સુપરસ્ટાર ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો કૉન્ગો જેવા દેશની ટીમ સામે એક પણ ગોલ ન કરી શક્યો એ તેના કરોડો ચાહકો માટે વધુ મોટી નિરાશા કહેવાય. વધુ નવાઈની વાત એ છે કે ૯૦ મિનિટની મૅચમાં રોનાલ્ડોનો એક પણ શૉટ ટાર્ગેટ પર નહોતો. કૉન્ગોની ટીમે સંરક્ષણની દીવાલ એટલી બધી મજબૂત બનાવી રાખી હતી કે તેમણે રોનાલ્ડોને કરીઅરના છેવટના સમયની આ મહત્ત્વની મૅચમાં સાવ નિષ્ફળ બનાવી દીધો.

## કૉન્ગોમાં પોર્ટુગલને હરાવ્યા જેવી ઉજવણી

આ મૅચ બાદ પોર્ટુગલમાં લોકો હતાશ હતા જ્યારે આફ્રિકાના દેશ



કૉન્ગોમાં વર્લ્ડ કપનો ઐતિહાસિક પોઇન્ટ મળવા બદલ સર્વત્ર ઉજવણી થઈ રહી હતી.

## રોનાલ્ડોનો ગોલનો દુકાળ

પોર્ટુગલ વતી ૧૪૩ આંતરરાષ્ટ્રીય ગોલ કરી ચૂકેલા રોનાલ્ડોનો વર્લ્ડ કપની કોઈ મૅચમાં એક પણ શૉટ ટાર્ગેટ પર ન ગયો હોય એવું છઠ્ઠી વખત બન્યું છે.

## મેસી સુપરહિટ, રોનાલ્ડો સુપરફ્લૉપ

એક તરફ બુધવારે લિયોનેલ મેસીએ ઐતિહાસિક હૅટ-ટ્રિક ગોલથી આર્જેન્ટિનાને અલ્જીરિયા સામે ૩-૦થી વિજય અપાવ્યો હતો અને બીજા અનેક વિક્રમો પોતાના નામે કર્યા હતા ત્યાં બીજી બાજુ તેના જેવી જ ખ્યાતિ ધરાવતા



રોનાલ્ડોએ એક પણ ગોલ કર્યા વગર ખાલી હાથે પાછા આવવું પડ્યું હતું.

## કૉન્ગોના વિસાનો યાદગાર ગોલ

કૉન્ગો સામે ૧-૧થી ડ્રોમાં ગયેલી મૅચમાં પોર્ટુગલ વતી એકમાત્ર ગોલ યાવો નેવીઝે છઠ્ઠી મિનિટમાં કર્યો હતો, જ્યારે ફર્સ્ટ-હાફની અંતિમ પળમાં યોઆન વિસાએ કૉર્નર કિકથી ગોલ કરીને કૉન્ગોને ૧-૧ની બરાબરી અપાવી હતી. આખી મૅચમાં બૉલ ૭૫ ટકા સમય પોર્ટુગલના ખેલાડીઓના કબજામાં હતો એમ છતાં તેઓ એક જ ગોલ કરી શક્યા હતા.

## રોનાલ્ડો અને ગોલ-પોસ્ટ વચ્ચે મોટું અંતર

રોનાલ્ડો વર્લ્ડ કપ ટૂર્નામેન્ટોની છેલ્લી સતત પાંચ મૅચમાં અને તમામ મોટી ટૂર્નામેન્ટોની લાગલગાટ ૧૦મી મૅચમાં ગોલ ન કરી શક્યો.

## રોનાલ્ડોને વર્લ્ડ રેકૉર્ડની આવતી મૅચમાં તક

લિયોનેલ મેસીની જેમ રોનાલ્ડો વિશ્વનો માત્ર બીજો ખેલાડી છે જેનો આ છઠ્ઠો વર્લ્ડ કપ છે. રોનાલ્ડો બુધવારની મૅચમાં ગોલ ન કરી શક્યો, પરંતુ આગામી લીગ મૅચમાં એક ગોલ કરશે તો તમામ છ વર્લ્ડ કપમાં ગોલ કરનાર તે વિશ્વનો પ્રથમ ફૂટબોલર બનશે.

## ડાયરેક્ટ ગોલ રોનાલ્ડોને થાપ આપી રહ્યા છે

બીજું એક મોટું આશ્ચર્ય એ છે કે રોનાલ્ડો છેલ્લાં પાંચ વર્ષમાં ફૂટબૉલની કોઈ પણ મોટી ટૂર્નામેન્ટમાં નોન પેનલ્ટી ગોલ નથી કરી શક્યો. આ ટૂર્નામેન્ટોમાં તેણે જે કંઈ ગોલ કર્યા છે એ તેને પેનલ્ટી કિકથી જ મળ્યા છે.

### આજે વર્લ્ડ કપમાં કયા મુકાબલા?

કૅનેડા વિ. કતાર
પરોઢિયે ૩.૩૦
મેક્સિકો વિ. સાઉથ કોરિયા
સવારે ૬.૩૦
અમેરિકા વિ. ઑસ્ટ્રેલિયા
મધરાત બાદ ૧૨.૩૦

# વર્લ્ડ કપના ખેલાડી પર ગયા મહિને હદ બહાર સટ્ટો થયેલો, સંચાલકો સતર્ક

પૅરિસથી મળતા અહેવાલ મુજબ ફ્રેન્ચ સૉકર લીગે જણાવ્યું છે કે ફિફા વર્લ્ડ કપમાં આઇવરી કોસ્ટ વતી રમતા ખેલાડી એલ્યે વાહી પર ગયા મહિને (મેમાં) નીસ સામેની લીગ-વન ટૂર્નામેન્ટની મૅચમાં હદ બહારનો સટ્ટો રમાયો હોવાનું જાણવા મળ્યું હતું. વાહીને યલો કાર્ડ મળશે એના પર મોટા પ્રમાણમાં બેટ લાગી હતી. ઉલ્લેખનીય છે કે વર્તમાન વર્લ્ડ કપમાં સોમવારે ફિલાડેલ્ફિયામાં આઇવરી કોસ્ટનો ઇક્વેડોર સામે ૧-૦થી વિજય થયો હતો. એ મૅચમાં આઇવરી કોસ્ટ વતી આક્રમણની શરૂઆત વાહીએ જ કરી હતી. વિશ્વ કપના આરંભના બે અઠવાડિયા પહેલાં કથિત મૅચ-ફિક્સિંગના આક્ષેપને પગલે વાહીને અટકમાં લેવામાં આવ્યો હતો. જોકે તેની સામે કોઈ ગુનો નહોતો નોંધવામાં આવ્યો. ■

# મેસીને કોઈ સજા ન કરી તો પછી અમારા ખેલાડી પરનો પ્રતિબંધ શું ઠીક કહેવાય?: સાઉથ આફ્રિકા

ઍટલાન્ટાઃ ફિફા વર્લ્ડ કપની સાઉથ આફ્રિકાની ટીમના કોચ આર્જેન્ટિનાના સુપરસ્ટાર લિયોનેલ મેસીનું ઉદાહરણ આપીને પોતાના મિડફીલ્ડર થેમ્બા ઝવાને પર મૂકવામાં આવેલા ત્રણ મૅચના પ્રતિબંધ સામે અપીલ કરવા માગે છે.

ગુરુવારે વર્લ્ડ કપના પ્રથમ દિવસે યજમાન મેક્સિકોએ સાઉથ આફ્રિકાને ૨-૦થી જે મૅચમાં હરાવ્યું હતું એમાં રેફરીએ કુલ ત્રણ ખેલાડીને રેડ કાર્ડ બતાવ્યા હતા જેમાંનો એક ખેલાડી થેમ્બા હતો. તેણે મેક્સિકોના રોબર્ટો અલ્વારાડોને મોં પર ફટકો મારવા બદલ રેડ કાર્ડ બતાવાયું હતું. સામાન્ય રીતે રેડ કાર્ડ જેને અપાય તેને પછીની એક મૅચમાં રમવાની મનાઈ કરવામાં આવે છે, પરંતુ ફિફાએ થેમ્બાનો ગુનો ખૂબ ગંભીર હતો એટલે તેના પર ત્રણ મૅચનો બૅન મૂક્યો છે.

જોકે સાઉથ આફ્રિકાના કોચ હ્યુગો બ્રૂસ કહે છે, 'મંગળવારે અલ્જિરિયા સામેની મૅચમાં આર્જેન્ટિનાના લિયોનેલ મેસીએ હરીફ ટીમના સુકાની અઇસા મૅન્ડીને પગ પર જોરદાર ધક્કો મારીને પાડ્યો હતો. જોકે મેસીને રેફરીએ કંઈ જ સજા નહોતી કરી અને મેસીએ હૅટ-ટ્રિક ગોલ કરીને ટીમને જિતાડી હતી. મેસીના આ કિસ્સામાં વીડિયો અસિસ્ટન્ટ રેફરી (વીએઆર)નો ઉપયોગ પણ નહોતો કરવામાં આવ્યો.

બ્રૂસે કહ્યું, 'મેસીએ જે ફાઉલ કર્યો એની તેને કંઈ જ સજા ન કરાઈ અને અમારા થેમ્બાને ત્રણ-ત્રણ મૅચ દૂર રાખવામાં આવશે. હું એવું નથી કહેતો કે મેસીને રેડ કાર્ડ મળવું જોઈતું હતું, કારણકે તેના જેવો મહારથી મેદાન પર હોવો જ જોઈએ. જોકે અમારા ખેલાડીની બાબતમાં કેમ આકરી સજાનો માર્ગ અપનાવાયો?' ■

# જર્મનીના ફૂટબોલરો કહે છે, 'અમને હરીફોની તરકીબો કરતાં સાપનો વધુ ડર'

હ્યુસ્ટનઃ ફિફા વર્લ્ડ કપના ગ્રૂપ-ઇની મુખ્ય ટીમ અને ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન જર્મનીના ખેલાડીઓ હાલમાં હરીફ ટીમો સામે કેવી તરકીબ અજમાવવી અને કઈ વ્યૂહરચના સાથે તેમની સામે મેદાન પર ઊતરવું એના કરતાં બીજી જ એક વાત પર ગંભીર ચિંતામાં છે. તેમને ખરું ટેન્શન હરીફ ખેલાડીઓનું નહીં, પણ ઘાસમાં છુપાયેલા 'આક્રમણખોરો' વિશે છે. સ્વિટઝરલૅન્ડ અને નોર્વેના ખેલાડીઓની પણ આવી જ ફરિયાદ છે.

જર્મનીની ટીમનું બેઝ કૅમ્પ અમેરિકાના નૉર્થ કૅરોલિના સ્ટેટમાં છે. તેમના કૅપ્ટન જોશુઆ કિમિચે ટીમની ચિંતા વિશે મુક્ત રીતે વ્યથા વ્યક્ત કરી છે. તે કહે છે, 'જર્મનીમાં અમે તરકીબો, ઈજા વિશે અને હવે પછીનો હરીફ કોણ હશે એ વિશે અમે ચિંતિત હોઈએ છીએ, પણ અહીં નૉર્થ કૅરોલિનામાં તો અમારે ઘાસમાં જે હુમલાખોર છુપાયો હોય એના વિશે પણ વિચારવું પડતું હોય છે.'

રવિવારે ક્યૂરસૉને ૭-૧થી હરાવનાર જર્મનીના ખેલાડીઓને ઘાસમાં છુપાયેલા ઝેરી સાપનો ખૂબ ડર છે. નૉર્થ કૅરોલિનામાં આ પ્રકારના સર્પ મોટી સંખ્યામાં હોય છે. થોડા દિવસ પહેલાં તેમણે કૉપરહેડ તરીકે ઓળખાતા સાપ સાથે જાણે યુદ્ધ કર્યું હતું. જર્મનીનો સુકાની જોશુઆ કહે છે, 'અમને જેવી ખબર પડી કે અમે જ્યાં પ્રૅક્ટિસ કરી રહ્યા હતા ત્યાં નજીકમાં ઘાસમાં ઝેરી સાપ સંતાયેલો છે તો અમે સતર્ક થઈ ગયા હતા. હજી ગઈ કાલે જ અમે એક સાપ જોયો અને અમને કહેવામાં આવ્યું હતું કે એ ઝેરી છે. જો એ ડંખ મારે તો હૉસ્પિટલ ભેગા થવું પડે. ભલે કોઈનો જીવ લઈ લે એટલો તો આ ઝેરી ન હોય, પણ ખતરારૂપ જરૂર હોય. મને ડર એ છે ક્યાંક અમારામાંથી કોઈનો તેના પર પગ પડી જશે તો આવી જ બનશે.' ■

# કેપ્ટન હૅરી કેનનો વર્લ્ડ રેકોર્ડ, ઇંગ્લૅન્ડનો ફરી વિજયી આરંભ

અર્લિંગ્ટનઃ ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન ઇંગ્લૅન્ડે અહીં ગઈ કાલે ૨૩મા ફિફા વર્લ્ડ કપમાં ક્રોએશિયાને ૪-૨થી હરાવીને ત્રણ પોઇન્ટ સાથે ગ્રૂપ-એલમાં મોખરાનું સ્થાન મેળવી લીધું હતું.

## હૅરી કેનના પેનલ્ટીથી કુલ પાંચ ગોલ

ઇંગ્લૅન્ડનો કેપ્ટન હૅરી કેન વર્લ્ડ કપના ઇતિહાસમાં પેનલ્ટી કિકથી (શૂટઆઉટની કિક નહીં) સૌથી વધુ પાંચ ગોલ કરનાર ખેલાડી બન્યો છે. ઇંગ્લૅન્ડ સતત ત્રીજા વર્લ્ડ કપમાં પ્રથમ મૅચ જીત્યું છે. ઇંગ્લૅન્ડે ફર્સ્ટ હાફમાં બે ગોલ કર્યા હતા. બંને ગોલ હૅરી કેનના હતા.

પહેલા હાફમાં ક્રોએશિયાએ પણ બે ગોલ કર્યા હતા અને સ્કોર ૨-૨ની બરાબરીમાં રહ્યો હતો. ક્રોએશિયા વતી બાટુરિના અને મુસાએ એક-એક ગોલ કર્યો હતો. બેલિંગમ અને રૅશફર્ડે એક-એક ગોલ કરીને ઇંગ્લૅન્ડને ૪-૨થી રોમાંચક વિજય અપાવ્યો હતો.

આર્જેન્ટિનાએ ૩-૦ના માર્જિન સાથે અલ્જીરિયાને જે મૅચમાં હરાવ્યું એને બાદ કરતા ઇંગ્લૅન્ડ-ક્રોએશિયાની મૅચ આ વખતની ટૂર્નામેન્ટની અત્યાર સુધીની સર્વશ્રેષ્ઠ મેચ ગણાય છે.

## અન્ય બે મૅચમાં શું બન્યું?

પોર્ટુગલ-કૉન્ગો મૅચ પછીની બે મૅચના પણ રોમાંચક પરિણામ આવ્યા હતા. ઘાનાએ પનામાને ૧-૦થી અને કોલમ્બિયાએ ઉઝબેકિસ્તાનને ૩-૧થી હરાવ્યું હતું. ■

**ક્રિકેટના મેદાન પરથી...**

# વૈભવના ધમાકા પછી હવે બિહારની બેટીની રેકૉર્ડ-બ્રેક બૅટિંગ



પટનાઃ ક્રિકેટ જગતમાં થોડા મહિનાઓથી બિહારનો ૧૫ વર્ષનો વિસ્ફોટક ટીનેજ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશી ખૂબ ચર્ચામાં છે ત્યાં હવે બિહારની જ એક બેટીએ તોફાની બૅટિંગથી ધૂમ મચાવી દીધી છે. અન્ડર-૧૯ મહિલા ટૂર્નામેન્ટમાં અક્ષરા ગુપ્તા નામની ટીનેજરે ધમાકેદાર ટ્રિપલ સેન્ચુરી ફટકારીને ક્રિકેટ પંડિતોને વિચારતા કરી દીધા છે. રક્સૌલની રહેવાસી અક્ષરાએ ગુરુવારે બિહાર ક્રિકેટ અસોસિયેશન દ્વારા આયોજિત વિમેન્સ અન્ડર-૧૯ વન-ડે ટ્રોફીના પહેલા જ દિવસે એવી ફટકાબાજી કરી કે જાણે તે સૌને એવો સંકેત આપી રહી છે કે હવે તે થોડા જ સમયમાં મહિલા ક્રિકેટના વિશાળ ફલક પર આવવાની તૈયારીમાં જ છે.

ભાગલપુરમાં ગુરુવારે રમાયેલી મૅચમાં અક્ષરાએ હરીફ ટીમની બોલર્સની બોલિંગને ચીંથરેહાલ કરી હતી. અક્ષરાએ ૧૨૬ બૉલમાં આઠ ગગનચુંબી છગ્ગા અને પંચાવન ચોગ્ગાની મદદથી ૩૦૬ રન ખડકી દીધા હતા અને આઉટ નહોતી થઈ. ૨૪૨.૮૬ તેનો સ્ટ્રાઇક-રેટ હતો. તેણે ૩૪ બૉલમાં સેન્ચુરી પૂરી કરી હતી. મહિલાઓની ડોમેસ્ટિક ક્રિકેટમાં મુંબઈની ઇરા ગુપ્તા (૩૪૬ અણનમ) પછી અક્ષરાની આ ઇનિંગ્સ બીજા નંબરે છે. ટેસ્ટમાં ઠીક છે, પણ વન-ડે ફૉર્મેટમાં ટ્રિપલ સેન્ચુરી ફટકારવી એ બહુ મોટી વાત કહેવાય. ■

# જેમ સ્કૂલની પિકનિકમાં બાળકો સાથે શિક્ષકો હોય એમ વૈભવ સાથે તેના મમ્મી-પપ્પા ક્રિકેટ-ટૂર પર હોવા જરૂરીઃ બીસીસીઆઇ





નવી દિલ્હીઃ બિહારનો ૧૫ વર્ષનો સેન્સેશનલ ક્રિકેટર વૈભવ સૂર્યવંશી બીજા દેશમાં ક્રિકેટ-ટૂર પર જાય ત્યારે તેના મમ્મી-પપ્પાને તેની સાથે જવાની વિનંતી કરવામાં આવશે અને વૈભવના પૅરન્ટ્સનો વિદેશી ટૂરનો બધો ખર્ચ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) ઉપાડશે એવા સમાચાર થોડા દિવસ પહેલાં આવી ગયા હતા અને હવે ખુદ બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ જ મુલાકાતમાં વિગતવાર ચર્ચામાં એક દૃષ્ટાંત આપતાં કહ્યું છે કે વૈભવ સાથે તેના મમ્મી-પપ્પા ક્રિકેટ-પ્રવાસે જાય એ જરૂરી છે.

દમ્બુલામાં શ્રીલંકા-એના ખેલાડીઓએ વૈભવને ખૂબ ઉશ્કેર્યો, ભારતીય ટીમને વારંવાર ગાળ આપી અને મૅચને અંતે વૈભવને વધુ ઉશ્કેરવામાં આવતાં તેણે મગજ પરથી કાબૂ ગુમાવીને શ્રીલંકન પ્લેયરને ધક્કો માર્યો અને મામલો તંગ થઈ ગયો એને પગલે સૈકિયાની મુલાકાત મહત્ત્વની બની જાય છે.

વૈભવ વિશ્વની નંબર-વન ક્રિકેટ-લીગ આઇપીએલનો સુપરસ્ટાર બૅટ્સમૅન છે. તેણે ૨૦૨૬ની સીઝનમાં હાઇએસ્ટ ૭૭૬ રન બનાવ્યા અને હવે આંતરરાષ્ટ્રીય ફલક પર હરીફ ખેલાડીઓ (ઇર્ષ્યાને કારણે અથવા તેનું મનોબળ તોડવાના હેતુથી) તેને ટાર્ગેટ બનાવવા લાગ્યા છે. વૈભવનું સિલેક્શન આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડ ખાતેના આગામી પ્રવાસ માટેની ટીમમાં થયું છે.

સૈકિયાએ પીટીઆઇને વિશેષ મુલાકાતમાં કહ્યું, 'ભાગ્યે જ કોઈ મુખ્ય રાષ્ટ્રીય ટીમમાં ૧૪-૧૫ વર્ષનો ખેલાડી હોય છે. દાયકાઓ પછી આપણી ટીમમાં આટલી નાની ઉંમરનો ખેલાડી સિલેક્ટ થયો છે. એક તબક્કે સચિન તેન્ડુલકરે (૧૯૮૯માં) ૧૬ વર્ષની ઉંમરે ભારત વતી ડેબ્યૂ કર્યું હતું. આટલી નાની ઉંમરનો ખેલાડી ટીમમાં હોય અને તેને પ્રવાસે મોકલવામાં આવે એટલે ઘણા મુદ્દા ઊભા થતા હોય છે. ટીમમાં બીજા બધા તેનાથી મોટા હોય એટલે તેને તેમની સાથે અનુકૂળ થતાં થોડો સમય લાગે. વૈભવ જેવા ટીનેજ ખેલાડી સાથે તેના મમ્મી-પપ્પા હોય તો ખુદ વૈભવ જ માનસિક રીતે સ્વસ્થ રહે. જેમ સ્કૂલની પિકનિકમાં બાળકો સાથે શિક્ષકો હોય એમ વૈભવ સાથે તેના મમ્મી-પપ્પા ક્રિકેટ-ટૂર પર હોવા જરૂરી છે. વૈભવ હજી બાળક છે. તેણે થોડા સમય પહેલાં જ સ્કૂલનો અભ્યાસ પૂરો કર્યો છે અથવા તેના ફાઇનલ યરમાં છે. વૈભવ ભારતીય ક્રિકેટની મૂડી છે અને તેના મમ્મી-પપ્પા તેની ખૂબ કાળજી રાખી રહ્યા છે એ બદલ હું ખૂબ ખુશ છું.' ■

# અડધા મે મહિનાના હીટવેવથી બચવા આઇપીએલ હવે ૧૦મી માર્ચથી શરૂ કરવાની યોજના

### ▶ કુલ મૅચની સંખ્યા ૭૪થી વધારીને ૯૪ નહીં કરાય

નવી દિલ્હીઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)નો સામાન્ય રીતે માર્ચ મહિનાના અંતે કે એપ્રિલમાં આરંભ થઈને મે મહિનાની આખરમાં અંત આવતો હોય છે, પણ હવેથી અડધો મે મહિનો કાળઝાળ ગરમીથી બચી શકાય એ માટે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) દ્વારા નવી યોજના વિચારવામાં આવી રહી છે જેમાં ૨૦૨૭થી સીઝનની શરૂઆત માર્ચના અંતને બદલે ૧૦મી માર્ચે શરૂ કરીને ૧૫મી મે સુધીમાં પૂરી કરી નાખવામાં આવશે.

બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ પીટીઆઇને ખાસ ઇન્ટરવ્યૂમાં સ્પષ્ટતા કરતા કહ્યું છે, 'ખાસ મુદ્દાઓ પર બીસીસીઆઇમાં અને આઇપીએલની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં ચર્ચા ચાલી રહી છે. આંતરરાષ્ટ્રીય મૅચોના શેડ્યૂલને ધ્યાનમાં લેતાં સીઝનની કુલ મૅચની સંખ્યા વધારીને ૯૪ નહીં કરવામાં આવે. ૭૪ મૅચ જ રાખવામાં આવશે. ટૂર્નામેન્ટને બે મહિનાની કરવી મુશ્કેલ છે, કારણકે બીજા દેશોએ દ્વિપક્ષી સિરીઝો રમવાની હોય છે.'

સૈકિયાએ મુલાકાતમાં કમોસમી વરસાદનો પણ ઉલ્લેખ કરતા કહ્યું, 'આઇપીએલ સામાન્ય રીતે માર્ચની આખરમાં શરૂ થતી હોય છે. આ વખતે ૨૮મી માર્ચે થઈ અને ૩૧મી મેએ ફાઇનલ રમાઈ હતી. આરંભમાં ફેરફાર કરવા પાછળનું બીજું મોટું કારણ એ છે કે અમને ડર છે કે મે મહિનાના અંત ભાગમાં કમોસમી વરસાદ પણ શરૂ થઈ જતો હોય છે. અસહ્ય ગરમી ખેલાડીઓ તેમ જ પ્રેક્ષકોના હિતમાં ન કહેવાય એટલે પણ ફેરફાર જરૂરી છે. અમને ગરમીની બાબતમાં ખેલાડીઓ અને ક્રિકેટપ્રેમીઓ તરફથી ફરિયાદ મળી છે. મેં અમારા જનરલ મૅનેજર ઍબી કુરુવિલાને સૂચના આપી છે કે ૧૦ માર્ચથી ૧૫મી મે સીઝન રાખી શકાય કે નહીં એ ચકાસી જુઓ કે જેથી કરીને પ્લે-ઑફ અને ફાઇનલ સુધીમાં રમત પર કોઈ વિપરીત અસર ન પડે.' ■

# ક્રૂડના નીચા ભાવ અને શાંતિ કરારની સહાયથી શૅરબજારમાં સતત પાંચમા સત્રમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા અને ઇરાન વચ્ચે ડીજીટલ સ્વરૂપે શાંતિ કરાર થઇ ગયા હોવા સાથે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થવાને કારણે મળેલી રાહત વચ્ચે સેન્ટિમેન્ટમાં સુધારો જળવાઇ રહેતા શેરબજારમાં સતત પાંચમા દિવસે સુધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૨૫૪.૩૬ પોઇન્ટ અથવા તો ૦.૩૩ ટકાના સુધારા સાથે ૭૭,૪૦૯.૯૮ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૮૨.૩૦ પોઇન્ટ અથવા તો ૦.૩૪ ટકાના સુધારા સાથે ૨૪,૧૬૮ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. આ રીતે પાંચ સત્રમાં સેન્સેક્સમાં લગભગ ૩૫૦૦ પોઇન્ટ જેટલો ઉછાળો નોંધાયો છે.

ઇન્ટરગ્લોબ એવિએશન, ટ્રેન્ટ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, એનટીપીસી, સ્ટેટ બેન્ક અને એચડીએફસી બેન્ક ટોપ ગેઇનર રહ્યા હતા, જ્યારે ઇન્ફોસીસ, ટેક મહિન્દ્રા, મારુતિ અને ટીસીએસ ટોપ લૂઝર શેર રહ્યા હતા. એનએસઇએ ભારતનો સૌથી મોટો આઇપીઓ ફાઇલ કરાવ્યા બાદ એનઆઇએસીએલ, આઇએફસીઆઇ અને અન્ય શેરોમાં ૧૪ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. એનએસઇના ઓએફએસ ઇશ્યૂથી ખાસ કરીને એસબીઆઇને ખૂબ જ લાભ થવાની સંભાવના હોવાની બજારમાં ચર્ચા છે.

પ્રાઇમરી માર્કેટમાં વોટરવેઝ લેઝર ટુરિઝમ રૂ. ૫૮૫ કરોડના બુક બિલ્ડ ઇશ્યૂ માટે ૨૩ જૂન, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૫ જૂન, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૯ જૂન, ૨૦૨૬ના રોજ , જ્યારે એનએસઇ અને બીએસઇ પર લિસ્ટિંગ તારીખ પહેલી જુલાઈએ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૭૬૯થી રૂ. ૮૦૮ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧૮ શેર છે. એ જ રીતે, પ્રીમિયમ એથનિક વેર બ્રાન્ડ રિયાસત લાઇફસ્ટાઇલ લિમિટેડનો આઈપીઓ ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ ખુલ્યો છે અને ૨૨ જૂન,૨૦૨૬ના રોજ બંધ થશે. પ્રાઇઝ બેન્ડ રૂ. ૧૦૨થી રૂ. ૧૦૮ પ્રતિ શેર અને લોટ સાઇઝ ૧,૨૦૦ ઇક્વિટી શેરની છે. આ આઈપીઓમાંથી મળેલી રકમનો ઉપયોગ ચાર નવા આઉટલેટ ખોલવા, કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટેના મૂડીખર્ચ માટે કરવામાં આવશે.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૨.૨૩ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૭૭.૭૮ ડોલર રહ્યો હતો. યુએસ ફેડરલ રિઝર્વની આક્રમક ટિપ્પણી અને આ વર્ષના અંતમાં સંભવિત વ્યાજ દરમાં વધારાના સંકેતને કારણે શરૂઆતના કામકાજમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું, પરંતુ સત્રના પાછલા ભાગમાં વ્યાપક ખરીદીએ બજારના સેન્ટિમેન્ટને ટેકો આપ્યો હતો.

વ્યાપક લેવાલી વચ્ચે મોટાભાગના નિફ્ટી ઇન્ડેક્સ ગમાં ટ્રેડ થઈ રહ્યા છે, જે સ્થિતિસ્થાપક બજાર સેન્ટિમેન્ટનો સંકેત આપે છે. રિયલ્ટી, મિડ અને સ્મોલ હેલ્થકેર, કેમિકલ્સ અને ફાર્મા વૃદ્ધિમાં આગળ વધી રહ્યા છે, જ્યારે બેંકિંગ ઇન્ડેક્સ સહાયક રહ્યા છે. ઈંઝ સ્પષ્ટ રીતે પાછળ છે, જેમાં તીવ્ર નબળાઈ ટેકનોલોજી સેન્ટિમેન્ટને ખેંચી રહી છે. નીચી ક્રૂડ અને પસંદગીયુક્ત ખરીદી સ્થાનિક ચક્રીય અને દર-સંવેદનશીલ ક્ષેત્રોને ટેકો આપતી હોય તેવું લાગે છે.

બજાજ બ્રોકિંગ રિસર્ચે નોંધમાં જણાવ્યું હતું કે, ભારતીય બેન્ચમાર્ક ઇન્ડેક્સ સાધારણ સ્થિરતા સાથે ખુલ્યા અને વીકલી સેન્સેક્સ એક્સપાઇરીને કારણે વધેલી અસ્થિરતા વચ્ચે ટ્રેડિંગ સત્રમાં ઉછાળો જોવા મળ્યો હતો. વેપારના અંતિમ કલાકમાં મજબૂત ખરીદી રસ ઉભરી આવ્યો, જેના કારણે બેન્ચમાર્ક શેરઆંક તેમના દિવસના ઉચ્ચતમ સ્તરની નજીક બંધ થયા. ભૂરાજકીય તણાવમાં સતત ઘટાડો અને ક્રૂડ તેલના ભાવમાં વધુ ઘટાડાથી બજારના સેન્ટિમેન્ટને ટેકો મળ્યો, જેમાં બ્રેન્ટ ક્રૂડ ૭૮ ડોલર પ્રતિ બેરલના સ્તરથી નીચે ટ્રેડ થઈ રહ્યું હોવાથી સેન્ટિમેન્ટ તેજીમય રહ્યું હતું.

સેકટરલ ધોરણે, હેલ્થકેર, ફાઇનાન્શિયલ સર્વિસીસ અને પીએસયુ બેંકો સૌથી વધુ વધનારા ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યા, જેમાં સમગ્ર સત્ર દરમિયાન વ્યાપક-આધારિત ખરીદી રસ જોવા મળ્યો. નિફ્ટી આઇટી વ્યાપક વેચવાલીના દબાણ વચ્ચે નકારાત્મક ક્ષેત્રમાં બંધ થનાર એકમાત્ર મુખ્ય સેકટરલ ઇન્ડેક્સ બન્યો હતો, જ્યારે મોટાભાગના અન્ય ક્ષેત્રીય સૂચકાંકો સામાન્ય વધારા સાથે દિવસનો અંત લાવવામાં સફળ રહ્યા હતા. વ્યાપક બજારે પણ તેજીમાં ભાગ લીધો, જે રોકાણકારોમાં જોખમ લેવાની ક્ષમતામાં સુધારો દર્શાવે છે. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૪૧ ટકા વધીને ૬૨,૩૭૯ પર બંધ થયો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૪૪ ટકા વધીને ૧૮,૭૦૫ પર બંધ થયો હતો. સ્થાનિક ઇક્વિટીએ રેન્જ બાઉન્ડ ટ્રેડિંગ સાથે પોઝિટીવ ઝોંક જાળવી રાખી હોવાનું જણાવતા, જિયોજીત ઇન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ,વિનોદ નાયરે કહ્યું હતું કે યુએસ-ઇરાન શાંતિ કરારની આસપાસનો પ્રારંભિક આશાવાદ યુએસ ફેડની આક્રમક ટિપ્પણીઓથી ઠંડો પડ્યો હતો. ઇંધણ સંચાલિત ફુગાવાના દબાણને કારણે કેન્દ્રીય બેંકો વર્ષના ઉત્તરાર્ધમાં દરમાં વધારો કરવા માટે પ્રેરિત થઈ શકે છે, જેના કારણે રોકાણકારો સાવચેતીભર્યું વલણ અપનાવી શકે છે. જોકે, ક્રૂડ ઓઇલના ભાવમાં સતત ઘટાડો અને ભારતીય બોન્ડ યીલ્ડમાં પીછેહઠ નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ભાગમાં ફુગાવાની ચિંતાઓને સરભર કરી શકે છે, બજારના સહભાગીઓ શાંતિ કરાર પર વધુ સ્પષ્ટતાની રાહ જોઈ રહ્યા છે. મજબૂત ક્રેડિટ વૃદ્ધિ અને ક્ષેત્રના આકર્ષક મૂલ્યાંકનની અપેક્ષાઓ દ્વારા સમર્થિત, બેંકિંગ શેરોએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

## માર્કેટ કેપમાં ₹ ૨.૪૮ લાખ કરોડનો વધારો

મુંબઇઃ શેરબજારમાં સતત પાંચમા દિવસની આગેકૂચમાં યુટિલિટીઝ, હોસ્પિટલ્સ અને સર્વિસીસ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા અને આઈટી તથા એનર્જી શેર્સ સૌથી અધિક ઘટ્યા હતા. એક્સચેન્જની માર્કેટ કેપમાં રૂ. ૨.૪૮ લાખ કરોડનો વધારો થયો હતો.

# ડૉલર સામે રૂપિયામાં નવ પૈસાનો સુધારો

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થયાના નિર્દેશો સાથે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન જોવા મળેલો ૨૧ પૈસાનો ઘટાડો ધોવાઈ ગયો હતો અને અંતે ગઈકાલના બંધ સામે નવ પૈસાના સુધારા સાથે ૯૪.૪૧ની સપાટીએ બંધ રહ્યો હતો.

ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર અમેરિકા અને ઈરાને એકબીજા દેશો પર હુમલા ન કરવા અને ઈરાનના અણુ કાર્યક્રમ અંગે જીનિવા ખાતે શુક્રવારે વાટાઘાટો કરવા અંગેના સમજૂતી કરાર પર ઈલેક્ટ્રોનિક ધોરણે હસ્તાક્ષર કર્યાનાં નિર્દેશો મળતાં વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં રોકાણકારોના લોકમાનસમાં બદલાવ આવતા સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખ્યા હતા, પરંતુ આ વર્ષના અંત સુધીમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટના વધારાના સંકેત આપતાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવાને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ ઉમેર્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૫૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૪.૬૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૭૧ અને ઉપરમાં ૯૪.૧૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે નવ પૈસાના સુધારા સાથે ૯૪.૪૧ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૦ પૈસાનો સુધારો આવ્યો હતો. અમેરિકા અને ઈરાન વચ્ચે ડીલ થઈ જવાથી વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ અને વૈશ્વિક બજારોમાં સ્થિરતા આવતા વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ઈક્વિટીમાં આંતરપ્રવાહ વધવાની શક્યતાને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૫૧ ટકા ઊછળીને ૧૦૦.૫૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૩૩ ટકા ઘટીને બેરલદીઠ ૭૭.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૫૪.૩૬ પૉઈન્ટનો અને ૮૨.૩૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૦૧.૫૯ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના એક્સચેન્જના અહેવાલે રૂપિયાના સુધારાને ટેકો આપ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# મથકો પરના પ્રોત્સાહક અહેવાલે ખાંડમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૫૦થી ૩૮૮૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ચારથી છનો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સુધારો આવ્યો હતો. જોકે, નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, મથકો પરના પ્રોત્સાહક અહેવાલ સાથે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છ અને ઉપલા મથાળેથી રૂ. ચારના સુધારા સાથે રૂ. ૩૯૮૨થી ૪૦૫૬માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સુધારા સાથે રૂ. ૪૧૦૬થી ૪૧૯૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૦થી ૩૯૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર રૂ. ૩૯૮૦થી ૪૧૦૦માં થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# ફેડરલ રિઝર્વનાં તંગ નાણાનીતિના સંકેતે વિશ્વ બજાર પાછળ ચાંદીમાં ₹ ૭૪૯૭નો કડાકો, સોનું ₹ ૨૦૫૫ તૂટ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખવાની સાથે વર્ષના અંત સુધીમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરવાનો સંકેત આપ્યો હોવાથી આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૪૯૭નો કડાકો બોલાઈ ગયો હતો, જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦૪૭થી ૨૦૫૫ ઘટી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહેતા વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૭૪૯૭ના કડાકા સાથે રૂ. ૨,૪૦,૧૯૧ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં પણ વધુ ભાવઘટાડાના આશાવાદે સ્ટોકિસ્ટો, રોકાણકારો,જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૦૪૭ ઘટીને રૂ. ૧,૪૭,૫૦૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૦૫૫ ઘટીને રૂ. ૧,૪૮,૦૯૩ના મથાળે રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસની બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા હતા, પરંતુ આ વર્ષના અંત સુધીમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરવામાં આવશે એમ જણાવી તંગ નાણાનીતિના સંકેત આપ્યા હોવાથી ન્યૂ યોર્ક ખાતે ગઈકાલે સોનાના ભાવમાં ૧.૭ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ વધુ ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૪૨૪૫.૯૯ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૨.૬ ટકા ઘટીને ૪૨૬૫.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૬૭.૨૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ફેડરલ રિઝર્વના તંગ નાણાનીતિના સંકેતને ધ્યાનમાં લેતાં વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં સોનાના ભાવ ઔંસદીઠ ૫૦૦૦ ડૉલરની સપાટી અંકે કરવાને બદલે હવે ઘટીને ૪૦૦૦ ડૉલર આસપાસની સપાટી સુધી પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરતાં બાયબીટનાં વિશ્લેષક હૅન તાને જણાવતાં ઉમેર્યું હતું કે ફેડરલ રિઝર્વ પણ તેનાં કોમ્યુનિકેશનનાં સેટિંગ્સની સમીક્ષા કરી રહ્યું હોવાથી અમેરિકાના આર્થિક ડેટા જાહેરાતોની પણ સોનાના ભાવ પર અસર પડી શકે છે. વધુમાં એએનઝેડે એક નોટ્સમાં જણાવ્યું હતું કે હાલ સોનામાં ખાસ કરીને એક્સ્ચેન્જ ટ્રેડેડ ફંડોની નબળી માગને કારણે એકંદરે માગ મર્યાદિત છે, પરંતુ તેની સામે ચીનની હાજર માગ અને કેન્દ્રવર્તી બૅન્કોની માગનો ટેકો મળી રહ્યો છે.

# ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે ધાતુમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થયાના નિર્દેશો સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં માત્ર લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. બેનો સુધારો અને બ્રાસ તથા કોપર આર્મિચરમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. એકથી ૮૨નો ઘટાડો આવ્યો હતો. જેમાં મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનુ દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૮૨નો કડાકો બોલાઈ ગયો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આકમક વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૮૨ના ઘટાડા સાથે રૂ. ૫૨૫૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને વપરાશકારોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૩૧૦ અને રૂ. ૧૩૭૨, કોપર કેબલ સ્ક્રેપ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૧૩૧૭, રૂ. ૧૨૦૭ અને રૂ. ૧૭૨૭, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૩૦૮ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૩૬૪ અને રૂ. ૩૭૦ના મથાળે રહ્યા હતા.


## પશ્ચિમ રેલવે નીટ પરિક્ષા માટે સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૩૫૧ | બાંદ્રા ટર્મિનસ - ડૉ. આંબેડકર નગર | ૨૦.૦૬.૨૦૨૬ | ૧૮.૨૦ ક. (શનિવાર) | ૧૧.૩૦ ક. (બીજા દિવસે) |
| ૦૯૩૫૨ | ડૉ. આંબેડકર નગર - બાંદ્રા ટર્મિનસ | ૧૯.૦૬.૨૦૨૬ | ૨૩.૦૦ ક. (શુક્રવાર) | ૧૫.૪૦ ક. (બીજા દિવસે) |
| થોભશેઃ- બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, બિલિમોરા, નવસારી, સૂરત, અંકલેશ્વર, ભરૂચ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, ઉજ્જૈન અને ઈન્દોર સ્ટેશનો બંને દિશામાં. | | | | |
| ૦૯૪૭૧ | બાંદ્રા ટર્મિનસ - મણિનગર | ૨૦.૦૬.૨૦૨૬ | ૨૧.૧૫ ક. (શનિવાર) | ૦૬.૦૦ ક. (બીજા દિવસે) |
| ૦૯૪૭૨ | મણિનગર - બાંદ્રા ટર્મિનસ | ૨૦.૦૬.૨૦૨૬ | ૦૮.૩૦ ક. (શનિવાર) | ૧૮.૧૫ ક. (બીજા દિવસે) |
| થોભશેઃ- બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, સૂરત, ભરૂચ, વિશ્વામિત્રી અને આણંદ સ્ટેશનો બંને દિશામાં. | | | | |

ઉપરોક્ત ટ્રેનોની સંરચના : સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચેસ.

સમય, થોભવાના સ્થળો અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપયા મુલાકાત લો. www.enquiry.indianrail.gov.in

ટ્રેન નં. ૦૯૩૫૧, ૦૯૩૫૨, ૦૯૪૭૧ & ૦૯૪૭૨ માટે બુકિંગ ૧૯.૦૬.૨૦૨૬ના તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે

wr.indianrailways.gov.in

અમને લાઈક અને અમને ફોલો કરો : facebook.com/WesternRly X.com/WesternRly Instagram.com/WesternRly https://www.youtube.com/@WesternRly https://bit.ly/WesternRailwayOfficial

કૃપયા તમામ આરક્ષિત ટિકિટો માટે અસલ ID પ્રૂફ સાથે રાખશોજી.


# આરબીડી પામોલિનમાં નિરસ માગે પીછેહઠ

## સોયા રિફાઈન્ડ અને આરબીડી પામોલિનમાં રિફાઈનરોની બાયબેકમાં લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૩૮ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ સાધારણ એક રિંગિટનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા, જ્યારે દેશી તેલમાં એકમાત્ર સિંગતેલમાં ઘટ્યા મથાળેથી રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો. આ સિવાય અન્ય તમામ તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૨, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫થી ૧૪૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૯૫ અને સન રિફાઈન્ડના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૬૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

ગોકુલ એગ્રોની સોયા રિફાઈન્ડમાં જૂન કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૪૧૫માં, જુલાઈ કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૪૨૫માં અને ઑગસ્ટ કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૪૩૫ના મથાળે તથા જી-વનની આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૪૨૦ના મથાળે બાયબેકમાં લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**ડાટા એન્ટ્રી સંચાલન કામનું આઉટસોર્સીંગ**

ચીફ વર્કશોપ મેનેજર, કેરીએજ રીપેર વર્કશોપ, પ. રે., N.M. જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩. ટે. નો. નં.: WR-PL-ME-EST-709640, તા. ૧૬/૬/૨૬ મંગાવે છે. તેના સ્થાન સાથે કામનું નામઃ ''લોઅર પરેલ વર્કશોપમાં ડાટા એન્ટ્રી સંચાલન કામનું આઉટસોર્સિંગ'' અંદા. કિંમતઃ ₹ ૧,૫૮,૭૯,૪૯૨/-, બારડીઃ ₹ ૨,૨૯,૪૦૦/- ઓનલાઈન સુપ્રતિ માટેની છેલ્લી તા. & સમયઃ ૬/૭/૨૬ના ૧૧ ક. ઓનલાઈન ખૂલવા માટેની છેલ્લી તા. & સમયઃ ૬/૭/૨૬ના ૧૧.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0273

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**OHE સ્ટ્રકચર કામ**

સીની. ડીવી. ઈલેક. એન્જી. (સબ.) પ.રે., મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮, ટે.નો.નં.: WR-MMCTOESUB-(ESOT)/4/2026 (RT) તા. ૧૫/૬/૨૬ મંગાવે છે. કામનું નામઃ ચર્ચગેટ-વિરાર સેકશનમાં નકામા OHE સ્ટ્રકચર ફાઉન્ડેશનનું તોડકામ, OHE સ્ટ્રકચર ફાઉન્ડેશન્સ પર સિમેન્ટ કોંક્રીટ મફનું કાસ્ટીંગ & OHE સ્ટ્રકચર ફાઉન્ડેશનની સાફસફાઈ અને રંગકામ. કામની અંદા.: કિંમત ₹ ૪૭,૨૨,૫૧૪.૩૬. બીડ સુરક્ષાઃ ₹ ૯૪,૫૦૦/-. સુપ્રતિ માટે બંધ થવાની તા. & સમયઃ ૧૫/૭/૨૬ના ૧૫ ક. ખુલવા મોટની તા. & સમયઃ ૧૫/૭/૨૬ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0277

અમોને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ**

**ઇલેક્ટ્રિકલ કાર્ય**

**ઈ-ટેન્ડર સૂચના નં.:** Sr.DEE/ADI/13(26-27) તા. 17.06.2026 **ટેન્ડર નં.:** EL-ADI-G-T-14-2026-27 **કામનું નામ:** અમદાવાદ મંડળ - ઈલેક્ટ્રિકલ જનરલ સર્વિસિસ હેઠળ સર્વિસ બિલ્ડિંગ અને સ્ટેશન બિલ્ડિંગમાં રી-વાયરિંગ દ્વારા સલામતીમાં વધારો, RCCB ની જોગવાઈ, જૂના એર કન્ડિશનર ઈન્સ્ટોલેશનને બદલવું તેમજ ઈલેક્ટ્રિકલ એસેટ્સનું અપગ્રેડેશન/સુરક્ષા સંબંધિત ઈલેક્ટ્રિકલ કાર્ય. **અંદાજિત કિંમત:** ₹ 3,97,64,927.31 **અર્નેસ્ટ મની:** ₹ 7,95,300/- **ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** 14.07.2026 ના રોજ 15:00 કલાક સુધી **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 14.07.2026 ના રોજ 15:30 કલાકે **કાર્યાલયનું સરનામું:** વરિ. મંડળ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (પશ્ચિમ રેલવે), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345 **વેબસાઈટ:** www.ireps.gov.in ADI 070

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**હિતની અભિવ્યક્તિ (EOI)**

| | |
|---|---|
| વિભાગ : | આસી. કમિ., P/પશ્ચિમ, મલાડ (પ), મુંબઈ-૬૪ની ઓફિસ. |
| સેક્શન : | આસી. એન્જિ. (SWM), P/પશ્ચિમ. |
| વિષય : | માત્ર P/પશ્ચિમ, મલાડ પશ્ચિમ રિઝનમાં નોંધાયેલ સંસ્થાઓ પાસેથી P/પશ્ચિમ વોર્ડમાં **''અન્ય કામો માટે મજૂરો અને રસ્તા સફાઈ માટે મેનિંગ મોપિંગ યોજના સંસ્થા''** માટે EOI મંગાવે છે. લાયક સંસ્થા લોટરીના આધારે પસંદ કરવામાં આવશે. વિગતવાર અરજી માટે કૃપા કરીને આસી. અન્જિ. (SWM), P/પશ્ચિમનો સંપર્ક કરો. |
| ટેન્ડર ફી : | નાગરિક સુવિધા કેન્દ્ર (C.F.C.) ખાતે મેનિંગ મોપિંગ યોજના માટે ₹ ૩૯૯૩/- + ૧૮% GST (કુલ ₹ ૪૭૧૧.૭૪/-)નું ચલણ ભરીને અને સંસ્થાના લેટરહેડ પર આવશ્યકતાઓ આપીને અરજી ઉપલબ્ધ કરી શકાય છે. |
| ટેન્ડર તારીખ : | ૧૯.૦૬.૨૦૨૬ સ. ૧૧.૦૦ ક. થી. ૨૭.૦૬.૨૦૨૬ સ. ૧૧.૦૦ ક. સુધી. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૭.૦૬.૨૦૨૬ના સ. ૧૧.૦૦ ક.થી. બ. ૨.૦૦ ક. સુધી છે. |
| વેબસાઈટ : | http://portal.mcgm.gov.in |
| નામ : | શ્રી. સુનિલ પાનસ્કર, આસી. એન્જિ. (SWM), P/પશ્ચિમ સંપર્ક નં. : ૯૮૨૦૯૦૩૪૨૩. |

સહી/- આસી. એન્જિ. (SWM), P/પશ્ચિમ.

PRO/618/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**

નં. FB/W/૩૯૪ તારીખ ૧૮.૦૬.૨૦૨૬

| | |
|---|---|
| વિભાગ | ચીફ ફાયર ઓફિસર, મુંબઈ ફાયર બ્રિગેડ, ભાયખલા કમાન્ડ સેન્ટર, B. J. માર્ગ, ભાયખલા, મુંબઈ ૪૦૦૦૦૮ની ઓફિસ. |
| ટેન્ડર ID નં. | વિષય |
| ૨૦૨૬_MCGM_ ૧૩૦૯૬૮૪_૧ | ૨ વર્ષ માટે મુંબઈ ફાયર બ્રિગેડના ભાયખલા ઓટો વર્કશોપ ખાતે હાઉસકિપિંગ સર્વિસેસની જોગવાઈ. ટેન્ડર નં. FB/W/૩૯૪ તા. ૧૮.૦૬.૨૦૨૬ બારડીઃ રૂ. ૧૬,૦૦૦/- ટેન્ડર ફિ.: રૂ. ૩,૯૯૩/- + ૭૧૮.૭૪ (૧૮% GST) = રૂ. ૪,૭૧૨/- |
| ટેન્ડર પ્રારંભ તારીખ | ૧૯.૦૬.૨૦૨૬ ૧૧.૦૦ ક.થી ૩૦.૦૬.૨૦૨૬ ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ & પોર્ટલ | https://portal.mcgm.gov.in & https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ નામ & ઈ-મેલ Id | શ્રી. સંદીપ એસ. ચૌરે - એક્ષિ. એન્જિનિયર (M&E) MFB - ૯૯૩૦૩૯૦૯૫૯ ee.mfb@mcgm.gov.in |

સહી/- એક્ષિ. એન્જિનિયર (M&E) મુંબઈ ફાયર બ્રિગેડ

PRO/615/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**(SWM વિભાગ, K/સાઉથ વોર્ડ)**

**નં. AE/KS/૨૨૩૩/SWM તા. ૧૮.૦૬.૨૦૨૬**

**હિતની અભિવ્યક્તિ જાહેરાત**

વિષયઃ K/સાઉથ વોર્ડમાં ''રાસ્તે સ્વચ્છતા યોજના''નું કામ.

K/સાઉથ વોર્ડના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ રજિસ્ટર્ડ સ્વ-સહાય જૂથો તેમજ રસ ધરાવતા સ્થાનિક રજિસ્ટર્ડ સહકારી સંસ્થાઓ, સેવા સહકારી સંસ્થાઓ, બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ, ઔદ્યોગિક ઉત્પાદક સહકારી સંસ્થાઓ, બચત જૂથ વગેરે પાસેથી ''રાસ્તે સ્વચ્છતા યોજના'' દ્વારા રોડ સ્વીપિંગ કામ માટે હિતની અભિવ્યક્તિ (EOI) મંગાવવામાં આવી રહી છે જેઓ K/સાઉથ વોર્ડના અધિકારક્ષેત્રમાં ૧૭-૬-૨૪ના પહેલા નોંધાયેલા છે. સંસ્થાઓ દ્વારા સ્વયંસેવકોની જોગવાઈ માટે, લોટરી દ્વારા કામ ફાળવવા માટે પાત્રતા યાદી તૈયાર કરવા માટે અરજીઓ મંગાવે છે.

| ક્ર. નં. | સ્કીમનું નામ | સદર કામ માટે પસંદ કરવામાં આવનાર સંસ્થાની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાસ્તે સ્વચ્છતા યોજના | ૧૨ |

રસ ધરાવતા અરજદારોએ કોઈપણ CFC કેન્દ્રો ખાતે રોકડમાં ૧૮.૦૬.૨૦૨૬થી ૨૪.૦૧.૨૦૨૬ દરમિયાન સ. ૧૦.૩૦ ક.થી સાં. ૦૬.૦૦ ક. સુધીમાં રૂ. ૩૯૯૩ + ૧૮% GST ચૂકવ્યા પછી આસિસ્ટન્ટ એન્જિનિયર (SWM) K/સાઉથ વોર્ડની ઓફિસમાંથી અરજી ફોર્મ એકત્રિત કરવાનું રહેશે. પાત્રતા યાદીમાંથી લાયક સંસ્થાઓ નિયમો અને શરતો અનુસાર આસિસ્ટન્ટ કમિશનર દ્વારા કામ ફાળવવામાં આવશે.

રસ ધરાવતા સંસ્થાઓ વધુ વિગતો માટે K/સાઉથ વોર્ડ ઓફિસનો સંપર્ક કરી શકે છે, અરજી ફોર્મ અને સોગંદનામાનો નમૂનો અથવા http://portal.mcgm.gov.in પર મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબપેજની મુલાકાત લઈ શકે છે. સંસ્થાઓએ પાકતી તારીખ પહેલા એટલે કે ૨૫.૦૬.૨૦૨૬ના બ. ૧.૩૦ પહેલા આસી. એન્જિ. (SWM) K/સાઉથ વોર્ડ ઓફિસમાં અરજીઓ સુપ્રત કરવાની રહેશે.

ઉલ્લેખેલ પાકતી તારીખ અને સમય પછી પ્રાપ્ત થયેલી કોઈપણ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સહી/- આસિસ્ટન્ટ એન્જિનિયર (SWM) K/સાઉથ

PRO/610/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.




## શિવસેના (યુબીટી)માં બળવો

# ગેરહાજર છ સાંસદ સામે અપાત્રતાની કાર્યવાહી શરૂ

નવી દિલ્હીઃ શિવસેના (યુબીટી)ના નવ લોકસભા સાંસદોમાંથી છ સાંસદોએ ગુરુવારે અહીં સંસદીય પક્ષની મીટિંગમાં હાજરી આપી નહોતી, જેના પરથી એવા સંકેત મળે છે કે એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની સત્તાધારી શિવસેનામાં ઔપચારિક ક્રોસઓવર ફક્ત સમયની વાત હોઈ શકે છે.

પાર્ટીના એકમાત્ર રાજ્યસભા સાંસદ અને ઉદ્ધવ ઠાકરેના વિશ્વાસુ સંજય રાઉત દેખીતી રીતે જ નારાજ હતા અને તેમણે ગેરહાજર સાંસદો સામે આગ વરસાવી હતી, ગાળો આપી હતી અને કહ્યું હતું કે ગદ્દારોને શિવસૈનિકોના રોષથી બચવા માટે ઈન્ડિયન એરફોર્સનું રક્ષણ લેવું પડશે.

સેના (યુબીટી)ના સાંસદો અરવિંદ સાવંત, અનિલ દેસાઈ અને રાજાભાઉ વાજેએ બેઠકમાં હાજરી આપી હતી, સાથે (જુઓ પાનું ૪) ▶▶

### બળવાખોરોને વાય-પ્લસ સિક્યોરિટી

મહારાષ્ટ્ર પોલીસે શિવસેના (યુબીટી)ના છ 'બળવાખોર' સાંસદોને' વાય-પ્લસ' સુરક્ષા ઉપલબ્ધ કરાવી છે. ગુપ્તચર ખાતાના કમિશનર શિરીષ જૈન દ્વારા સહી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે સંજય દિના પાટિલ (મુંબઈ-ઉત્તરપૂર્વ), સંજય દેશમુખ (યવતમાળ-વાશિમ), સંજય જાધવ (પરભણી), ભાઉસાહેબ વાકચૌરે (શિરડી), નાગેશ પાટિલ-આષ્ટિકર (હિંગોલી) અને (જુઓ પાનું ૪) ▶▶

# પહેલી જુલાઈથી મુંબઈગરાઓ પર વધુ ૧૦ ટકા પાણીકાપ?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને પાણીપુરવઠો કરનારા સાતેય જળાશયોમાં ચિંતાજનક રીતે પાણીની સપાટીમાં ઝડપભેર ઘટાડો થઈ રહ્યો છે. પાણીની ગંભીર કટોકટીને ધ્યાનમાં રાખીને ૧૫ મેથી ૧૦ ટકા પાણીકાપનો સામનો કરી રહેલા મુંબઈગરાના માથા પર વધુ ૧૦ ટકા પાણીકાપ લાદવામાં આવે એવી શકયતા છે. મુંબઈનો ઉપલબ્ધ પુરવઠો ૨૦ ઓગસ્ટ સુધી ચાલી શકે છે, જેમાં રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલા વધારાના અનામત સ્ટોક સહિત ૧૦ ટકા પાણીકાપને ધ્યાનમાં લેવામાં આવે છે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ જૂનના છેલ્લા અઠવાડિયામાં અપેક્ષિત વરસાદ નહીં પડે તો જુલાઈના પહેલા અઠવાડિયાથી વધારાનો ૧૦ ટકા પાણીકાપ લાદવામાં આવશે.

ચોમાસું ૨૫ મે બાદ મુંબઈમાં એન્ટ્રી કરે એવી શકયતા છે પણ (જુઓ પાનું ૪) ▶▶

## મને ઈડી-સીબીઆઈ આપો, મહાજનને પાઠ ભણાવીશઃ રાઉત

શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેની પાર્ટી દ્વારા આજે બોલાવવામાં આવેલી બેઠકમાં ત્રણ સાંસદો હાજર હતા. અમે જે સાંસદો હાજર નહોતા તેમને નોટિસ મોકલી છે. તેમના માટે સાત દિવસમાં જવાબ આપવો ફરજિયાત છે. પરંતુ હવે લડાઈ ત્રણ સ્તરે થશે - સંસદ, કોર્ટ અને શેરીઓ. આ લોકો અમારી મહેનતના બળ પર ચૂંટાયા અને બેશરમીથી બીજા પક્ષમાં જોડાયા. અમે આ ક્યારેય સ્વીકારીશું નહીં. હવે અમારું વિનાશ કરવાનું ઓપરેશન શરૂ થવાનું છે, એમ શિવસેનાના સાંસદ સંજય રાઉતે પોતાનો ગુસ્સો વ્યક્ત કરતા કહ્યું.

### રાજસ્થાનમાં ફૂટેલા સાંસદોને ૧૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા

પત્રકારો જેને વિભાજીત કહી રહ્યા છે, અમે તેને વિશ્વાસઘાત, અપ્રમાણિકતા, બદનામી કહીએ છીએ. આ બધા લોકોને પૈસાથી ખરીદવામાં આવ્યા છે. બે દિવસ પહેલા રાત્રે મેં ૧૫ કરોડનો આરોપ લગાવ્યો હતો. ફૂટેલા સાંસદોને હોટેલ લીલાથી રાજસ્થાન લઈ જવામાં આવ્યા છે. તેમની પાસે વૈચારિક લડાઈ છે, તો તેઓ કેમ છુપાઈ રહ્યા છે? મને ખબર છે કે તેમને રાજસ્થાન લઈ જવા માટે બીજા ૧૦ કરોડ આપવામાં આવ્યા હતા. એટલે કે તેઓ કુલ ૨૫ કરોડ સુધી પહોંચી ગયા છે, એમ રાઉતે કહ્યું હતું.

## બેસ્ટ કર્મચારીઓ હડતાળ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) કર્મચારીઓ ગુરુવાર મોડી રાતના ૧૨ વાગ્યાથી હડતાળ પર ઊતરી જવાની ચીમકી સામે બેસ્ટ પ્રશાસને તેમની સામે મેસ્મા લાગૂ કરવાની ચેતવણી આપી હતી. બેસ્ટ ઉપક્રમના ૧૨ વર્તમાન અને ભૂતપૂર્વ કામદાર સંગઠનોએ ભેગા મળીને બેસ્ટ સંયુક્ત કામગાર કૃતિ સમિતિની સ્થાપના કરી છે. સમિતિએ કામદારોની વિવિધ પડતર માંગણીઓ માટે સરકાર અને વહીવટીતંત્ર (જુઓ પાનું ૪) ▶▶

## તાત્કાલિક કાર્યવાહી નહીં?

પાર્ટી નેતૃત્વે એવો સંકેત આપ્યો છે કે વ્હીપનું પાલન ન કરવા બદલ ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના ૬ સાંસદો સામે કાર્યવાહી કરવામાં આવશે. સાંસદ અરવિંદ સાવંતના મતે, તાત્કાલિક કોઈ કાર્યવાહી નહીં થાય, પરંતુ તેમને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવશે અને ત્યારબાદ આગળની કાનૂની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. લોકસભા સ્પીકરને પણ આ અંગે જાણ કરવામાં આવશે, (જુઓ પાનું ૪) ▶▶

## 'આ' સાંસદ મુખ્ય ટાર્ગેટ

છ સાંસદોએ બળવો કર્યો હોવા છતાં ઉત્તર-પૂર્વ મુંબઈના સાંસદ સંજય દિના પાટિલ ઉદ્ધવ ઠાકરેના નિશાના પર આવનારા પહેલા સાંસદ છે. પાટિલના બળવાથી ઉત્તર-પૂર્વ મુંબઈમાં પાર્ટીના ગઢમાં તિરાડ પડી છે. પરિણામે ઠાકરે જૂથે શહેરમાં પોતાના ગઢને સુરક્ષિત રાખવા અને રાજકીય રીતે સંજય પાટિલને ઘેરવાની રણનીતિ ઘડી છે. સંજય દીના પાટિલના બળવા બાદ ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારે બપોરે બાર વાગ્યે ઉત્તર-પૂર્વ મુંબઈ મતવિસ્તારના મુખ્ય પદાધિકારીઓ અને પાર્ટી કાર્યકરોની તાત્કાલિક બેઠક બોલાવી છે જેથી ત્યાંની રાજકીય પરિસ્થિતિની સમીક્ષા કરી શકાય. પાટિલના પક્ષ છોડ્યા પછી ઉદ્ધવ ઠાકરે પોતે સ્થાનિક પદાધિકારીઓ અને પક્ષના કાર્યકરોની લાગણીઓને જાણવાનો ઇરાદો ધરાવે છે. સાંસદના રાજીનામા પછી પણ પાયાના કાર્યકરો અને મતદારો પક્ષ સાથે રહે તે સુનિશ્ચિત કરવા માટે એક રણનીતિ ઘડવામાં આવશે. અલગ થયેલા (જુઓ પાનું ૪) ▶▶

## જાતિ પ્રમાણપત્ર અમાન્ય ગણાતા ઉદ્ધવ જૂથના નગરસેવકનું પદ રદ

શિવસેના (ઠાકરે)ને એક પછી એક ઝટકા લાગી રહ્યા છે. છ સાંસદો ગુમાવ્યા બાદ હવે મુંબઈ મહાનગરપાલિકામાં શિવસેના (ઠાકરે)નું સંખ્યાબળ એકથી ઘટી ગયું છે. ડિસ્ટ્રિક્ટ કાસ્ટ સ્ક્રુટિની કમિટી દ્વારા જાતિ પ્રમાણપત્રને અમાન્ય જાહેર કરાતા નગરસેવક દીપક સાવંતે તેમની બેઠક ગુમાવી દીધી છે. મેયર રીતુ તાવડેએ ગુરુવારે પાલિકાની સામાન્ય સભામાં ઔપચારિક રીતે ગેરલાયક ઠેરવવાની જાહેરાત કરી હતી.

આ ઘટનાક્રમથી મુંબઈ મહાનગરપાલિકામાં શિવસેના (ઠાકરે) ના નગરસેવકોની સંખ્યા ૬૫ થી (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**